દાતાના વંશની હકીકત બોવાઈ છે, છતાં છેલ્લી બે હકીકતોથી આપણે જાણી શકીએ કે દદ્ર ૪ થો--ઉર્ફે પ્રશાન્તરાગ. ૨ જા[2]ના રાજ્યસમયમાં આ દાનપત્ર જાહેર થયું હતું અને દાતા દદ્ર ૪-પ્રશાન્તરાગ ૨ જાનો ભાઈ હતો. કારણ કે દદ્ર ૪ નાં બે બોડાનાં દાનપત્ર સં. ૩૮૦ અને ૩૮૫[3] માં અપાએલાં તેથી સં. ૩૯૧ની નવી તિથિમાંથી એમ માલુમ પડે છે કે " શ્રી દદ્ર" એવા લખાણથી તે જ પુરૂષ આંહિ ધારેલો હોવો જોઈએ. વળી રણગ્રહને વીતરાગનો પુત્ર અને દદ્રનો બન્ધુજન એમ બંને કહ્યો છે. અને પાછળનો (દદ્ર) જયભટ ૨ જો--એટલે વીતરાગ ૧ લાનો પુત્ર હતો; તેથી રણગ્રહ દદ્રનો ભાઈ કે વીતરાઈ ભાઈ (કાકાનો દીકરો ભાઈ) હોવો જોઈએ. એટલે આપણા દાનપત્રથી જણાય છે કે દદ્ર ૪ નું રાજ્ય સં. ૩૯૧ સુધી અથવા ગુર્જરો ઈ. સ. ૧૪૯ ના ચેદિ સંવતનો ઉપયોગ કરતા હતા તે પ્રમાણે ઈ. સ. ૬૪૦ સુધી બોછામાં બોછું ચાલ્યું જ હોવું જોઈએ.

---

૧ એ. ઈ. વો. ૨ પા. ૨૦ એચ. એચ. ધ્રુવ બી. એ. એલ એલ. બી. ૨ ઈ. એ. વો. ૧૭ પા. ૧૬૧
૩ ઈ. એ. વો. ૧૩ પા. ૮૧ જ. બો. એ. સો. વો. ૭ પા. ૬૭૮ જ. રો. એ. સો. ન્યુ. સી. વો. ૧ પા. ૨૪૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

अक्षरान्तर

१ ब्राह्मणादित्यशर्म्मायो उदकातिसर्गेणोच्छिष्टं[1] यतोस्यास्मद्वङ्शैरन्यैर्व्वामामिभोग-
पतिभि अय-[2]

२ मस्मादायोनुमन्तव्यं पालयितव्यश्च यो वाज्ञनतिभिरपटला [3]वितराच्छिन्द्यादा-
च्छिन्द्यमानं[4] वा-

३ नुमोदेत स पञ्चभिर्म्महापातकै[:]संयुक्त[:]स्यादित्युक्तञ्च भगवता वेदव्यासेन
व्यासेन षष्टिवरिष-

४ सहस्राणि[5] स्वर्गे[6] मोदति भूमिदों[7] आच्छेत्ता चानुमन्ता च तान्येव नरके वसे[8]
विन्ध्याटवीष्वतोयासु शुष्क-

५ कोटरवासिन[:][9]कृष्णाहयो हि जायन्ते भूमिदानापहारका[:]यानीह दत्तानि
पुरा नरेन्द्रैर्दानानि

६ धर्म्मार्थयशस्कराणि निर्भुक्तमाल्यप्रतिमानि तानि को नाम[10] साधु[:]पुनराद-
धीति स्वदत्तां[11] परदत्तां वा

७ यत्नाद्रक्ष युधिष्ठिर[12] मही[13] महिमतां[14] श्रेष्ठ दातातुच्छ्रेयोनुपालनमिति[15]

८ संवत्सरशतत्रये एकनवत्ये[16] वैशाखबहुलपञ्चदश्यां सं. ३९२ वैशाख व १५

९ दूतकोत्र भोगिकपालकटज्ञान[:]दिनकरकिरणाभ्यर्च्चनरतस्य स्वहस्तोयं श्रीवी-
तरागसूनो

१० रणग्रहस्य श्रीदण्डपादान्तर्ज्ञाति[17] लिखितंमिदं सन्धिविग्रहाधिकृत[18] मात्रिभटेन

पाठो १ शर्मणे २ णोत्सृष्टः ३ पतिभिरय ४ मस्मद्दायो ५ मन्तव्यः ६ व्रतमतिरा ७ दाच्छिद्यमानं ८ स्यादि ९ षष्टि वर्ष १० भूमिदः ११ वसेत १२ कृष्णा १३ नाम १४ दधीत १५ दत्तां १६ युधिष्ठिर १७ महीं १८ महीमतां १९ दानाच्छ्रेयो २० एकनवत्यां २१ ज्ञातेः २२ विग्रहाधिकृत.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નં. ૧૧૨—૧૧૩

દદ્ ૨ જો અથવા પ્રશાન્તરાગનાં બે દાનપત્રો[1]

(ચેદી) સંવત્ ૩૯૨ વૈશાખ સુદ ૧૫

દાનપત્રોનો આશય સૂર્ય બ્રાહ્મણને તેના યજ્ઞોના અર્થ માટે— સંગમખેટક વિષયમાં બે ખેતર, એક સુવર્ણારપલ્લિ (નં. ૧) અને એક ક્ષીરસર(નં. ૨)માં આપવાનો છે. આ લેખોમાંથી ભરૂચના ગુર્જરોના ઇતિહાસ માટે વસ્તુલાભ અલ્પમાત્ર છે. તેમની તિથિ (ચેદિ) સંવત ૩૯૨ વૈશાખ પૂર્ણિમા જણાવે છે કે દદ ૪. પ્રશાન્તરાગે ઈસ્વી સન ૬૪૧–૪૨ સુધી તો રાજ્ય કર્યું જ. અને મી. ધ્રુવની ધારણા પ્રમાણે (ચેદિ) સંવત ૩૯૧ નું સંખેડાનું દાનપત્ર[2] ખરેખર શ્રી દદના રાજ્યમાં આપાયું હતું. તેનો દાતા રણગ્રહ, શ્રી વીતરાગનો પુત્ર, જેને મી. ધ્રુવ બરી રીતે આપણા દદનો ભાઈ લેખે છે, તે તેના ગરાસ તરીકે કૈટલાંક ગામનો બહુધા માલિક હતો. વળી આ બે લેખો જણાવે છે કે ગુર્જરોનું રાજ્ય આનદેશ અને માલવાની સરહદ સુધી પ્રસરેલું હતું. જે નગરને પાછળ સંગમખેટક વિષય નામ અપાયું તે નગર નિઃસંશય હાલનું સંખેડા છે. શબ્દવ્યુત્પત્તિ પ્રમાણે સંગમખેટક એટલે બે નદીઓના સંગમ પરનું ગામ છે, અને ઉન્છ અને ઓર સંખેડા સમીપમાં મળે છે. સંગમખેટક વિષય કદાચ ગાયકવાડના તાબાનો સંખેડા પ્રાંત તથા હાલ પણ સંખેડા મેવાસ કહેવાતો રેવાકાંઠા એજન્સિનો નજીકનો ભાગ હોય. આ બે જીલ્લાના નામનું કંઈ અંશે મળતાપણું સૂચવે છે કે એક સમયે સંખેડા નામના રાજનગરવાળા એક મોટા પ્રાન્તમાં તેઓ હતા. આ જીલ્લાના ત્રિકોણમિતિ માપણીના નકશા મને મળે તેમ નથી, તેથી બે દાનપત્રમાં જણાવેલાં અટવીપાટક, કુકકુટવલ્લિકા, ક્ષીરસર અને સુવર્ણારપલ્લિ ગામોના અભિજ્ઞાન(ઓળખ)થી મારો ઉપલો મત પૂર્ણ સાબિત કરવા અશક્ત છું. પણ મારી પાસે ગુજરાતનો જૂનો નકશો છે તે સોકેરા(સંખેડા)ના અગ્નિકોણમાં કૂકેયલી (કુકેલી) ગામ, જેનું નામ કુકકુટવલ્લિ સાથે મળે છે તે બતાવે છે.

દાન લેનાર પુરૂષ બ્રાહ્મણ સૂર્ય, ક્ષીરસરમાં વસનાર, ભારદ્વાજ ગોત્રનો, શુક્લ યજુર્વેદના માધ્યન્દિન સબ્રહ્મચારી, દશપુર જે હાલનું પશ્ચિમ માલવાનું મન્દસોર છે ત્યાંથી આવેલો છે. દશપુરના ચતુર્વેદિઓનું મંડળ ધ્રુવસેન ૨ ના શક સંવત ૪૦૦ ના કૃત્રિમ[3] દાનપત્રમાં જણાવેલું છે અને દશપુરના બ્રાહ્મણ જ્ઞાતિના એક પુરૂષે મોકલ અને મેવાડના ચીતોડગઢ[4]ના લેખ રચ્યા છે. હાલમાં દશપુરીઆ બ્રાહ્મણો ગુજરાતમાં નજરે પડતા નથી.

દાનનો લેખક સાન્ધિવિગ્રહિક રેવ છે, જેને આપણે બેડાનાં દાનપત્રો પરથી જાણીએ છીએ અને દૂતકનું નામ, કર્કે દાનપત્ર નં. ૨ પંક્તિ ૨૭ માં નવું છે. તેનો ભોગિક પાલકનો ખિતાબ જે શબ્દાર્થ પ્રમાણે ભોગિકોનો પાલક અથવા જેનો સાંકેતિક અર્થ મને જાણીતો નથી તે સંવત ૩૯૧ ના સંખેડા દાનપત્રમાં પણ આવે છે, જ્યાં પ્રતિકૃતિમાં પંક્તિ ૯ માં મી. ધ્રુવ વાંચે છે તેમ ભોગિક–પાલકટુ–જ્ઞાન નહીં, પણ દૂતકોત્ર ભોગિક–પાલક–દુજ્જન છે.

૧ એ. ઈ. વો. ૫ પા. ૩૭–૪૧ જી. ધ્રુવ૬૨ ૨ એ ઇ. વો. ૨ પા. ૨૧ ૩ ઈ. એ. વો. ૧૦ પા. ૨૮૭ ૪ એ. ઈ. વો. ૨ પા. ૪૨૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

दानपत्र नं. १ अने नं. २ नुं अक्षरान्तर[1]

पतरुं पहेलुं

१ ओं[2] स्वस्ति नान्दीपुरात्सजलघनपटलनिर्गतरजानिकरकरावनोधितकुमुदधवलयशः-
२ प्रातानास्थगितनभोमण्डलोनेकसमरसंकटप्रमुखागतनिहतशत्रुसामन्तकुलवधूप्रभो-
३ तसमयरुदितच्छलोद्गीयमानविमलनिस्त्रिंशप्रतापो देवद्विजातिगुरुचरणकमलप्रणा-
४ मोद्वृष्टवज्रमणिकोटिरुचिरदीधितिविराजितमकुटोद्भासितशिराः दीनानाथातुराभ्यां
५ गतार्त्थिजनाक्लिष्टपरिपूरितविभवमनोरथोपचीयमानत्रिविष्टपैकसहायधर्म्मसं[3]-
६ चयः प्रणयपरिकुपितमानिवीजनप्रणामपूर्व्वमधुरवचनोपपादितप्रसादप्रकाशी-
७ कृतविदग्धनागरकस्वभावो विमलगुणकिरणपंजराक्षिप्तबहलकलितिमिरनिचयः
८ समधिगतपञ्चमहाशब्दश्रीदद्द×कुशली[4] सर्व्वानेव राजसामन्तभोगिकविषयपतिराष्ट्र-
९ ग्राममहत्तराधिकारिकादीन्समनुवर्ण्य बोधयत्यस्तु वो विदितमस्माभिः सङ्गमखेटकविषे[5]

दानपत्र नं. १	दानपत्र नं. २
१० यान्तर्गतसुवर्णारपल्लिग्रामे पूर्व्वसी-	यान्तर्गतक्षीरसरग्रामोपरदक्षिणसीम्नि[11] बृह-
११ [य]स्याघाटनानि पूर्व्वतः क्षीरस-	१० न्मानेन व्रीहिदशप्रस्थवापं क्षेत्रं
रग्रामसीमासन्धिः उत्तरतः कुक्कुटव	यस्य पूर्व्वतस्सन्धौ अङ्कोलवृक्षः उत्त-
ल्लिकाग्रामसीमासन्धिः	रतः शाकवृक्षः
१२ अपरतः ब्रह्मदेयक्षेत्रं वटवृक्षो[12] ।	११ वटवृक्षश्च[13] ॥ अपरतः खदिरबद-
तलाइका च । दक्षिणतः सुवर्णा	रिवृक्षौ[14] । दाक्षिणतः शल्मलीं[15] ।
रपल्लिग्रामगामी पन्थाः[16]	भूतवटश्चेवमेतच्चतु-
१३ अटवीपाटकग्रामसन्धिश्च । एवमेत-	१२ राघाटनविशुद्धं सशीवरं सोद्रङ्ग-
च्चतुराघाटनविशुद्धं क्षेत्रं सोद्रङ्ग	सर्व्वदित्यविष्टिप्रातिभेदिकापरिहीणं[17]
१४ सोपरिकरं सर्व्वादानसंग्राह्यं	

१ ઉ. હસ્તિ તરફથી મળેલ શાહીની છાપો ઉપરથી. २ ચિહ્નરૂપે દર્શાવેલ છે. ३ દાનપત્ર નં. २ માં પંક્તિ १ લી 'स्थगि' થી પૂરી થાય છે— નં. २ જ્યાં સંકટ છે.

४ દાનપત્ર નં. २ જ્યાં પંક્તિ २ જીનો અંત 'च्छली' થી થાય છે.
५ ,, ,, ३ ,, मणिका(को)थी थाय छे. नं.२ज्यां मुकुटो वांचो.
६ ,, ,, ४ 'पूरित' थी पूरी थाय छे.
७ ,, ,, ५ 'मानिनी' थी पूरी थाय छे.
८ ,, ,, ६ नो अंत 'विमल' थी थाय छे. नं. २ज्यां 'पञ्जरा' छे.
९ ,, ,, ७ नो अंत 'कुशली' थी थाय छे.

१० દાનપત્ર નં. २ માં 'राधिकाधिकादी'— नं. २ જ્યાં પંક્તિ ८ નો અંત 'न्समनुदर्शयत्यस्तु' થી થાય છે. ११ વાંચો ग्रामेपरदक्षिणसीम्नि. १२ આ અક્ષરનું વિરામ ચિહ્ન વિસર્ગ જેવું લાગે છે. १३ વાંચો वटवृक्षः १४ વાંચો वृक्षौ. १५ વાંચો पन्थाः १६ વાંચો शल्मलौ. १७ દાનપત્ર નં.२ જ્યાં પં.१२ विष्टिप्रा થી પૂરી થાય છે. ६

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

पतरूं बीजुं

१५ भूमिच्छिद्रन्यायेनाचाटभटप्रावेश्यमाचन्द्रार्क्कार्ण्णवक्षितिस्थितिसमकालीनं[1]

१६ पुत्रपौत्रान्वयभोग्यं दाशपुरविनिर्ग्गतक्षीरसरग्रामवास्तव्यभरद्वाजसगोत्रवाजिसं-

१७ नेयमाध्यन्दिनसब्रह्मचारिब्राह्मणसूर्य्याय बलिचरुवैश्वदेवाग्निहोत्रपञ्चमहायज्ञादिक्रि-

१८ योत्सर्प्पणार्त्थं मातापित्रोरात्मनश्च पुण्ययशोभिवृद्धयेच वैशाखशुद्धपञ्चदश्यामुद-
कातिसर्ग्गेणा-

१९ तिसृष्टं यतोस्याम्भद्रंश्यैरन्यैर्व्वागामिभोगपतिभिः प्रबलपवनप्रेरितोदधिजलतरङ्ग-
चञ्चलं-

२० जीवलोकमभावानुगतानसारान्विभावान्दीर्घकालस्थेयसश्च गुणानाकलय्य सामा-
न्यभोगभूप्र-

२१ दानफलेप्सुभिः शशिकररुचिरं यशश्चिराय चिचीषुभिरयमस्मद्दायोनुमन्तव्यः पाल-
यितव्यश्च ।

२२ यो वाज्ञानतिमिरपटलावृतमतिशच्छिन्द्यादाच्छिद्यमानकं वानुमोदेत स पञ्चभिर्म्म-
हापातकैः संयुक्तः

२३ स्यादित्युक्तञ्च भगवता वेदव्यासेन व्यासेन । षष्टिं वर्षसहस्राणि स्वर्गे तिष्ठति
भूमिदः [।] आच्छेत्ता चानुमं-

२४ न्ता च तान्येव नरके वसेत् ॥ वन्ध्याटवीष्वतोयासु शुष्ककोटरवासिनः [।]
कृष्णाहयो हि जायन्ते भमिदाय हरं-

२५ न्ति ये ॥ बहुभिर्व्वसुधा भुक्ता राजभिः सगरादिभिः [।] यस्य यस्य यदा भूमि-
स्तस्य तस्य तदा फलं ॥ यानीह तादं-

---

१ दानपत्र नं.२ ज्यां पं.१३ स्थितिस थी पूरी थाय छे. २ वांचो दशपुर नं. २ ज्यां व्यां ग्राम शब्द मूक्या देवामां आव्यो छे अने जेमां वास्तव्य ने अहले निवासि वांचि छे. नं. २ ज्यां पं. १४ अने पतरूं १लुं भरद्वाज थी पूरूं थाय छे. वांचो वाजसनेय. ३ नं.२ ज्यां वलीचरु.

नं. २ ज्यां पं. १५ वैश्वेदे ,, ,, होत्रहवनपञ्च. ४ नं. २ ज्यां पं. १६ वृद्धये थी पूरी थाय छे ,, व नथी अने वैशाखपौर्णमास्यामु० छे. ५ ,, ,, १७ भोगपति थी पूरी थाय छे. वांचो प्रेरितो अने तरंग नं. २ नी साथे. ६ ,, ,, १८ सारान्वीभवा थी पूरी थाय छे. ७ नं. २ ज्यां पं. १९ रुचिरं थी पूरी थाय छे. ८ ,, ,, २० पटला थी पूरी थाय छे.

,, वानमोदेत खोटी रीते छे ,, पातकै वांचो जेमां संयुक्तस्सा छे

९ ,, पं. २१ त्युक्त थी पूरी थाय छे. ,, श्यासेन अने भूमदः छे.

,, ,, २२ आच्छेत्ता थी पूरी थाय छे. १० ,, श्लोक ब (वि)न्ध्याटवीष्वित्यादि नथी

११ ,, राजभिस्स छे नं. २ ज्यां पं. २३ यस्य यस्य थी पूरी थाय छे. वांचो यानीह; दत्तानि नं. २ ज्यां.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

२६ नि पुरा नरेन्द्रैर्दानानि धर्म्मार्थयशस्कराणि [।] निर्भुक्तमाल्यप्रतिमानि तानि-
को नाम साधुः पुनराददीत ॥ स्वदं-

२७ त्तां परदत्तां वा यत्नाद्रक्ष युधिष्ठिर । महीं महिमतां श्रेष्ठ दानाच्छ्रेयोनुपालन-
मिति[२] [॥]

दानपत्र नं. १	दानपत्र नं. २
संवत्सरशतत्रये	संवत्सरशतत्रये द्विनवत्यधि-
२८ द्वि[न]वत्यधिके वैशाखशुद्धपञ्च-	२७ के वैशाखपौर्णमास्यां भोगिकपा-
दश्यां स्वमुखाज्ञयालिखितमिदं स-	लककर्कदूतकं लिखितं सान्धिविग्र-
न्धिविग्रहकरणाधिकृतरेवेण	हिकरेवेण स्वमुखाज्ञयेति
२९ सं ३०० ९० २ वैशाख शु	२८ सं ३०० ९० २ वैशाख शु
१० ५ दिनकरचरणार्चनरतस्य	१० ५ दिनकरचरणार्चनरतस्य
श्रीवीतरागसूनोः स्वहस्तोयं श्रीप्र-	श्रीवीतरागसूनोः स्वहस्तोयं श्रीप्रशा-
शान्तरागस्य [॥]	२९ न्तरागस्य ॥

१ पं. २ जमां पं. २४ यशस्कराणिथी पूरी थाय छे—नं. २ जमां निर्भुक्त छे. २ नं. २ जमां पं. २५ यत्नाद्र थी पूरी थाय छे.—नं. २ मां महिं छे.—वांचे। महीमतां—नं. २ जमां पालनं ॥ इति छे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નં૦ ૧૧૪

દદ્ર ૨ જાનાં ઉમેટાંનાં તામ્રપત્રો[1]

(શક) સંવત ૪૦૦ વૈશાખ સુદ ૧૫

નીચે આપેલું ભરૂચના દદ્ર ૨ જાનું દાનપત્ર ૧૮૭૫ માં બોરસૂદના રેવ. જેમ્સ ટેલરને ઉમેટા(બેડા જીલ્લા)માં એક વાણિઆના ઘરમાંથી મળ્યું હતું. પ્રથમ મી. ટેલરે મને પતરાંઓની છાપ આપી, અને થોડા વખત પછી તેના માલિકને થોડા દિવસ સારૂ અસલ આપવા માટે (બહુ મુશ્કેલીથી) સમજાવ્યો. તે વખતમાં મેં એક " હાફ-સાઈઝ " ફોટોગ્રાફ લેવરાવી લીધો. તે ફોટોગ્રાફ પતરાં સારી સ્થિતિમાં હોવાથી બહુ સ્પષ્ટ આવ્યો. આ સાથે જોડેલો ફોટોઝિંકોગ્રાફ એ ફોટોગ્રાફની નકલ ઉપરથી તૈયાર કર્યો છે.

પતરાંઓનું માપ ૧૨ ઇંચ × ૧૩½ ઇંચનું છે. ડાબી બાજુનું કડું તેના ઉપરની મુદ્રા સહિત તેની યોગ્ય જગ્યાએ જ કાયમ છે. મુદ્રા ઉપર ટો. બનેનાં બેડાનાં પતરાંના " श्रीसामन्तदद्रः "ના જેવો લેખ છે. પણ મુદ્રા ઉપરના અક્ષરો એટલા બધા કટાઈ ગયા છે કે પહેલાંના દાનપત્રોની મદદ સિવાય તે સમજવા મુશ્કેલ પડશે. પતરાં અને મુદ્રા બન્ને બહુ ભારે છે. પતરાંઓ ઉપર કાટ લાગ્યો નથી. તે સંભાળપૂર્વક રાખ્યાં છે અને કદાચ આમલીના પાણીમાં સાફ કર્યો હશે. પહેલા પતરાની છેલ્લી પંક્તિ, અને બીજાની છેલ્લી પંક્તિના શરૂઆતના અક્ષરો સિવાયના બધા અક્ષરો મોટા અને ઊંડા કોતરેલા છે. કારણકે બીજા પતરાની છેલ્લી પંક્તિમાં माघव શબ્દના છેલ્લા અક્ષરના લીટાઓ એક બીજામાં ભળી જાય છે અને એ નામ ફોટોગ્રાફમાં પણ ચોખ્ખું ઓળખાતું નથી.

દાનપત્ર પોતે પ્રોફેસર ભાંડારકરે જ. બો. બ્રે. રો. એ. સો. વો. ૧૦ પા. ૧૬માં પ્રસિદ્ધ કરેલાં દદ્ર ૨ જાએ આપેલાં ઈલાઓનાં દાનપત્રને અક્ષર અને શબ્દરચનામાં બહુ મળતું આવે છે. તે બન્નેની તારીખની નિકટતા—શક સં. ૪૦૦ અને ૪૧૭—ઉપરથી માની શકાય છે તે મુજબ તે બન્ને એક જ આદર્શની નકલો છે. ઈલાઓનાં પતરાં સંબંધની પ્રો. ભાંડારકરની બધી ટીકા ઉમેટાનાં દાનપત્રોને પણ લાગુ પડે છે.

વંશાવલીમાં કંઈ નવી હકીકત આપી નથી. તેમાં ગુર્જરવંશના પ્રખ્યાત ત્રણ રાજાઓના નામ આપ્યાં છે, તેઃ—દદ્ર અથવા દદ્ર ૧ લો., જયભટ તેનું ઉપનામ વીતરાગ, અને દદ્ર ૨, તેનું ઉપનામ પ્રશાંતરાગ. આ નામો પ્રો. ભાંડારકરે પ્રથમથી ખરાં જ આપ્યાં હતાં. જયભટે કાવી દાનપત્રમાં વલભી સાથેની જે લડાઈ વિષે કહેલું છે તેનું સૂચન મારા મત પ્રમાણે, पयोनिधीकृतोभयतटवनलेखविहृतनिरंकुशदानप्रवाहप्रवृत्तदिग्दंतिगुणसमूहः એ વિશેષણમાં કર્યું છે. પરંતુ તે એટલું ઘાટું છે કે કાવીનાં પતરાંની મદદ સિવાય તેમાં કંઇ જાણી શકાતું નથી. अधिकगुरुस्नेहसंपत्कविमलदिशोद्भासितजीवलोकः " જે ધર્મગુરૂ પ્રત્યે અધિક સ્નેહસંપન્ન છે અને જે આ જીવલોકને પોતાના ઉજ્જવળ દાખલાથી શોભાયમાન કરે છે,"—આ વિશેષણનો મેં કરેલો અર્થ ખાસ કરીને આગળ પાછળનાં વાક્યો સાથે લઈએ તો એવું અનુમાન થઈ શકે છે કે, દદ્ર ૨ જો ખાસ કરીને ધર્મિષ્ઠ રાજા અને કંઈક ધાર્મિક સુધારક હશે. પરંતુ આ દિશામાં તેણે શું કર્યું હતું તે કહેવું અશક્ય છે. કારણ કે તે કઈ જ્ઞાતિનો હતો, એ પણ ચોકકસ જણાતું નથી. ગુર્જરનાં પતરાંના નાંદીપુરી ની ચોકકસ જગ્યા જણાયાથી આ રાજાઓની રાજધાનીના શહેરની ચોકકસ સ્થળસીમા જાણી

૧ ઈ. એ. વો. ૭ પા. ૬૧–૬૩ જી. બ્યુલ્હર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શકાય છે, એ વધારે સંતોષકારક છે, પ્રોફેસર ભાંડારકર કહે છે કે " ગુર્જર વંશનું રાજધાનીનું સ્થળ ભરોચ હતું," અને વધારામાં કહે છે કે શહેર તથા તેની આસપાસના પ્રદેશનું નામ પણ એ જ હતું.

આમાં પહેલી હકીકત સાવ સાચી અને બીજી લગભગ સાચી છે. તે શહેર તથા પ્રદેશનું આ નામ પ્રાચીન કાળથી ચાલુ છે એ નિઃસંશય છે. પરંતુ ગુર્જર રાજાઓ આ શહેરમાં રહેતા નહોતા. તેઓ દરવાજા બહાર પાસેના જ એક કિલ્લામાં રહેતા હતા. દદ્દ ૨ જાનાં બેડાનાં બન્ને દાનપત્રોમાં તારીખ" नांदीपुरीतः" 'નાંદીપુરીમાંથી' નાંખેલી છે. આ વાકય અને વલભીનાં ઘણાં દાનપત્રોમાં આવતાં "वलभीतः" 'વલભીમાંથી' એ વાકયની સામ્યતા ઉપરથી મેં અનુમાન કર્યું છે કે આ ગુર્જરની રાજધાનીના શહેરનું નામ હોવું જોઈએઃ આ નામવાળા એક જૂના સ્થળ વિષે મારી તપાસ ઘણા વખત સુધી નિષ્ફળ રહી. છેવટે ભરૂચના ડેપ્યુટી એજ્યુકેશનલ ઈન્સ્પેકટર રાવસાહેબ ગોપાલજી જી. દેસાઈએ ભરૂચના બ્રાહ્મણો પાસેથી જાણ્યું કે, ભરૂચની પૂર્વ દિશામાં જંબુસરના દરવાજા બહાર નજીકમાં આ નામવાળો એક જૂનો કિલ્લો હતો. આ હકીકત, જેને "રેવામાહાત્મ્ય"માંથી પણ ટેકો મળે છે તેને ઇલાઓ અને ઉમેટાનાં પતરાંઓમાંથી દદ્દના રહેઠાણ વિષે મળેલી હકીકત સંપૂર્ણ રીતે મળતી આવે છે.

બન્નેની શરૂઆત "ओं स्वस्ति विजयविक्षेपात् भरुकच्छप्रद्वारनासकात्" એ શબ્દોથી થાય છે. नासकात्, જેનો કંઈ પણ અર્થ નથી, તેને બદલે वासकात् વાંચવું જોઈએ એમાં શંકા નથી. જે લખાણ ઉપરથી અ. લેખ કોતરનારે નકલ કરી હતી, તે કદાચ આખો ચાલુ હસ્તાક્ષરોની લિપિમાં લખેલો હશે. આ અક્ષરો તેણે સહિમાં સાચવ્યા છે. આમાંથી વનો આકાર જે स्वहस्तो અને वितरागમાં તથા રાઠોડનાં દાનપત્રોમાં આવે છે એવો હતો, એ ચોકકસ છે. એટલે તેણે वा બદલે ना વાંચ્યું અને લખ્યું. પરંતુ આ અનુમાન સિવાય પણ વલભીના પતરાંઓમાં આવતાં जयस्कंधावारात् खुरडवेदीयवासकात् અથવા मद्रोपात्तवासकात् જેવાં વાકયો ઉપરથી ઉપરનો સુધારો યોગ્ય લાગે છે. બરા વાકયનો અર્થ " ઓં સ્વસ્તિ ! વિજયી છાવણી જે ભરૂચના દ્વાર પાસે રહે છે. એટલે નાંખેલી છે તેમાંથી" એવો જ થઈ શકે છે. આ અર્થ જંબુસરના દરવાજા બહાર નાંદીપુરીના કિલ્લા સાથે બરોબર બંધબેસતો આવે છે. એટલે ગુર્જર રાજ્યનું રાજધાનીનું સ્થળ ભરૂચમાં નહીં પણ તેના પૂર્વ તરફના દરવાજાની નજીકમાં જ હતું, એમ ચોકકસ માની શકાય. વધારામાં હું કહું કે હિંદુ રાજાઓના મહેલો તેઓના રાજ્યનાં મુખ્ય શહેરોના દરવાજા બહાર નજીકમાં જ હોય છે. આનો બાસ દાખલો બીકાનેરના રાજાનો મહેલ છે. તે શહેરથી તદ્દન જૂદો, ઈશાન કોણમાં કેટલાક વાર દૂર છે.

દાનપત્રની તારીખ, શક સંવત ૪૦૦ ના વૈશાખની પૂર્ણિમા અથવા શુદ ૧૫, કંઈ નવીન જણાવતી નથી, કારણ કે ઇલાઓનાં દાનપત્ર ઉપરથી આપણે જાણીએ છીએ કે દદ્દ ૨ જાએ શક સંવત ૪૧૭ સુધી તો રાજ્ય કર્યું હતું. પ્રોફેસર ભાંડારકરે પહેલી વાર બતાવ્યું છે તેમ, આ શક સંવત ઈ. સ. ૭૮-૯ માં શરૂ થતા સન છે અને ઉમેટાનું પતરું બરોબર ૧૪૦૦ વર્ષ જૂનું છે, એ વિષે મને જરા પણ શંકા નથી.

દાન લેનાર ભટ્ટ મહીધરનો પુત્ર, કાન્યકુબ્જ અથવા કનોજનો રહીશ, એક બહ્વૃચ એટલે ઋગ્વેદી ભટ્ટ માધવ હતો. તે ચારે વેદ જાણતો હતો. એક અગ્નિહોત્ર તથા બીજી યજ્ઞક્રિયાઓ માટે ખર્ચ કરવા માટે નિગુડ ગ્રામ તેને આપ્યું હતું. મધ્ય અને ઉત્તર ગુજરાતમાં ઘણી તપાસ કરવા છતાં અત્યાર સુધી 'ભુક્તિ' અને દાનપત્રમાં બતાવેલાં બીજાં સ્થળો ઓળખી શકાયાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નથી એ શોચનીય છે. હું માનું છું કે, તે ગાયકવાડી પ્રદેશમાં આવ્યાં હતા. દાનપત્રના લેખક અધિકારી માધવ ભટ્ટનું નામ કંઈક ઉપયોગી છે. કારણ કે, ઇલાઓનાં દાનપત્રોના લેખક માધવના પુત્ર રેવ હતો. આપણાં પતરાંમાં માધવનું નામ આવે છે એ તેનાં અરાપણાની મજબૂત સાબીતી છે.

છેવટે જયભટનાં કાવીનાં પતરાં ઉપરના લેખ ઉપરની નોંધમાં મેં જે કહ્યું છે તે ફરીથી આંહિ કહીશ, કેઃ– ઉમેટાનું શાસન બહુ ઉપયોગી છે, કારણ કે, ધરસેનનું રાજાનું કહેવાતું વલભીનું બનાવી કાઢેલું એક દાનપત્ર આ મૂળ ઉપરથી કર્યું છે. આ બનાવટી દાનપત્ર બોંબે બ્રંચ રોયલ એશિયાટિક સોસાયટીની માલિકીનું છે. અને તેની પહેલી નોંધ ડા. ભાઉ દાજીએ લીધી હતી. હું ફક્ત એક વાર થોડી મિનિટ માટે તે મેળવી શકયો છું. પરંતુ પહેલી જ નજરે મને ખાત્રી થઈ કે તે ઉમેટાના દાનપત્રની બરોબર નકલ હતી અને રાજાઓનાં નામો સિવાય તેમાં કંઈ પણ ફેરફાર કર્યો જણાતો નહોતો. લિપિ પણ વલભી નહીં, પણ ગુર્જર છે. આ બનાવટી દાનપત્ર કહાય પ્રાચીન હશે, એટલે વલભીનાં પતરાંઓનાં સનની શરૂવાતની તારીખ નકકી કરવામાં તે ઉપયોગી થાય. કારણ કે, બનાવી કાઢનારે એવા રાજાનું નામ પસંદ કર્યું હતું કે જેનો સમય બરા દાતાના સમયથી બહુ દૂર ન હોય, એવું માની શકાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

अक्षरान्तर

पतरूं पहेलुं

१ ओं स्वस्ति विजयविक्षेपात् भरुकच्छप्रद्वारावसकत् सकलघनपटलाविनिर्गतरजं-
२ निकरकरावबोधितकुमुदधवलयशप्रतापस्थगितनभोमंडलोनेकसमरसंकटप्रभु-
३ खगतनिहतशत्रुसमतकुलावधुप्रभातश्रमयरुदितफलोद्गीयमानविमलनिस्तृंशप्रतापोदे
४ वद्विजातिगुरुचरणकमलप्रणमोद्घृष्टवज्रामणिकोटिरुचिरादिधितिविराजितमकुटो-
५ द्भासितशिराः दिनानाथातुरभ्यागतार्थिजनस्लिष्टपरिपूरितविभवमनोरथोपची-
यमानतृ-
६ विष्टपैकसहायधर्म्मसंचयः प्रणयपरिकुपितमानिनीजनप्रणामपुर्व्वमधुरावचनोपपा-
७ दितप्रसादप्रकाशिकृतविदग्धनगरकस्वभावो विमलगुणपंजरक्षिप्तबहलंकलितिमि-
रनिचय श्री-
८ मद्दद्दस्य सूनु समदप्रतिद्वंद्विगजगटाभेदिनिस्तृंशविक्रमप्रकटितमृगपतिकि-
सोरविर्य-
९ वलेपः पयोनिधीकृतउभयतटप्ररुढधनलेववृहतनिरंकुशदानप्रवाहप्रवृतदिद्व-
१० न्तिविभ्रमगुणसमुहः स्फटिककर्पुरपिण्डपण्डुरयशश्चन्दनचर्चिताङ्गसमुन्नतगगन-
लक्ष्मीप-
११ योधरोसंगः श्रीजयभट्टस्तस्यत्मज प्रतिहतसकलजगद्व्यापिदोषाधिकारावधिर्भिमतसं-
१२ ततातमोवृत्तिरधिकगुरुस्नेहसंपत्कविमलदिशोद्भासितजिवलोकः परमबोधसमनुगतो
१३ विपुलगुर्ज्जरनृपान्मयप्रदीपतोमुपगतः समधिगतपंचमहाशब्दमहाराजाधिराजश्री-
मद्दद्दः
१४ कुशलीसर्व्वानेव राष्ट्रपतिविषयपतिग्रामकुटायुक्तकानियुक्तकाधिकमहत्तरादीन्समा-
ज्ञपयैति
१५ अस्तु वो विदितं यथा मय मातापित्रोरात्मनश्चैवामुष्मिकपुन्ययशोभिवृद्धये-
कान्यकुब्जवा-
१६ स्तव्यतचतुर्विद्यसमान्यवशिष्ठसगोत्रबह्वृचसब्रह्मचारिभट्टमहिधरस्तस्य सुनु भट्ट-
मधव

पं. १ वांचो ओं; वासक्कात. व चालु ह्रस्वाक्षरोमां छे. पं. २ वांचो यशः प्र. पं. ३ वांचो प्रमुखा; सामंतकुल-वधू – – समय; निस्त्रिंश. पं. ४ वांचो प्रमाणो; वज्र; रुचिरदीधि; मुकुटो. पं. ५ वांचो दीना; तुराभ्याग; क्लिष्ट; त्रिविष्टपै. पं. ६ वांचो पूर्वमधुरवचनो. पं. ७ वांचो प्रकाशीकृत; नागरक; निचयः. पं. ८ वांचो सूनुः; घटा; निस्त्रिंश; किशोरवीर्य्या. पं. ९ वांचो कृतोभय; प्रहढ; वनलेख प्रो. भांऽा२५२ना सुधारा प्रमाणे; प्रवृत्त ७५२ प्रमाणे. पं. १० वांचो समूहः कर्पूर; पाण्डुर. पं. ११ रोत्संगः; जयभट; स्यात्मजः. विजृम्भित. पं. १२ वांचो तत; वृत्तिर, (प्रो. भांऽा२५२ना सुधारा प्रमाणे) जीव. पं. १३ वांचो नृपान्वयप्रदीपतामु. पं. १४ वांचो ग्रामकूटायुक्तकनियु ऽा२७ के अयुक्त अने नियुक्त दानपत्रोमां वारंवार साथे ज जणावेला छे. समाज्ञापयति. पं. १५ वांचो मया; पुण्य. पं.१६ वांचो तच्चातुर्विद्यसामान्य;– वसिष्ठ;— महीधरसूनुभट्टमाधवाय.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

पतरूं बीजुं

१ वलिचरूवैश्वदेवाग्निहोत्रपञ्चमहायज्ञदिक्कृयोत्सर्पणार्थं कमणीयशोडशतं

२ भुक्त्यन्तः पातिनिगुडग्रामोस्यघटस्थनानि पुर्वस्यं दिशि वघौरिग्रामः दक्षि-णस्यां दिशि

३ फलहवट्टग्रामः प्रतिच्यां दिशि विद्दाणग्रामः उत्तरस्यां दिशि दहिथलिग्रामः एवमयं स्वचतुराघट-

४ नविशुद्धो ग्रामः सोद्दङ्गसपरिकर सधान्यहिरन्यादोय सोत्पद्यमानविष्टिक समस्त-राजकियानमप्रवेश्य

५ अचन्द्रार्कर्ण्णवक्षितिसरित्पर्वतसमकालिन पुत्रपौत्रान्वयक्रमोपभोग्य पुर्वप्रत्तदेव-ब्रह्मदायव-

६ र्ज्जमभ्यान्तरसिद्धयशकनृपकालातीतसंवत्सरशतचतुष्टये वैशाखपौर्ण्णमास्यां उद-कातिसर्गेणप्रतिपा-

७ दितं यतोस्योचितय ब्रह्मदायस्थित्या कृषतः कर्षयतो भुंजतो भोजयतः प्रतिदि-शतो वा न व्यासेध

८ प्रवर्तितव्य तथागामिभिरपि नृपतिभिरस्मद्वंश्यैरन्यैर्वा सामान्यभूमिदानफलमवेत्य विन्दृल्लोलान्य-

९ नित्यान्यैश्वर्याणि तृणग्रलग्नजलविन्दुचञ्चलञ्चजीवितमाकलय्य स्वदायनिर्विशेषोय-मस्मद्दायोनुमन्तव्यः पा-

१० लयितव्यश्च तथा चोक्तं बहुभिर्वसुधा भुक्ता राजभिः सगरादिभिः यस्य यस्य यदा भूमितस्य तस्य तदा फलं

११ यश्चाज्ञानतिमिरवृतमतिराच्छीद्यादाच्छिद्यमानमनुमोदेत वा स पञ्चभिर्म्महापातकै-श्चरुपपातकैश्च

१२ संयुक्तः स्यदिति उक्तं च भगवता वेदव्याशेन व्याशेन षष्टि वर्षसहस्राणि स्वर्गे-तिष्ठति भूमिदः आच्छे-

१३ त्ता चानुमन्ता च तान्येव नरेक वसेत् यानीह दत्तानि पुरातनानि दानानि धर्म्मार्थयशस्कराणि

१४ निर्भुक्तमाल्यप्रतिमानि तानि को नाम साधुः पुनरादादीत स्वदत्तां परदत्तां वा-यत्नद्रक्ष नराधि-

१५ पः महीं महीमतां श्रेष्ठ दानाच्छ्रेयोनुपालनं लिखितं श्रीतत्पदानुजीविश्रीचला-धिकृतगिलकमू-

१६ निुना माधवभट्टेन स्वहस्तोयं मम श्रीवितरागशूनो श्रीप्रसंतरागस्य

पं. १ वांचो बली; यज्ञादिक्रियो; ऽदाय षोडशत. पं. २ वांचो स्याघाटस्थानानि; पूर्वस्यां. पं. ३ वांचो प्रतीच्यां. संभवित विद्दाणग्रामः वांचो उत्तरस्यां; राधाटन. पं. ४ सोद्दङ्गः; सोपरिकरः सधान्यहिरण्यादेयः विष्टिकः कीयानाम. पं. ५ वांचो आनन्द्रार्कार्ण्णव; कालीनः. भोग्यः; पूर्वः पं. ६ वांचो आभ्यन्तरसिद्धया; संवत्सर. पं. ७ वांचो दितः; तया. पं. ८ वांचो प्रवर्त्तितव्यः सामान्यं. पं. ९ वांचो तृणाग्र; चञ्चल अने श्रीन्न शब्दोमां च ने अहलें बीजुं ज चिह्न 'ण'ने मळतुं आ तथा ऊनाओनां पतरांमां आवे छे. वांचो यमस्मद्दा पं.११ वांचो राच्छिद्या महापातकैश्च मांथी श्च ऊडाडी नांखो. पं.१२ वांचो स्यादिति; व्यासेन षष्टिं. पं.१४ वांचो यत्नाद्र. पं. १५ वांचो नराधिप; लिखितंचै. पं.१६ वांचो नुना; प्रतिकृति तथा ओरोमां माधव ने अहलें मल छे. देखाय छे. श्रीवीतरागसूनोः श्रीप्रशान्त.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાષાન્તર

ૐ સ્વસ્તિ ! ભરૂકચ્છના દ્વાર સમીપ નાંખેલા, વિજયી નિવાસસ્થાનમાંથી, સકલઘનપટલ-માંથી બહાર આવેલા રજનીકરનાં કિરણોથી વિકસતાં કુમુદસમ ઉજ્જવળ યશના પ્રતાપવાળો, અનેક યુદ્ધમાં તેની વિમુખ આવી સંહાર થએલા શત્રુસામન્તોની પત્નીઓના પ્રભાતમાં રૂદનથી જેની ઉજ્જવળ અસિનો પ્રતાપ નિત્ય મોટેથી ગાજતો; દેવો, દ્વિજો અને ગુરૂના ચરણકમળને નમન કર્યાથી ઉદ્ઘૃષ્ટ, દ્યુતિવાળાં કિરણોવાળા કોટી વજ્રમણિથી પ્રકાશતો મુગટ જેના શિરપર રાજતો હતો : સ્વર્ગમાં એકલા મિત્રસમાન જેનો (પુણ્ય) સંચય દીન, અનાથ, આતુર આજીર), અભ્યર્થિ, ભિક્ષુક અને દુઃખી જનોના વિભવ મનોરથ ઉદારતાથી પૂર્ણ કરવાથી નિત્ય વૃદ્ધિ પામતો, મદભરેલી માનિની જનોના, પ્રણામ અને મધુર વચનોથી પ્રણયકલહ શમાવવામાં નય અને વિવેક પ્રકાશિત કરતો અને જેણે કલિયુગનું ઘન તિમિર ઉજ્જવળ ગુણોના પિંજરમાં નાંખ્યું હતું તે શ્રી દદ હતો.

હુમલો કરતા અનેક મદવાળા માતંગોને નિર્ભય વિક્રમથી સંહારતા સિંહ માફક મદથી મત્ત થએલા શત્રુગજોના ગણનો સંહાર, તેની અસિના વિક્રમથી કર્યો હોવાથી યુવાનાસિંહ સમાન મદભરેલા પ્રતાપવાળો તેને શ્રી જયભટ નામે પુત્ર હતો. તે, (પશ્ચિમ અને પૂર્વ સાગરના) બન્ને કિનારા પર ઉગતાં વનોમાં ભ્રમણ કરતા ગજો માફક (ખંભાતના અખાત)ના બન્ને કિનારે ઉગતાં વનોમાં ગમન (ચઢાઈ) કરી અને ગજો નિરંતર અતિ મદ ઝરે છે તેમ નિરંકુશ દાનપ્રવાહને લીધે તે દિગ્ગજોના વિભ્રમ ગુણસમૂહસંપન્ન હતો. કર્પૂરના કણ અથવા કટકા જેવા ઉજ્જવળ યશના ચંદનલેપથી પોતાનું જ અંગ અને લક્ષ્મી(શ્રી)નાં સમુન્નત પયોધર (ઉંચે ચઢતાં વાદળાં)વાળા ગગન સમાન હતા તે વ્યાપી (ઢાંકી) દીધા.

તેનો પુત્ર, જેણે દુષ્કૃત્યોના પ્રતાપથી ઘટ થએલું અને અખિલ જગમાં પ્રસરેલું ઘન તિમિર દૂર કર્યું હતું, જે ધર્મગુરૂ માટે અધિક સ્નેહસંપન્ન છે, અને જેણે પોતાના શુદ્ધ બોધથી જીવલોકને પ્રકાશિત કર્યો છે, જે મહાન ગુર્જર વંશને પ્રકાશનાર થયો છે અને જેણે પંચમહાંશબ્દ પ્રાપ્ત કર્યા છે તે મહારાજાધિરાજ શ્રી દદ હતો.

તે સર્વ કુશળ હાલતમાં, સમસ્તં રાષ્ટ્રપતિ, વિષયપતિ, ગ્રામકૂટ, આયુક્તાઠ, નિયુક્તાઠ, આધિકારિક, મહત્તર, આદિને શાસન કરે છેઃ—

તમને જાહેર થાઓ કે મેં મારાં માતાપિતા અને મારા, આ લોક તેમ જ પરલોકમાં, પુણ્ય-યશની વૃદ્ધિ માટે, કાન્યકુબ્જમાં વસતા, ચતુર્વેદિ મધ્યેના, વિશિષ્ટ ગોત્રના, બહ્વૃચ સબ્રહ્મચારિ, ભટ્ટ મહીધરના પુત્ર, ભટ્ટ માધવને, બલિ, ચરૂ, વૈશ્વદેવ, અગ્નિહોત્ર અને પંચમહાયજ્ઞ આદિ વિધિ અનુષ્ઠાન માટે કમણીયશોહશત ભુક્તિમાં આવેલું નિગુડ ગામ જેની સીમાઃ—પૂર્વે—વધૌરિગ્રામ, દક્ષિણે—કૂલહવદ્રગામઃ પશ્ચિમે—વિહાણુગામ, અને ઉત્તરે—હલ્લિથલિગામઃ આ સીમાવાળું આ ગામ ઉદ્રંગ તથા ઉપરિ કર સહિત, અન્ન અને સુવર્ણમાં આવક સહિત, વેઠના હક્ક સહિત, પૂર્વે કહેલાં દેવો અને દ્વિજોનાં દાન વર્જ કરી, રાજપુરૂષોના પ્રવેશ મુક્ત ચંદ્ર, સુરજ, સાગર, પૃથ્વી, નદીઓ, અને પર્વતોના અસ્તિત્વ કાળ સુધી પુત્રો, પૌત્રો, અને વંશજોના ઉપભોગ માટે શક સંવત ૪૦૦ વૈશાખ પૂર્ણિમાને દિને, પાણીના અર્ઘથી દાનને અનુમતિ આપી ભક્તિથી આપ્યું છે. આથી તે બ્રહ્મદાયના નિયમ અનુસાર (આ ગામની જમીનની) ખેતી કરે, કે ખેતી કરાવે, ઉપભોગ કરે અથવા અન્યથી ઉપભોગ કરાવે અથવા અન્યને સોંપે ત્યારે કોઈએ તેને પ્રતિબંધ કરવો નહિ ... ... અને આ સેનાપતિ શ્રી ગિલકના પુત્ર, (નૃપના) પદાનુજીવિન ભટ્ટ માધવથી લખાયું છે. આ મારા શ્રીમદ્ વીતરાગના પુત્ર શ્રી પ્રશાન્તરાગના સ્વહસ્ત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નં૦ ૧૧૫

દદ્ ૨ જા અથવા પ્રશાન્તરાગનાં બગુમ્રાથી મળી આવેલાં તામ્રપત્રો

(શક) સંવત ૪૧૫ જ્યેષ્ઠ વદિ ૧૫

નીચે આપેલો લેખ બે તામ્રપત્રો ઉપર કોતરેલો છે. આ પતરાં થોડાં વર્ષો ઉપર વડોદરા સ્ટેટના નવસારી પ્રાંતના પલસાણા તાલુકાના બગુમ્રા ગામમાંથી મળ્યાં હતાં. તે તથા ઈ. એ વો. ૧૨ પા. ૧૭૯–૧૯૦માં અને વો. ૧૩ પા. ૬૫–૬૯માં પ્રસિદ્ધ થયેલાં બીજાં પતરાંઓ મને તથા ડૉ. ઈ. હુલ્ત્યને રાવ. સાહેબ મોહનલાલ. આર. ઝવેરી મારફત મળ્યાં હતાં. આની શોધની હકીકત પ્રથમ લેખાણમાં આપી છે.

પતરાંઓનું માપ આશરે ૧૦½"×૭" છે. અને જાડાં ⅛" છે. વજનદાર કડીઓ સુરક્ષિત સ્થિતિમાં તેની મૂળ જગ્યાએ જ છે. જમણી બાજુની કડીને મુદ્રા લગાડેલી છે. બે જ રાજાનાં પ્રસિદ્ધ થયેલાં ઉમેટા અને ઇલાવનાં પતરાંઓની માફક તેના ઉપર "શ્રી દદ" લેખ અને એક ચોરસ ચિહ્ન છે, જે સમજાતું નથી. કોતરકામ સારૂં છે. અક્ષરો ઊંડા કોતરેલા અને સ્પષ્ટ છે. ફક્ત થોડા ને જ બહુ નુકશાન થયું છે, અગર કાટથી નાશ પામ્યા છે. લિપિ બીજાં બે દાનપત્રોની લિપિને બહુ જ મળતી આવે છે. 'वासकात्' (પં. ૧) શબ્દમાં व નું ઉતાવળથી લખેલું રૂપ લગ્યું છે, તે 'न' જેવું લાગે છે. રાજાની સહિ પ્રાચીન નાગરી અક્ષરોમાં લખેલી છે. આ અક્ષરો ઉમેટાનાં દાનપત્રમાં પણ છે. જોડણી અને વ્યાકરણ બીજાં બે દાનપત્રો જેટલાં જ ખરાબ છે. આનો પહેલો ભાગ તે દાનપત્રો સાથે અક્ષરશઃ મળતો આવે છે.

આ નવા દાનપત્રની હકીકત આ પ્રમાણે છેઃ. મહારાજાધિરાજ શ્રી દદ ૨ જો, જેણે પંચ "महाशब्दो" મેળવ્યા હતા, જે શ્રીજયભટનો પુત્ર અને શ્રી દદ ૧ લાનો પૌત્ર હતો, તેણે એક બ્રાહ્મણને તથ—ઉમ્બરા નામનું ગામ શકે ૪૧૫ ના જ્યેષ્ઠ શુદ્ધ અમાસને દિવસે થયેલાં સૂર્યગ્રહણ વખતે તે દિવસે દાનમાં આપ્યું છે. આ ગામ તથ—ઉમ્બરાના આહારાદ્વલિશ અથવા પ્રાંતમાં આવ્યું છે. તેની સીમાઃ—પૂર્વે ઉષિલઠણ ગામ, દક્ષિણે ઈંધિ, પશ્ચિમે સાંક્રિય, અને ઉત્તરે જરવદ્ર. દાન મેળવનાર ભટ્ટ મહીધરનો પુત્ર ભટ્ટ ગોવિન્દ હતો. તે કાન્યકુબ્જના ચતુર્વેદિઓ, એટલે ગુજરાતના કનોજીઆ બ્રાહ્મણોની જ્ઞાતિનો, કૌશિક ગોત્રનો અને છન્દોગશાખાના અનુયાયીઓના એક મતનો હતો. આ ગામ તેને પંચમહા યજ્ઞો અને બીજી કેટલીક ધાર્મિક ક્રિયાઓનું ખર્ચ કરવા માટે આપ્યું હતું. દાનની શરતો હંમેશમુજબની છે. દાનપત્રનો લેખક રાજાનો સેવક રેવાદિત,–અથવા તેનું ખરૂં રૂપ,–રેવાદિત્ય–તે દામોદરનો પુત્ર હતો. બીજાં બે દાનપત્રો મુજબ આમાં પણ તારીખ વિજયની છાવણી, અગર 'विक्षेप' જે ભરૂકચ્છના દરવાજા બહાર હતી, તેમાંથી નાંખી છે.

લેખની નવીન હકીકતમાં ફક્ત તારીખ અને ભૌગોલિક નામો એ બે જ છે. તે બાબત વધુ નોંધની જરૂર છે. તારીખમાં માસનાં નામની ભૂલ જણાય છે. ડૉ. શ્રામની ગણત્રી પ્રમાણે શક સંવત ૪૧૫ જેષ્ઠ વદ અમાસનો દિવસ ઈ. સ. ૪૯૩ ના મેની ૩૧ મીને મળતો આવે છે. આ દિવસે લેખમાં કહ્યા મુજબનું સૂર્યગ્રહણ નહોતું. પણ બીજી અમાસને દિવસે, જુન ૨૯ મીએ, કુંડલાકાર ગ્રહણ હતું, જે હિંદુસ્તાનમાં દેખાયું નહોતું તે આ ગ્રહણ હશે એમ લાગે છે. માસના નામની ભૂલ લેખકની હોય અથવા તો અધિક માસની ખોટી ગણત્રીને લીધે થયેલી હોય, તે ગમે તેમ હો, પણ દદ ૨ જાના

* ઈ. એ. વો. ૧૭ પા. ૧૮૩—૨૦૦ જી. બ્યુહ્લર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઇતિહાસ માટે તારીખનું મહત્વ બહુ ઓછું છે. કારણ કે, તેનું જૂનામાં જૂનું દાનપત્ર આપણા દાનપત્ર કરતાં ૧૫. વર્ષ વહેલું છે, અને મોડાંમાં મોડું દાન બે વર્ષ મોડું છે. પહેલાંની તારીખ શક-સંવત્ ૪૦૦ના વૈશાખની પૂર્ણિમા છે, અને બીજાની તારીખ શક સંવત્ ૪૧૭ના જ્યેષ્ટ વદ અમાસની છે.

ભૌગોલિક નામો એથી પણ વધારે જાણવા જેવા છે, ટ્રીગ્નોમેટ્રિકલ સર્વે, ગુજરાત સીરીઝ નં. ૩૪ના નકશાની મદદથી આમાં આપેલાં લગભગ બધાં સ્થળો ઓળખી શકાય તેમ છે. તથ-ઉમ્બરાગામ જ્યાંથી આ પતરાં મળ્યાં હતાં તે બગુમ્રા છે તેની સીમાઃ—

લેખ મુજબ.	નકશા મુજબ.
પશ્ચિમે સંકિય	પશ્ચિમે સંઠિ
દક્ષિણે ઈષિ.	દક્ષિણે ઈસાની જુની
ઉત્તરે જરવદ્ર.	ઉત્તરે જોલવા.
પૂર્વે ઉષિલઠણુ.	પૂર્વે એક નિર્જન સ્થળ તથા એક જૂનું તળાવ.

જોકે ચોથા ગામની મૂળ જગ્યા મળી શકતી નથી. તો પણ બીજાં ત્રણનાં નામો તથ-ઉમ્બરાને બગુમ્રા તરીકે ઓળખાવવાને બસ છે. આ બે શબ્દોમાં ઉમ્બરા અને ઉમ્રા એ સંસ્કૃત શબ્દ 'उदुम्बरक'નો અપભ્રંશ છે. આ શબ્દ હજી પણ ગામનાં નામ પડવામાં વપરાય છે. અને નકશામાં તાપીની પાસેના પ્રદેશમાં ઉમ્રા નામનાં છએક ગામો છે. તેથી 'તથ' અને 'બગ' એ શબ્દો આ ઉમ્બરા(ઉમ્રા)ને એ નામવાળાં બીજાં સ્થળોથી જૂદું પાડવાને લગાડયાં હશે, એ સંભવિત છે. 'બગ' નો અર્થ શો હશે તેની હું અટકળ કરી શકતો નથી, પણ 'તથ' કદાચ પ્રાકૃત 'तित्थ' અને સંસ્કૃત 'तीर्थ' નો અપભ્રંશ હશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

अक्षरान्तर[1]

पतरूं पहेलुं

१ ओं स्वस्ति विजयविक्षेपात् भरुकच्छप्रद्वारवासकात् सकलघनपटलविनिर्गतरज-
निकरकरावबोधित-
२ [कु]मुदधवलयशप्रतापस्थगितनभोमण्डलोनेकसमरसंकटप्रमुखगतनिहतशत्रुसामं-
तकुलावधुप्र-
३ भातशमयरुदितफलोद्गीयमानविमलनिस्त्रिंशप्रतापोदेवद्विजातिगुरुचरणकमलप्रणमोद्भूष्ट
४ वज्रामणिकोटिरुचिरदिधितिविराजितमकुटोद्भासिताशिराः दिनानाथातुराभ्यगतार्थि-
जनश्लिष्टप-
५ रिपूरितविभवमनोरथापचीयमातृविष्टपैकसहयधर्म्मसचयः प्रणयपरिकुपितमानिनीजन
६ प्रणामपुर्व्वमधुरावचनोपपादितप्रसादप्रकाशिकृतविदग्धनागरकस्वभावो विमलगुण-
पंजरक्षि-
७ सवहलकलितिमिरनिचयश्रीमद्दस्तस्य सुनु समुदप्रतिद्वंद्विगजघटाभेदिनिस्त्रिंशवि-
क्रमप्रक-
८ टितमृगपतिकिसोरविर्यवलेपः पयोनिधिकृतउभयतटप्ररुढघनलेखविहृतनिरंकुशदा-
नप्रवा-
९ हप्रवृतदिग्दन्तिविभ्रमगुणसमूहः स्फटिककर्पुरपिण्डपण्डुरयशश्चन्दनचर्चिताङ्गस-
मुन्नतगग-
१० नलक्ष्मिपयोधरोसंगः श्रीजयभट्टस्तस्यत्मज प्रतिहतसकलजगद्व्यापिदोषाधिकार-
विजृंभितसंत-
११ तातमोवृत्विराधिकगुरुस्नेहसंपत्कविमलदिशोद्भसितजिवलोकः परमबोधसमानुगतो
विपुलगु-
१२ र्जरनृपन्मयप्रदिपतोमुपगतः समधिगतपंचमहाशब्दमहाराजाधिराजश्रीमद्दः कुश-
लीस[र्व्वा-
१३ ने]व राष्ट्रपतिविषयपतिग्रामकूटायुक्तकानियुक्तकाधिकमहत्तरादींत्समाज्ञापयति
अस्तु वो विदि-
१४ तं यथा मया मातापित्रोरात्मनश्चैवामुष्मिकपुण्ययशोभिवृद्धयेकन्यकुब्ज-
१५ वास्तव्यतचातुर्विद्यसामान्यकौसिकस्यगोत्रच्छन्दोगसब्रह्मचारि-
१६ भट्टमहिधरस्तस्य सूनु भट्टगोविन्द बलिचरुवैश्वदेवाग्निहोत्रपञ्चमहायज्ञादिकृ-

---

पं. १ वांचो ओं; वांचो रजनी; वासकात् नो 'व' न जेवो देखाय छ. पं. २ वांचो प्रमुखागत; कुलवधू; कुमुद नो कु अस्पष्ट छे. पं. ३ वांचो समय; प्रणामो पं. ४ वांचो वज्र; दीधिति; मुकुटो; रादीना; भ्यागता; श्लिष्ट पं. ६ वांचो रथोप; त्रिवि; सहाय; संचयः पं. ६ वांचो पूर्व्वे; मधुर; प्रकाशीकृत पं. ७ वांचो निचयः; —दह; सूनुः पं. ८ वांचो किशोरवीर्या; निधीकृतो; प्ररूढ; वनलेखा. पं. ९ प्रवृत्त; कर्पूर; पाण्डुर. पं. १० वांचो लक्ष्मी; रोत्सं भट-स्तस्यात्मजः पं. ११ वांचो ततमोवृत्तिर; द्भासित; जीव; समनुगतो. पं. १२ वांचो नृपान्व; प्रदीपता पं.१३ युक्तकनियु-क्तकाधिक. पं. १५ वांचो तत्रातुर्वि; कौशिकसगोत्र पं. १६ वांचो महीधर; गोविन्दाय यज्ञादिकि.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

पतरूं बीजुं

१७ योत्सर्पणार्थं तथउम्बराहारद्वलिश अन्तः पातितथउम्बराग्रामोस्याघटनस्थनानि
१८ पुर्वत उषिलथणग्रम दक्षिणत इषिग्राम पश्चिमतः संकियग्रम उतरत जरवद्रग्रम
१९ एवमयं स्वचतुराघटनविशुद्धो ग्रामः सोद्रंग[:]सपरिकर सधान्यहिरन्यादेय[:]
२० सोत्पद्यमानविष्टिक[:] समस्तराजकियनमप्रवेश्यमचन्द्रर्कर्ण्णवक्षितिसरित्पर्वतसमान-
कालीन[:]पु-
२१ त्रपौत्रान्वयक्रमोपभोग्य[:]पुवप्रत्तदेवब्रह्मदायवर्ज्जमभ्यन्तरसिद्धया शकनृपकाला-
तीतसंव[च्छ]
२२ रशतचतुष्टये पंचदशाधिके येष्ठ[।]मावास्यर्सुयग्रहे उदकातिसर्गेणप्रतिपादितं
यतोस्योचित-
२३ य ब्रह्मदायस्थित्या कृषतः कर्ष[य]तो भुंजतो भोजयतः प्रतिदिशतो वा न
व्यासेधः प्रवर्तितव्य[:]तथागा-
२४ मिभिरपि नृपतिभिरस्मद्वंश्यैरन्यैर्व[।] सामान्यभूमिदानफलमवेत्यत्रिन्दूल्लोलान्य-
नित्य[।]न्यैश्चयणि तृ-
२५ णाग्रलग्नजलबिन्दुचञ्चलञ्चजीवितमाकलय्य स्वदायनिर्विशेषोयमस्मद्दायोनुमन्तव्यः
पालयि-
२६ तव्यश्च तथा चोक्तं बहुभिर्वसुधा भुक्ता राजभिः सगरादिभिः [।]यस्य यस्य यदा
भूमिस्तस्य तस्य तदा फ-
२७ लं[॥]यश्चाज्ञनतिमिरावृतमतिरार्च्छिद्यादाच्छिद्यमानमनुमोदेता वा स पञ्चभि-
र्म्महापातकैरुपपातकैश्च
२८ संयुक्तः स्यादिति[।]उक्तं च भगवता वेदव्यासेन व्यासेन[।]षष्टिं वर्षसहस्राणि
स्वर्गे तिष्ठति भूमिदः[।]आ-
२९ च्छेत्ता चानुमन्ता च तान्येव नरके वसेत् [॥]यानीह दत्तानि पुरातनानि
दानानि धर्म्मार्थयसस्करा-
३० णि[।]निर्भुक्तमाल्यप्रतिमानि तानि को नाम साधुः पुनराददीत [॥] स्वदत्तां
परदत्तां वा यत्नद्रक्ष न-
३१ राधिपः [।]महीं महीमतां श्रेष्ठ दानाच्छ्रेयानुपालनं[॥]लिखितंश्चैतत्पादानु-
जीविदामोदरसुते-
३२ न रेवादित्येन स्वहस्तोयं मम श्रीवितरागसूतो श्रीप्रसन्तरागस्य[॥]

पं. १७ वांचो त्सर्पणार्थं; घाटनस्थानानि. पं. १८ वांचो पूर्वत; ग्रामो; ग्रामः; ग्राम उत्तरतो; ग्राम पं. १९ वांचो राघाट; सोपरिकरः; हिरण्या. पं. २० वांचो कीयानामप्रवेश्य आ, न्द्रार्का. पं. २१ वांचो पूर्व; संवत्स. पं. २२ वांचो ज्यैष्ठामावास्यायां, सूर्य; प्रतिपादित. पं. २३ वांचो या. पं. २४ वांचो श्चर्याणि. पं. २५ ' द्वायो ' द्वायो જોવો. आगे छे. पं. २७ वांचो यश्चाज्ञान; मोदेत पं. २८ वांचो व्यासेन पं. २९ वांचो तान्येव; थयशस्क पं. ३० वांचो यत्नाद्रक्ष पं. ३१ वांचो राधिप; तं चैत पं. ३२ वांचो श्रीवीत; सुनोः श्रीप्रशान्तः रेवादित्येन ने બદલે रेवादित्तेन કદાચ વપરાયું હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નં. ૧૧૬

દદ્ ૨ જાનાં ઈલાવમાંથી મળી આવેલાં તામ્રપત્રો

(શક) સં. ૪૧૭ જ્યેષ્ઠ વદિ અમાવાસ્યા (ઇ. સ. ૪૯૫—૬)

દદ્ ૨ જાનું ઈલાવનું દાનપત્ર પ્રથમ પ્રોફેસર આર. જી. ભાંડારકરે જ. બો. બ્રે. રો. એ. સો. વો. ૧૦ પા. ૧૯ માં પ્રસિદ્ધ કર્યું હતું. બોંબે બ્રેંચ ઓફ રોયલ એસિયાટિક સોસાયટીની માલકીનાં મૂળ પતરાંઓ ઉપરથી, લીથોગ્રાફ સાથે, તે હું ફરીથી પ્રસિદ્ધ કરું છું. તે ભરૂચ ડિસ્ટ્રિક્ટમાં ઈલાવ નજીક મળ્યાં હતાં.

આમાં બે પતરાં છે. દરેક ૧૧$\frac{3}{4}$" લાંબું અને ૬$\frac{3}{4}$" પોહોળું છે. લખાણના રક્ષણ માટે કાંઠા સહેજ જાડા કરેલા છે, અને લેખ આખો સુરક્ષિત છે. બે કડીઓ માટે કાણાં છે, પરંતુ જ્યારે પતરાં મને મળ્યાં ત્યારે ફક્ત ડાબી બાજુની કડી કાપ્યા વગરની રહી હતી. તે લગભગ $\frac{3}{4}$" જાડી અને વલભીની કડી જેવી સાધારણ ગોળ છે. તેના ઉપરની મુદ્રા બેકંદરે ગોળ છે. તેનો વ્યાસ આશરે ૧$\frac{3}{4}$" અથવા ૧$\frac{1}{2}$" નો છે. તેની ઉપર ઉપસેલી બિંબાકાર સપાટીપર ઠંઈક ચિત્રામણ છે. તે કદાચ પક્ષી રૂપમાં ગરૂડની આકૃતિ હશે. તેની નીચે લીથોગ્રાફ કરતાં મૂળમાં વધારે સહેલાઈથી વાંચી શકાય તેવા અક્ષરોમાં " શ્રી–દદ્ (દ્) અ " લેખ છે. આદ્યોપાંત ભાષા સંસ્કૃત છે. અને છેક ૧૩ મી પંક્તિ સુધી લેખ ઉમેટાનાં દાનપત્રના લેખ સાથે લગભગ અક્ષરશઃ મળતો આવે છે. વળી આ બન્ને દાનપત્રોની પં. ૧ થી ૬ સુધીનું દદ્ ૧ લાનું વર્ણન બેડાનાં બે દાનપત્રોની પં. ૨૫ થી. ૩૧ સુધીનાં દદ્ ૨ જાનાં વર્ણનમાંથી શબ્દે શબ્દ લીધેલું છે.

લેખ દદ્ ૨ જા ઉર્ફે પ્રશાંતરાગના સમયનો છે. તેમાં તિથિ શકે ૪૧૭ (ઇ. સ. ૪૯૫–૬) ના જ્યેષ્ઠ અમાવાસ્યાને દિવસે સૂર્યગ્રહણ સમયની છે. તે દિવસે જનરલ કનીંગહામની સૂચનાનુસાર બુધવાર તા. ૮ મી જુન ૪૯૫–૬૦ હતી તે દિવસે સૂર્યગ્રહણ પણ હતું. પરંતુ તે ગ્રહણ પારિસમાં સાંજના ૬–૩૦ વાગે થયું હતું. એટલે ગુજરાતમાં તે રાત્રે લગભગ ૧૧ વાગે થયું હતું અને દેખાય એવું નહતું. અર્થાત્ આ ગ્રહણ હિંદુ ખગોળવેત્તાઓ ધ્યાનમાં ન લે તેવું હતું. પંડિત ભગવાનલાલ ઈન્દ્રજી, જેણે આ દાનપત્રના ખરાપણા વિરૂદ્ધ આગળ પા. ૭૨ થી ૭૪ માં ટીકા કરેલી છે અને જે ધ્યાનમાં રાખવા લાયક છે તે એમ ધારવા પ્રેરાય છે કે ગુર્જરનાં દાનપત્રોના ખરા સંવતના વર્ષ ૪૧૭ ના જ્યેષ્ઠ અમાવાસ્યાને દિવસે થયેલા સૂર્યગ્રહણની ખરી માહિતી આ બોટો લેખ બનાવી કાઢનારે મેળવી હશે, અને તેના ખરા સંવતની માહિતી નહીં હોવાથી તેણે વર્ષને શકના સંવત્ તરીકે જણાવ્યું. આ મત પ્રમાણે જનરલ કનીંગહામે કરેલી ગણત્રીનું પરિણામ આગળ પાને ૭૭ માં આપ્યું છે.

ભરૂકચ્છ અથવા ભરૂચના દરવાજા પાસે વિજયી છાવણીમાંથી આ દાનપત્ર અપાયું છે, અને અને દાનપત્રમાં અકુલેશ્વર[1]ના ' વિષય ' માં આવેલાં રાઈધમ ગામનો ઉલ્લેખ છે. અકુલેશ્વર એ નં૦ ૧૩૯ અને ૧૪૦ના દાનપત્રોનાં અકૂરેશ્વરનું, હાલનાં અંકુલેશ્વર અથવા અંકલેશ્વરને બહુ જ મળતું બીજું નામ હશે. આપેલાં ગામની પૂર્વે વારણેરા ગામ,જેને પ્રોફેસર ભાંડારકર ઈલાવની ઈશાન કોણમાં આશેર ૪ મૈલ ઉપર અને અંકલેશ્વરની અગ્નિ કોણમાં આશરે ૮ મૈલ ઉપર આવેલા હાલના 'વાલ્નેર ' તરીકે ઓળખાવે છે; દક્ષિણે વરણડા નદી, જેને તે હાલની " વંદ–ખરી " તરીકે ઓળખાવે છે; પશ્ચિમે શુંઠવડક અથવા શુંઠવાડક ગામ; અને ઉત્તરે અરલૌમ ગામ. શુંઠવડક અગર શુંઠવાડક એ કદાચ સુરત ડિસ્ટ્રિક્ટમાં 'ચીખલી' તાલુકામાં આવેલું હાલનું 'સુંથવાડ ' હશે. પરંતુ આ ગામના ચોક્કસ સ્થાન વિષે ખાત્રી કરવા માટે મારી પાસે નકશા નથી.[2] રાઈધમ અને અરલૌમનાં ગામડાંઓનું નિશ્ચિત સ્થળ હજી જાણવાનું બાકી રહે છે.

---

* ઈ. એ. વો. ૧૩ પા. ૧૧૫ જે. એફ. ફ્લીટ

૧ શિવના અકુલ નામ ઉપરથી કદાચ પડયું હશે. ૨: પોતાના ચર્ચાપત્રના મથાળે પ્રો. ભાંડારકર એમ કહે છે કે આ દાનપત્ર સુરત ડિસ્ટ્રિક્ટમાં ગામડાંમાંથી ઉપલબ્ધ હતું, પરંતુ તેના ચર્ચાપત્રના અંતમાં જે પ્રમાણે પોતે જ કહે છે તેમ ઈલાવ કે જ્યાંથી આ દાનપત્ર મળી આવ્યું હતું તે ગામ ભરૂચ ડિસ્ટ્રિક્ટમાં આવેલું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

अक्षरान्तरं

पतरूं पहेलुं.

१ ॐ स्वस्ति विजयविक्षेपात् भरुकच्छप्रद्वारना[वाँ]सकात्[।]सक[जैँ]लघ-
नपटलविनिर्गतरजनिकरका[क]रावबोधितकुमुद-

२ धवलयश[:] प्रताप[नँ][।]स्थगितनभोमण्डलोनेकसमरसंकटप्रमुख[।]गत-
निहितशत्रुसामंत कुलवधूप्रभातसम-

३ यरुदितफ[च्छँ]लोद्वि[द्वी]यमान विमलनिस्त्रिंशप्रतापो देवद्विजातिगुरुचरण-
कमलप्रणामोद्घृष्टवज्रमणिकोटिरुचिरदी-

४ धितिविराजितमुकुटोद्भासितशिराः दि[दी]नानाथातुर[।]म्यागत[।]र्थिजन
[।]च्चिल[क्कि]ष्टपरिपूरितविभवमनोरथोपचीयमान तृ[त्रि]विष्ट-

५ पैकसहायधर्म्मसंचयः प्रणयपरिकुपितमानिनीजनप्रणामपूर्व्वमधु [धु]रवचनो-
पपादितप्रसादप्रकाशि[शी]कृतविदग्धना-

६ गरकस्वभावो विमलगुणपंजर[।]क्षिप्तबहलकलितिमिरनिचयः श्रीमद्दद्दे[द्द]
स्तस्य सु[सू]नु[:]समदप्रतिद्वंद्वि गजघटा-

७ भेदिनिस्त्रिविक्रमश्प्रकटितमृगपतिकिसो[शो]रवि[वी]र्य[।]वलेपः पयो-
निधि[धी]कृतउभयतटप्ररु[रू]ढध[व]न लेख[।]विहृतनिरंकुशदानप्रवा-

८ हप्रवृत्तदिग्दन्तिविभ्रमगुणसमूहः स्फटिकपर्पु[पूँ]रपिण्डपाण्डु[ण्डु]रयशश्चन्दन
चर्चितसमुन्नतँगगनलक्ष्मि[क्ष्मी]पयोधरो-

९ [त्]संगः श्रीजयभटस्तस्य[।]त्मजः प्रतिहतसकलजगद्व्यापिदोषाधिकार विजृ-
[ॅ]भित संतता[त]तमोवृत्ति[त्ति]रधिकगुरुस्ने-

१० हसंपन्नैविमलदिशोभासितजीवलोकः परमबोधसमा[म]नुगतो विपुलगुर्ज्जर-
नृपान्म[न्व]य प्रदि[दी]पतामुपगतः

११ समधिगतपंचमहाशब्द महाराजाधिराज श्रीमद्दद्दः कुशली सर्व्वानेव राष्ट्रपति
विषयपति ग्रामकु[कू]ट[।]यु-

---

१ मूळ पतरां उपरथी. २ उमेटानां दानपत्रमां पण नासकात् वांचन छे. डो. ब्युल्हर सूचवे छे वा ने अहले ना नी भूल असल लेख जे चालु हस्ताक्षरोमां हतो अने जेमांथी कोतरनारे नकल करी हती तेमांथी कदाच थई हशे. ३ वांचो सजल ४ उमेटा दानपत्रमां प्रताप वांचन छे, परंतु अर्थ बंधबेसतो आणवा माटे प्रताप वांचन आपणे लईए छीए. ५ उमेटा दानपत्रमां फल वांचन छे. डो. ब्युल्हर तेना छल मां फेरफार करवानी जरूरीआत माटे शंका बतावी छे. परंतु बे बेडानां दानपत्रोमां छल बे स्पष्ट रीते वांचन छे. ६ वांचो दद्द उमेटा दानपत्रमां दद वांचन छे. परंतु आ दानपत्रनी पेठे तेना पौत्रनुं नाम दद्द एम लखेलुं छे. ७ उमेटा दानपत्रनी १० मी पंक्तिमां चर्चितांगसमुन्नत आ प्रमाणे वांचन छे. ८ उमेटा दानपत्रनी १२ मी पंक्तिमां सैंपल्क एम वांचन छे. ९ पहेलां तो कोतरवामां आव्यो हतो पछीथी ओ नो मात्रानो थोडो भाग भूंसी नांखी ता करवामां आव्यो छे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

१२ क्तका[क]नियुक्तकाधी[धि][कोरि]क महत्तरादीं[1] त् [न्] समाज्ञ[ा]-
पयति[।]अस्तु वो विदितं यथा मया मातापित्रोरात्मनश्चैवामुष्मिकपुण्ययशो-
१३ भिवृद्धये अभि[हि ?]च्छत्रवास्तव्य तच् [चा]तुर्विद्यसामान्य क[ा]श[श्य्]
पश[स]गोत्रबहवि[ह्वृ]चँ स ब्रह्मचारि भट्ट गोविन्दस्त-

बीजुं पतरूं

१४ स्य सु[सू]नु[नवे]भट्ट न[ा]र[ा]यण[।]य बलिचरुवैश्वदेवाग्निहोत्र पञ्च
[ञ्च]महा[ा]ज[य]ज्ञादिकु[क्रि]र्यात्सर्पण[ा]र्थ[ा][2] अकुलेश्वरेविषय[।]
न्तः पाति राइ-
१५ धं ग्रामोस्याघ[ा]ट स्थ[ा]नानि पु[पू]र्वतः वारने[णे]रग्रामः दक्षिणतः
वरण्ड[ा]नदिः[3] पश्चिमतः शुंठव[वा ?]डकग्रामः उत[त्त]रतः
१६ अरलौम ग्राम। –श्चं एवमयं स्वचतुराघ[ा]टनदिशुद्धो ग्रामः सोद्रङ्ग[:]
स[ो]परिकर[:]सधान्यहिरन्य[ण्य][ा]देय[:]सोत्पद्यमानविष्टिक[:]
१७ समस्त राजकि[की]य[ा]न[ा]मप्रवेश्यम[श्या]चन्द्र[ा]र्क[ा]र्णव क्षिति-
सरित्पर्वतसमानकालीन[:]पुत्रपोत्रान्वयक्रमोपभोग्य[:]पु[पू]र्वप्रत्तदेव-
१८ ब्रह्मदेयवर्ज्जमभ्यन्तर सिद्धय[ा]शकनृपकालतीतसंवच्छ[त्स]र शतचतुष्टये
सप्तदशाधिके ये[ज्ये]ष्ठ[ा]म[ा]वास्य[ा]सु[सू]र्य ग्रा-
१९ दे उदकातिसर्गेण प्रतिपादितं [तः] [।]यतोस्योचितय[ा]ब्रह्मदायस्थित्या
कृषतः कर्षयतो भुंजतो भे[भो]जयतः प्रतिदिश-
२० तो वा न व्य[ा]सेधः प्रवर्तितव्य[:] [।]तथागामिभिरपि नृपतिभिरस्मद्वंश्यै-
रन्यैर्व[ा]सामान्य[ं]भूमिदानफलमवेत्य बिन्दु[न्दू]ल्लोलान्यनित्य[ा]न्यैश्वर्य[ा]
२१ णि तृण[ा]ग्रलग्नजलबिन्दुचण्च[च्च]लञ्च[च्च]जीवितम[ा]कलय्य स्वदाय-
निर्विसे[शे]षोयमस्मदा[द्दा]योनुमन्तव्यः पालयितव्यश्च[।]तथा चोक्तं[।]

---

१ ઉમેટા દાનપત્રની ૧૪ મી પંક્તિની પેઠે આંહિ પણ વાંચન આધિક છે. પરંતુ બે ખેડાનાં દાન-પત્રની ૩૨ મી પંક્તિમાં છે તેમ આધિકારિક એમ સુધારો કરવો જ જોઇએ એ નિઃશંક છે. ૨ અનુસ્વારની ભૂલ છે. ૩ પહેલાં स्तु કોતરવામાં આવ્યો હતો અને પછીથી स्त थोडो ભૂસીને કરવામાં આવ્યો છે. ૪ अत्रि(हि ?)था આંહિ સુધીનું અક્ષરાંતર એક રદ કરેલા સ્લાબાણુ ઉપર કોતરવામાં આવ્યું છે. ૫ પ્રો. ભાંડારકર अंकुलेश्वर વાંચે છે, પરંતુ બીજા પદમાં અનુનાસિક નથી તેમ પહેલા પદ ઉપર અનુસ્વાર પણ નથી કોતરેલું. ૬ પ્રો. ભાંડારકર राच्छवम् વાંચે છે અને હાલનું 'રછીદ' સાથે ઓળખાવે છે. પહેલા બે અક્ષરોની નીચે ત્રણ રદ કરેલા અક્ષરોની નિશાની છે, જેમાંના પહેલા બે વરિ છે. નામ જે પ્રમાણે છે તેમ પહેલા બે અક્ષરો તો ચોક્કસ પણે રા છે. બીજુ પદ નીચેના જમણી બાજુના ખૂણામાં થોડુંક ભૂંસાઈ ગયું છે. પરંતુ શરૂવાતની इ વગરનું છે. ત્રીજું પદ જોકે બરાબર ध નથી તેમ व પણ નથી. પરંતુ व કરતાં ध ને વધારે મળતું છે. ૭ વાંચો नदी ૮ પ્રો. ભાંડારકર अरतौम અથવા सरठौम વાંચે છે. તેમાં પાછળનાને વધારે ઠીક ગણે છે અને તેને વાલ્નેરથી દોઢ માઇલ દૂર હાલના वरठम् સાથે સરખાવે છે. ૯ શબ્દની વચ્ચે હોવાથી આ વિરામચિહ્નની જરૂર નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

२२ बहुभिर्वसुधाभुक्त[।]राजभिः सगरादिभिः यस्य यस्य यदा भूमिस्तस्य तस्य तदा फलं[॥]यश्च[।]ज्ञानतिमिरावृतमतिरा-

२३ च्छिद्य[।]दाच्छिद्यमानमनुमोदेत वा स पञ्च[भ्य]भिर्म्महापातकैरुपपातकैश्च संयुक्त[:]स्यादिति[॥]उक्तं च भगवता वेद व्याशे[से]-

२४ न व्याशे[से]न[।]षष्टिं वर्षसहस्राणि स्वर्गे तिष्ठति भूमिदः अ[।]च्छेत्ता चानुमन्ता च तं[।][1] न्येव नरके वसेत् [॥]यानीह दत्तानि पुरा-

२५ तन[।]नि[2] दानानि धर्म्म[।]र्थयस[श]स्कराणि निर्भुक्तमाल्यप्रतिमानि तानि को नाम साधुः पुनराददीत[॥]स्वदत्तां परदत्तां[3] वा य-

२६ त्नाद्रक्ष नराधिपः[4] महीं महि[ही]मतां स्रे[श्रे]ष्ठ दानाच्छ्रेयोनुपालनं[॥] लिखितमिदं संधिविग्रह[।]धिकृतरेवेण म[।]धवसुतेन[॥ श्रीवि[5][वी]तराग-सु[सू]नो[:]स्वहस्तोयं मम

२७ श्रीप्रशान्तरागा[ग]स्य[॥]

१ આ અનુસ્વારની ભૂલ છે. २ આંદિ અને ઉમેટા દાનપત્રમાં બે બેડા તાં દાનપત્રના વાંચન पूरानरेन्द्रैः કરતાં જૂદું જ છે. ३ વિસર્ગની ભૂલ છે. ४ ઉમેટા દાનપત્રથી જૂદું પડે છે. સહિ આંહી ચાલુ હસ્તાક્ષરોમાં નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાષાન્તર

ॐ ! સ્વસ્તિ ! ભરૂ કચ્છના દ્વાર (દરવાજા) આગળ આવેલા વિજયી નિવાસસ્થાનમાંથીઃ—

(પં. ૧)સજળ ઘન વાદળમાંથી બહાર નીકળતા શશીનાં કિરણથી જાગૃત થએલા શ્વેત કુમુદ જેવી યશની વેલીથી નભમંડળ છાયી નાંખતો, અનેક સમરનાં સંકટમાં જેની સામે આવતાં સંહાર થએલા શત્રુસામન્તકુલની પત્નીઓ પ્રભાત સમયે રૂદનથી જેની અસિનો પ્રતાપ મોટેથી જાહેર કરે છે એવો દેવ, દ્વિજ અને ગુરૂઓનાં ચરણકમળને પ્રણામ કીધેથી પંક્તિએ પડેલા કોટી વજ્રમણિના ઉજ્જવળ કિરણોથી વિરાજિત મુગટથી મંડિત શિરવાળો, દીન, અનાથ, આજારી, અભ્યાગત, યાચક, અને વિપત્તિવાળા જનોના વૈભવ (લક્ષ્મી) માટેના મનોરથ પૂર્ણ કરવાથી નિરંતર વૃદ્ધિ પામતા, સ્વર્ગપ્રાપ્તિના એક જ સહાય ધર્મસંચયવાળો, પૂર્વે પ્રણયથી કોપિત થએલી માનિની જનોના પ્રણામ પછી મધુર વચનથી ઉદ્ભવેલા પ્રસાદથી પ્રકાશિત થતા વિદગ્ધ અને નાગરક સ્વભાવવાળો, વિમલ ગુણનાં કિરણોના પિંજરમાં કલિના ઘનતિમિરને નાંખનાર, પંચ મહાશબ્દ પ્રાપ્ત કરનાર શ્રી દદ હતો.

(પં. ૬). તેનો પુત્ર શત્રુની મદોન્મત ગજસેનાનો સંહાર નિર્દય ફાળ (ફલંગ) મારી કરનાર જુવાન સિંહ જેવો પોતાની તરવારથી પ્રતાપ પ્રકટ કરનાર, નિરંકુશ દાન પ્રવાહથી અને ઉદધિના બન્ને તટ પર આવેલાં વનોમાં ગમન કરી સતત મદ ઝરતા અને ક્રીડા કરતા દિગ્ગજોના ગુણસમૂહવાળો, ગગનલક્ષ્મીનાં સમુન્નત વાદળાં રૂપી પયોધરોને સ્ફટિક અને કર્પૂર જેવા શ્વેત યશનાં ચંદનના લેપથી સુગંધિત કરતો શ્રી જયભટ હતો.

(પં. ૯) તેનો પુત્ર, સકલ જગત વ્યાપી દોનાર દોષના અધિકારથી ઉદ્ભવેલા ઘનતિમિર ને હાંકી મૂકનાર, ગુરૂના અધિકસ્નેહ થએલા વિમલ આદેશથી જીવલોકને પ્રકાશિત કરતો, પરમબોધ પ્રાપ્ત કરનાર, વિપુલ ગુર્જર નૃપોના અન્વયમાં મશાલ જેવો, પંચમહાશબ્દ પ્રાપ્ત કરનાર મહારાજાધિરાજ, શ્રી દદ કુશળ હાલતમાં સમસ્ત રાષ્ટ્રપતિ, વિષયપતિ, ગ્રામકૂટ, આયુક્તક, નિયુક્તક, આધિકારિક, મહત્તર આદિને જાહેર કરે છેઃ—

(પં. ૧૨) તમને જાહેર થાઓ કેઃ—મારાથી માતાપિતાના તથા મારા પરલોકમાં પુણ્યયશની વૃદ્ધિમાટે અહિચ્છત્રમાં નિવાસ કરતા, તે જ સ્થળના ચતુર્વેદિ મધ્યેના, કાશ્યપ ગોત્રના, બહ્વૃચ સબ્રહ્મચારી ભટ્ટ ગોવિન્દના પુત્ર ભટ્ટ નારાયણને બલિ, ચરૂ, વૈશ્વદેવ, અગ્નિહોત્ર, પંચમહાયજ્ઞ આદિ અનુષ્ઠાન માટે અકુલેશ્વરવિષયમાં રાઈધિગામ જેની સીમા : પૂર્વે વારણેર ગામ; દક્ષિણે વરન્ડા નદી; પશ્ચિમે શુણ્ડવડક ગામ અને દક્ષિણે અરલોમ ગામ; આ ચાર સીમાવાળું ગામ ઉદ્રઙ્ગ સહિત, ઉપરિકર સહિત, અન્ન અને સુવર્ણની આવક સહિત, વેઠના હક્ક સહિત, રાજપુરૂષોના પ્રવેશમુક્ત, ચંદ્ર, સુરજ, સાગર, પૃથ્વી, નદીઓ અને પર્વતોના અસ્તિત્વકાળ સુધી, પુત્ર, પૌત્ર, અને વંશજોના ઉપભોગ માટે, પૂર્વે દેવ અને બ્રાહ્મણોને કરેલાં દાનવર્જ્ય કરી અભ્યન્તર સિદ્ધિથી, શકરાજાના સમય પછી સંવત્સર ૪૧૭ માં જેષ્ઠ અમાસ ને સૂર્યગ્રહણના સમયે પાણીના અર્ઘ સાથે અપાયું છે.

(પં. ૧૯) આથી આ માણસ જ્યારે બ્રહ્મદાયના નિયમાનુસાર આ ગામની ખેતી કરતો હોય અથવા ખેતી કરાવતો હોય અથવા ઉપભોગ કરતો હોય અથવા ઉપભોગ કરાવતો હોય, અથવા અન્યને સોંપતો હોય ત્યારે કોઈએ પણ પ્રતિબંધ ન કરવો.

(પં. ૨૦) આ અમારા દાનને અમારા વંશના કે અન્ય ભાવિ નૃપોએ પોતે કરેલા દાન માફક, ભૂમિદાનનું ફળ દાનદેનાર અને રક્ષનારને સામાન્ય છે, શ્રી જલબિંદુ જેવી ચંચલ અને અનિત્ય છે, અને જીવિત તૃણના અગ્રે જલબિંદુ જેવું ચંચલ છે એમ માનીને અનુમતિ આપવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને તેનું રક્ષણ કરવું. અને આમ કહેવાયું છે કેઃ—સગરથી માંડીને બહુ નૃપોએ ભૂમિનો ઉપભોગ કર્યો છે. જે જે સમયે જે ભૂપતિ હશે તેને તે સમયે તેનું ફળ છે. અને અજ્ઞાનના ઘનતિમિરથી આવૃત થએલા મનવાળો જે માણસ આ દાન જપ્ત કરશે અથવા તેમાં અનુમતિ આપશે તે પંચમહાપાતકનો અને અન્ય બ્હાનાં પાપોનો દોષી થશે.

(પં. ૨૩) ભગવાન વેદ વ્યાસે કહ્યું છે કેઃ—ભૂમિદાન દેનાર ૬૦ હજાર વરસ સ્વર્ગમાં વસે છે અને તે જપ્ત કરનાર તેટલાંજ વરસ નરકમાં વાસ કરે છે. પૂરાતન, ધર્મ, અર્થ અને યશની ઉત્પત્તિ વાળાં દાનો પ્રતિમાને અર્પણ થએલી નિર્ભુકત માલા જેવાં છે. કયો સુજન તે પુનઃ પાછાં લઈ લેશે ? તમારાં અથવા અન્યનાં કરેલાં ભૂમિદાનનું, હે નૃપોમાં શ્રેષ્ટ નૃપ ! રક્ષણ તું સંભાળ પૂર્વક કર. દાન દેવા કરતાં દાનની રક્ષા અધિક છે.

(પં. ૨૬) માધવના પુત્ર સંધિવિગ્રહાધિકૃત રેવથી લખાયું છે.

(પં. ૨૭) શ્રી વીતરાગના પુત્ર શ્રીપ્રશાન્તરાગના મ્હારા આ સ્વહસ્ત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નં૦ ૧૧૭

રાજા જયભટ ૨ જાનાં તામ્રપત્રો*

ચે. સંવત્ ૪૫૬ માઘ સુધિ ૧૫

આ લેખ તથા બીજા કેટલાક લેખો નવસારીની સર ઠાવસજી જહાંગીર રેડીમની મદ્રેસાના આસિસ્ટંટ માસ્તર મી. શેરીઆરજી દાદાભાઈ ભરૂચાએ મને પ્રસિદ્ધ કરવા માટે આપ્યા હતા. એ લેખો નવસારીમાં કોઈ પાયા ખોદતાં મળી આવ્યા હતા.

આ લેખ બે પતરાં ઉપર છે. તે દરેક ૧૨ " પોહોળું અને ૯ " ઉંચું છે. કાંઠા મોટે ભાગે સહેજ જાડા રાખી અંદરની બાજુએ વાળ્યા છે, જેથી લેખનું રક્ષણ થઈ શકે. બીજા પતરાની શરૂઆતમાં પહેલી પંક્તિનો પહેલો અક્ષર તથા બીજા અક્ષરના થોડા ભાગવાળો નહાનો ટુકડો ભાંગી ગયો છે. અને એ જ પતરામાં એજ બાજુએ નીચલા ભાગમાંથી ૪" ૩" અને ૪½"ની બાજુઓવાળો એક ત્રિકોણાકાર જેવડો ટુકડો ભાંગી જઈ ખોવાઈ ગયો છે. પરંતુ લગભગ બધાય નાશ પામેલા અક્ષરો પૂરા પાડી શકાય છે. પતરાં જ્યારે પહેલાં મારા હાથમાં આવ્યાં ત્યારે તેના ઉપર તેના જેટલો જ જાડો કાટનો થર જામ્યો હતો અને એક અક્ષર પણ કોઈ સ્થળે જાણી શકાતો નહોતો. પરંતુ તે સાફ કરી આખો લેખ સુવાચ્ય કરવામાં હું કસ્તેહમંદ થયો છું લેખ પતરાંની પોહોળાઈમાં આડો લખ્યો છે. બે કડીઓ માટે કાણાં છે, પણ કડીઓ તથા તેમાના એક ઉપર મુદ્રા હોવી જોઈએ તે ખોવાઇ ગયાં છે. ભાષા આદ્યોપાંત સંસ્કૃત છે. છેલ્લી પંક્તિમાં આપેલી સાખ સિવાય, લિપિ ગુજરાતમાં મળી આવેલાં ચાલુક્ય અને રાષ્ટ્રકૂટનાં સાતમા સૈકાનાં દાનપત્રો જેવી છે. આ જાતની લિપિ ચોથા સૈકાની દક્ષિણ-હિન્દની બાળાક્ષરી ઉપરથી બનેલી છે, અને તે જ સમયની જૂની નાગરીથી ઘણે અંશે જૂદી છે. પરંતુ ૪૪ મી પંક્તિમાં સાખની લિપિ દાનપત્રની લિપિ કરતાં તદ્દન જૂદી છે, તે સાતમા સૈકાની નાગરી લિપિ છે. આ લિપિ કદાચ તે વખતે ગુજરાતમાં વપરાતી ચાલુ હસ્તાક્ષરોની હશે.

આ લેખ જયભટ ૨ જાના સમયનો છે. દાનપત્ર કાયાવતારની છાવણીમાંથી કાઢયું છે. આ સ્થળ ભરૂચ ડિસ્ટ્રિક્ટના જંબુસર તાલુકાના કાવિનું સંસ્કૃત રૂપ માનવાને પ્રબળ ઇચ્છા થાય છે. તેમાં જયભટે કોરિલ્લા 'પથક' અગર પેટા-ભાગમાં આવેલાં શમીપદ્રક ગામમાં ૬૪ " નિવર્તનો "ના માપનું એક ખેતર દાનમાં આપ્યાનું લખ્યું છે. કોરિલ્લા એ ભરૂચની ઈશાન કોણમાં લગભગ ૧૦ માઈલ પર આવેલું હાલનું 'કોરલ' જણાય છે. શમીપદ્રક અને ગોલિકા જે ખેતરની સીમાના વર્ણનમાં બતાવ્યું છે,—એ હાલ ઓળખાવવાને હું તૈયાર નથી. દ્રાહુદ્ર. જે પણ એ જ સંબંધમાં આપ્યું છે, તે પંચમહાલમાં ગોધરા પાસેનું હાલનું દોહદ હશે. ગિરિનગર, જે દાન લેનારના મૂળ વતન તરીકે બતાવ્યું છે, તે કાઠિઆવાડનો હાલનો ગિરનાર છે. શ્રદ્ધિકાનું આમ્રહાર ગામ, જે દાન લેતી વખતે તેનું નિવાસસ્થાન હતું તે હાલ ઓળખી શકાતું નથી.

કોઈ અજ્ઞાત સંવતના વર્ષ ૪૫૬ના માઘની પૂર્ણિમાને દિવસે થયેલા ચંદ્રગ્રહણસમયે આ દાન આપ્યું હતું, અને ૪૩ મી પંક્તિમાં લેખ લખાયો તે દિવસ અને દાન અપાયું તે દિવસનું નામ સોમવાર (અથવા મંગળવાર) લખ્યું છે. આ તારીખ કયા સનની છે તે પ્રશ્ન હવે આપણે વિચારવાનો છે.

મારો અભિપ્રાય એવો છે કે ઉમેટા અને ઈલાઓનાં દાનપત્રો બનાવટી છે, અને તે ધરસેન ૨ જાનું દાનપત્ર બનાવી કાઢનારે જ તૈયાર કર્યાં છે. કદાચ તેણે દદ ૨ જાનું એક ખરું દાનપત્ર જે ખેડા, નવસારી અને કાવીનાં દાનપત્રોની માફક અનિર્દિષ્ટ સંવતવાળું હશે તે મેળવ્યું હશે; અને ત્યાર બાદ સંવત્ ન જાણવાથી તેણે અનુમાન કરીને શક સંવત દાખલ કરી દીધો.

* ઇ. એ. વો. ૧૩ પા. ૭૦ પંડિત ભગવાનલાલ ઇંદ્રજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એટલે ઉમેટા અને ઈલાઓનાં દાનપત્રો હું નાકબૂલ કરૂં છું; અને તે સાથે બોડાનાં દાનપત્રો શક સંવતનાં છે એવું જણાવતો મત પણ જેટલે અંશે તેના ઉપર આધાર રાખે છે તેટલા અંશે નાકબૂલ કરૂં છું. તેથી બોડાનાં દાનપત્રોના દદ ૨ જાને નવસારીનાં દાનપત્રના પહેલા દદ —જેને આ દાનપત્રમાં 'બિરુદ' આપવામાં આવ્યું નથી—તે તરીકે ઓળખાવું છું. અને આ પ્રમાણે આ ચાર દાનપત્રોમાંથી નીચે મુજબ વંશાવલી અને તારીખ નક્કી કરૂં છું:—

દદ ૧ લો.
(આશરે વર્ષ ૩૩૦)
|
જયભટ ૧ લો, અગર, વીતરાગ
(આશરે વર્ષ ૩૫૫)
|
દદ ૨ અથવા પ્રશાન્તરાગ, ૩૮૦ અને ૩૮૫.
|
જયભટ ૨ જો,
(આશરે વર્ષ ૪૦૫)
|
દદ ૩ જો, અથવા બાહુસહાય.
(આશરે વર્ષ ૪૩૦)
|
જયભટ ૩ જો, ૪૫૬ અને ૪૮૬.

નવસારીનું આ દાનપત્ર કાયાવતારના 'વાસક' અથવા છાવણીમાંથી જાહેર થયું હતું. ઉપર કહ્યા મુજબ આ સ્થળને ભરૂચ ડિસ્ટ્રિક્ટના જંબુસર તાલુકાનાં કાવી ગામ તરીકે ઓળખાવવાનું મને મન થાય છે. અને 'વાસક' શબ્દના ઉપયોગ ઉપરથી લાગેછે કે કાયાવતાર એ જયભટ ૩ જાની રાજ્ય-કારોબારી અગર ચઢાઈ પ્રસંગેની મુસાફરી વખતે થોડા વખત માટે નાંખેલી છાવણી હશે. જે છાવણી અગર શહેરમાંથી ૪૮૬ નું દાનપત્ર કાઢયું હતું તેનું નામ તે દાનપત્રના પહેલા ભાગ સાથે નાશ પામ્યું છે.

જનરલ કનીંગહામે કૃપાપૂર્વક ઉપરની વિગતોની ગણત્રી કરી છે અને આશરે ઈ. સ. ૨૪૫ ના સમય પહેલાં અને પછીની ઘણી તારીખો તપાસ્યા પછી જણાવે છે કે, ગ્રહણ અને વાર બન્ને ને માટે મળતું સન ઈ. સ. ૨૪૯-૫૦ છે અને તે સંવતના પહેલા વર્ષ સાથે ઈ. સ. ૨૫૦-૫૧ વર્ષ મળતું આવે છે.

૨૪૯—૫૦માં ૪૫૬ ઉમેરવાથી ઈ. સ. ૭૦૫-૬ થાય છે. અને માઘ જાનેવારી ફેબ્રુવારી સાથે આવતો હોવાથી આ દાનપત્રની તારીખ ઈ. સ. ૭૦૬ ના શરૂઆતના સમયમાં હોવી જોઈએ. તે વર્ષમાં માઘની પૂર્ણિમા મંગળવાર તા. ૨ જી ફેબ્રુવારીએ હતી, અને તે દિવસે ચંદ્ર ગ્રહણ પણ હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

अक्षरान्तर[1]

१०० अतिविमलमनो भिरात्मनैर्न हि पुरुषैः परकीर्त्तयोपि गोप्याः [॥*]

१०१ लिखितं श्रीमद् अरुणादित्येन वत्सराजपुत्रेण भूविराम दूतकं [॥*]

१ આ અક્ષર પહેલાંની ગની નિશાની માત્ર કોતરનારની ભૂલથી જ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાષાન્તર

જેના નાભિકમલમાં વેધસ્(બ્રહ્મા)નો વાસ છે તે અને હર જેનું મસ્તક ઇન્દુકલાથી મંડિત છે તે તમારૂં રક્ષણ કરો.

(પંક્તિ ૧) કૃષ્ણ જેના વિશાલ વક્ષઃસ્થલ પર ઝળહળતા શ્રી કૌસ્તુભ મણિનાં કિરણો સુધી પહોંચતાં કિરણોથી કંઠ ઠંકાઈ ગયો છે, સત્યસંપન્ન છે. અને વિપુલ (મોટા) ચક્રથી શત્રુગણનો પરાજય કરેલો હોવા છતાં જે કાળાં કૃત્યોથી મુક્ત છે તે કૃષ્ણ સમાન પૃથ્વી પર તેના વક્ષઃસ્થલને આલિંગન દેતી લક્ષ્મી દેવીના કંઠ વેષ્ટિત આંગળીઓવાળા લંબાયેલા કરોથી ઢંકાએલા કંઠવાળો, સત્ય[1]સંપન્ન, અને શત્રુગણનો મહાન સેનાથી પરાજય કર્યો હતો છતાં કુકર્મો રહિત છે, તે કૃષ્ણરાજ[2] ભૂપતિ હતો. પક્ષ છેદનના ભયથી આશ્રય લેનાર મહાન પર્વતોના સમૂહોથી પ્રભાવાળા, ઓળંગવો દુસ્તર છે તે, અને વિમલ દ્યુતિવાળાં અનેક રત્નોવાળા સાગરમાંથી દેવોના આશ્રયસ્થાન મન્દરે લીલા સાથે (સહેલથી) અને ત્વરાથી લક્ષ્મી ખેંચી લીધી હતી તેવી રીતે સેનાનાશના ભયથી આશ્રય લેવાતા, દુર્વિજયી, પવિત્ર અને પ્રભાવાળા પુરૂષરત્નોથી મંડિત ચૌલુક્ય[1] અન્વય (કુલ)માંથી, વિદ્વાનોના આશ્રયસ્થાન આ પૃથ્વીવલ્લભે[3] લીલાથી સત્વર લક્ષ્મી દેવી ખુંચવી લીધી.

(પંક્તિ ૫) તેને ધોર નામનો પુત્ર હતો જે ધૈર્યધનવાળો, શત્રુઓની વનિતાઓનાં મુખકમલની સુંદરતા નાશ કરનાર, અને અતિ ગરમી પ્રસારતા પ્રચંડ કિરણોવાળા સૂર્ય માફક સર્વ પ્રદેશોમાં પોતાનો પ્રતાપ પ્રસારતો હતો; સૂર્ય, કિરણોની ઉષ્ણતાથી, ત્રાસદાયક છે ત્યારે આ (ધોર) હુલકા કર(વેરા)થી ભૂમિને પ્રસન્ન કરે છે અને જેના યશની માલા બનાવી દિગ્નાયિકાઓ નિત્ય ધારણ કરે છે. જેષ્ઠાનું ઉલ્લંઘન કર્યા છતાં વિમલ પ્રભાવાળા, જગતને નિષ્કલંક જાણતા બિંબ (મંડલ)માં સ્થપાએલા અને હવે પછી અંધકાર ન કરનાર ઇન્દુ જેવા (સમાન) જેષ્ઠ બન્ધુનું (ગાદી પર આવતાં) ઉલ્લંઘન કર્યા છતાં, વિમલ શ્રી સંપન્ન જગતના (ભૂમિના) નિર્મલ મંડલમાં સ્થાપિત થએલો, તે કદિ દોષ કરતો નહીં. ફક્ત કર્ણના દાનથી જ ઉતરતા નિત્ય દાનવાળા પણ અન્ય કરતાં અધિક દાન કરતો તેને જોઈ કર્ણ (કાન) નીચેથી મદઝરતા દિગ્ગજો લજ્જાથી શરમાઈને દિશાઓના પ્રાન્તે (કિનારે) ઉભા રહ્યા. અન્યથી અજિત પ્રૌઢ પ્રતાપી, અખિલ ભૂતલના વિજયી, સર્વથી અધિક માનવાળા ગંગને અન્તે હરાવી બન્દીવાન કર્યો જોઈને કલિ કેદની શિક્ષાના ભયથી નાશી ગયો. અન્ય સેના ટક્કર ન લઈ શકે તેવી બલવાન સેનાથી, સહેલાઈથી પ્રાપ્ત કરેલા ગૌડ દેશની રાજ્યશ્રીના મદવાળા વત્સરાજને ત્વરાથી મેરૂ(નાં રણો) મધ્યે ક્રમ ભાગ્યના પંથ પર પ્રવેશ કરાવી તેણે તેની પાસેથી શરદ્ચન્દ્રના કિરણ જેવા શ્વેત બન્ને અનુપમ રાજછત્રો હરી લીધાં, એટલુંજ નહિ પણ તેનો યશ જે દેશોના છેડાઓ પર પહોંચ્યો હતો તે પણ હરી લીધો. તેણે વિમલ કાર્યોથી પૃથ્વી પર સ્થપાઈ ગએલા કલિને હાંકી મૂક્યો અને કૃતયુગનો મહિમા ફરીથી પૂર્ણ કર્યો હતો. આમ હોવાથી, નિરૂપમ ' કલિવલ્લભ ' શાથી કહેવાયો, તે આશ્ચર્યભરેલું છે.

(પંક્તિ ૧૪) તે ધૈર્યસંપન્ન નિરૂપમથી સાગરમાંથી શુદ્ધ અને પરમેશ્વરના ઉચ્ચ મસ્તકને સ્પર્શ કરતાં કિરણોવાળો ઇન્દુ પ્રકટયો તેમ સજ્જનોનાં માન પામેલો, શુદ્ધ આત્માવાળો તેને નમન કરતા રાજાઓનાં ઉન્મત્ત મસ્તકોથી સ્પર્શીત ચરણવાળો,—રાજ્યશ્રીને પ્રસન્ન કરનાર, મહિમા(પ્રતાપ)વાળો અને પૂર્વના ગિરિ પરથી દિવસમાં વિકાસતાં કમલને સુખકારી,

૧ લક્ષ્મી ૨ ચાલુક્ય વંશનો પુનઃ સ્થાપનાર તેલ ૨ ગ્રાન્ત સુધી જે ' ચાલુક્ય ' શબ્દ વપરાસમાં નહતો તે શબ્દ, ધરણપૂર દાનપત્રના તે જ શ્લોકમાં છે તેમ આંહિ પણ વપરાયો છે તે પરથી વિચિત્ર છે. કારણ કે આ દાનપત્રની તારિખ પછી આશરે ૧૬૦ વર્ષ પછી ચાલુક્ય વંશની પુનઃ સ્થાપના થઈ હતી. ૩ વિશેષનામ તરીકે અથવા ઉપનામ તરીકે લઈ શકાય આખા તે પૃથ્વીનો પ્રિયપતિ, મિત્ર યા વ્હાલો એટલે કે રાજા એમ અર્થ લઈ શકાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચણ્ડ પ્રતાપવાળા નિત્ય ઉદય પામતા સૂર્ય સમાન ગોવિંદરાજ પુત્ર ઉદ્ભવ્યોઃ. યદુકુળ મધુરિપુ[1]ના જન્મથી અજિત બન્યું તેમ તે ગુણી સ્થાનના જન્મથી શ્રી રાષ્ટ્રકૂટ કુલ (અન્વય) દુશ્મનોથી અજિત બન્યું. શત્રુઓને સ્પષ્ટ રીતે પોતાના અનુચરો જેવા જ કર્યા; કારણ કે શત્રુઓને મારથી હાંકી કાઢીને દેશની આશા (હદ) બનાવી અને તેમને અન્ન, આભૂષણોનો ત્યાગ કરાવ્યો, જ્યારે અનુચરોને, ઔદાર્યથી, અભિલાષની હદ બતાવીને ઉન્મત્ત બનાવ્યા અને મોતીના હારથી આભૂષિત કર્યા. [કૃષ્ણ સમાન ત્રિભુવનને આપદ્દમાં રક્ષે તેવી શક્તિવાળું તેનું દૈવી રૂપ જોઈ તેનો પિતા તેને પૃથ્વી પર સંપૂર્ણ સત્તા અર્પતો હતો ત્યારે[2]] તેણે તેના પિતાને આ યુક્ત વાણી કહીઃ "પિતા ! આ તમારે આધીન છે. ઉલ્લંઘન ન કરાય તેવી આજ્ઞા જેવો આ તમારો આપેલો કણ્ઠિક[3] (હાર) મેં નથી લીધો ?" અને જ્યારે તેના આ પિતા સ્વર્ગવાસી થયા અને અહીં ફક્ત તેમની કીર્તિ જ રહી ત્યારે તેણે એકલાએ, અતિ વિખ્યાત પ્રતાપથી, પૃથ્વી પ્રલય કરનાર અતિ ઉષ્ણતા પ્રસરતો અગ્નિ બાર (૧૨) સૂર્યનું તેજ હરે છે તેમ પૃથ્વીનો નાશ કરવા તત્પર જોગા મળેલા બાર (૧૨) પ્રસિદ્ધ નૃપોનું તેજ સત્વર હરી લીધું. અતિદયાથી લાંબી કેદમાંથી મુક્ત કરી, તેના પોતાના દેશમાં પાછો મોકલેલો ગંગ જ્યારે અતિ મદથી તેના સ્હામો થયો ત્યારે તેની ભવ્ય ભ્રમરોમાંથી ક્રોધ જણાય તે કરતાં પણ ટૂંક સમયમાં, તેણે બાણોના વિક્ષેપ[4] (વરસાદ)થી તેનો સત્વર પરાજય કરી ફરીથી કેદ કર્યો. નયપરાયણ માલવાના નાયકે તેની સંપદ્ તેના ચરણને નમન કરવા ઉપર પૂર્ણ આધારી છે તેમ દૂરથી જોઈ, કરની અંજલિ કરી (બે હાથ જોડી) નમન કર્યું. કયો અલ્પશક્તિવાળો પ્રજ્ઞજન, બલવાન પુરૂષ સાથે સ્પર્ધાના કિનારા પર પ્રવેશ કરે ? કારણ કે રાજનીતિ (નય) ના અધ્યયનનું ફલ, અધિકતા પોતાની કે પોતાના શત્રુની છે તે જાણવાની શક્તિ છે. વિંધ્યાદ્રિના ઢોળાવ પર તેણે છાવણી નાંખી છે એવું દૂતો પાસેથી સાંભળી અને પોતાના દેશમાં આવી પહોંચ્યો છે તેમ માની ભયભીત બનેલો મારાશર્વ રાજા તેની ઇચ્છાને અનુકૂળ કુલધનથી તેનો સદ્ભાવ પ્રાપ્ત કરવામાટે તેમ જ તેના ચરણની નમનથી પૂજા કરવા સત્વર ગયો. ઘનઘોર વાદળથી આવૃત્ત થએલા આકાશવાળી વર્ષા ઋતુ શ્રી ભવનમાં ગાળી, તે ત્યાંથી સેના સહિત તુંગભદ્રાને તીરે ગયો. અને ત્યાં રહી તેણે કે જેને બાણોના વરસાદ વડે શત્રુઓ નમતા તેણે પોતાના કરમાં હોવા છતાં પલ્લવલોકોની સર્વ લક્ષ્મીનું અદ્ભુત રીતે હરણ કર્યું. તેને નમન કરવા જોડેલી અંજલિથી શોભતા લલાટવાળા શત્રુઓએ, "ભય રાખશો નહીં" એ તેની વાણી, જે સત્યપણાથી તેની કીર્તિનું પાલન કરતી, તેનાથી જેટલા શોભતા તેટલા તેમણે (શત્રુઓએ) આપેલાં ઘણાં કિમતી રત્નોના ઢગથી પણ નહીં શોભતા તેના ચરણનો આશ્રય લીધો.

(પંક્તિ ૩૨) પવન અથવા તિ જેવું જીવિત ચંચલ અને અસાર જાણીને તેણે એક બ્રાહ્મણને પરમપુણ્ય ભૂમિદાન આપ્યું.

(પંક્તિ ૩૩) પરમભટ્ટારક મહારાજાધિરાજ પરમેશ્વર શ્રીધારાવર્ષદેવનો પાદાનુધ્યાત પ. મ. પ શ્રી પ્રભુતવર્ષ દેવ, પૃથ્વીવલ્લભ શ્રી ગોવિંદરાજ દેવ, કુશલ હાલતમાં, રાષ્ટ્રપતિ, વિષયપતિ, ગ્રામકૂટ, આયુક્તક, નિયુક્તક, આધિકારિક, મહત્તર આદિને તેમના સંબંધ પ્રમાણે જાહેર કરે છેઃ—

૧ વિષ્ણુ અથવા કૃષ્ણ ૨ જુઓ ઉપર નોંધ ૨ પા. ૧૧ મે ૩ યુવરાજની પદવીના ચિહ્નરૂપ આ 'કણ્ઠિક' હતો, એ ડૉ. ફ્લીટની સૂચના સાચી જણાય છે. એક અપ્રસિદ્ધ પૂર્વ ચાલુક્ય દાનપત્રમાં નીચેનો ફકરો આવે છે કે—તત્સુતં વિજયાદિત્યં કૃતકણ્ઠિકાપટ્ટબન્ધાભિષેકમ્ ૪ વિક્ષેપનો અર્થ ડૉ. ફ્લીટની સૂચના પ્રમાણેનો કર્યો છે અને એ અર્થ વ્યાજબી છે કારણ કે 'વિક્ષેપ' ના અર્થો 'ફેંકવું' 'મોકલવું' 'છોડવું' પાથરવું, વિગેરે થાય છે. અને વિ+ક્ષિપ નો અર્થ 'બાણ છોડવું' એવો થાય છે. પરંતુ ડૉ. ફ્લીટની દર્શાવ્યા પ્રમાણે પ્રાચ્ય વિક્ષેપનો કોઈ પારિભાષિક અર્થ થતો હોય કે જે પારિભાષિક અર્થ હજુ સુધી નહીં જાણી શકેલો હોય; કારણ કે ગુજરાત દાનપત્રોમાં વિક્ષેપ અન્ય દાનપત્રોના શબ્દ 'ક્રયવ્યાપાર' ને બદલે વપરાયો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(पं. ७७) तमने जाहेर थाओ के मयूरखण्डी शहेरमां वास करीने, आ लोक अने पर-लोकमां मारा अने मारां मातपिताना पुण्य यश माटे शकराजाना समय पछी ७३० वर्ष पछी, व्यय संवत्सरमां, वैशाखनी पूर्णिमाने दिने चंद्रग्रहण वखते नासिक्यदेशना वटनगरविषयमां अग्गकग्राम जेनी सीमाः—

पूर्वे वडवुर गाम,

दक्षिणे वारिखेड गाम,

पश्चिमे पल्लिवाड गाम अने पुलिन्दा नदी, अने उत्तरे पद्मनाल[1] गाम—

आ सीमावाळुं गाम, उद्रङ्ग सहित, उपरिक सहित, दंड अने दश अपराधनी सत्ता सहित, भूमोपात्त प्रत्याय सहित, वेठ करावववाना हक्क सहित, अन्न सुवर्णनी आवक सहित, सैनिकोना प्रवेशमुक्त, राजपुरुषोनी दखलगिरि सिवाय चंद्र, सूरज, सागर, पृथ्वी, नदीओ अने पर्वतो-ना अस्तित्व काळ सुधी पुत्रो अने वंशजोना उपभोग माटे. ब्राह्मणो अने देवोने करेला पूर्वेनां दान वर्जीय करी, अभ्यन्तरसिद्धिना नियमानुसार अने भूमिच्छिद्रन्याय प्रमाणे, आजे स्नान करी, बलि, चरु, वैश्वदेव, अग्निहोत्र अने अतिथिना पंच महायज्ञनी क्रिया चालु राखवा माटे द्विवेदी दामोदरना पुत्र चतुर्वेदी दामोदर भट्टने अने वेंगि शहेरना निवासी, त्यांना चतुर्वेदी मंडलना, भारद्वाज गोत्रना, तैत्तिरीय शाखाना ब्रह्मचारी विष्णुभट्टना पौत्रोने, में पाणीना अर्घ्य साथे आप्युं छे.

(पं. १४) आथी ज्यारे ते ब्रह्मदाय प्रमाणे आ गामनो उपभोग करे, करावे, खेती करे. अथवा बीजाने सोंपे त्यारे कोइओ लेशमात्र पण प्रतिबंध करवो नहीं. आ मारा दानने पोते दान कर्युं होय तेम भावि पवित्र नृपोओ अमारा वंशना के अन्य होय तेमणे,—भूमिदाननुं फल दान करनारने अने तेनी रक्षा करनार सर्वेने सामान्य छे अने श्री विद्युत जेवी चंचल अने अनित्य (नाशवंत) अने जीवित तृणना अग्रेजलबिंदु जेवुं चंचल छे तेम मानी अनुमति आपवी अने रक्षण करवुं.

अज्ञानना घनतिमिरथी आवृत थयेला चित्तथी आ दान जप्त करे अथवा तेमां अनुमति आपे ते पंचमहापाप अने अन्य अल्प पापोना दोषवाळो थशे.

(पं. ५४) वेदव्यास व्यासे कहुं छे के:—दान देनार स्वर्गमां ६० हजार वर्ष वास करे छे पण ते जप्त करनार अथवा तेमां अनुमति आपनार तेटलां ज वर्ष नरकमां वसे छे. रामभद्र फरी फरी भावि नृपोने तेनी याचना आम करे छे— " नृपोनां पुण्य कर्मनो सेतु सर्वदा तमारे रक्षवो जोइओ " अने निर्मल चित्तवाळा अने आत्मलाभना विचारवाळा जनोओ, श्री अने जीवित कमळपत्र परना जलबिंदु जेवुं चंचल मानीने शुं अन्य जनोनो यश पण न रक्षवो जोइओ ?

(पं. ६१) दानपत्रनो लेखक वत्सराजनो पुत्र श्री अरुणादित्यः द्वूतक-भूविराम.

१ अन्य लेखोमां आ नाम कोल्हापुर उपर पन्नाल नामना पर्वतदुर्गना संस्कृत नाम तरीके वपरायु छे परंतु आ लेखमां ते रीते धारवामां आवी शके नहीं.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નં૦ ૧૨૨

રાષ્ટ્રકૂટ રાજા ગોવિંદ ૩ જાનાં રાધનપુરનાં પતરાં[1]

શક. સંવત ૭૩૦ શ્રાવણ વદ અમાવાસ્યા

પ્રોફેસર બુલ્હરે આ લેખ ઈન્ડીયન એન્ટીકવેરી, વો. ૬ પા. ૫૯ ઉપર પ્રસિદ્ધ કર્યો છે. એમને મુંબાઈ ઈલાકામાં પાલણપૂરના પોલિટિકલ સુપરિન્ટેન્ડન્ટની દેખરેખ તળે આવેલા રાધનપૂર સ્ટેટના અધિકારીઓ તરફથી તે લેખ આપવામાં આવ્યો હતો. આ લેખની ખરી પ્રતિકૃતિ પ્રસિદ્ધ કરવાની જરૂર જણાયાથી ડો. ફ્લીટે મારા ઉપયોગ માટે આપેલી, તે શાહિની છાપો ઉપરથી હું ફરીથી પ્રસિદ્ધ કરું છું. ડો. ફ્લીટે એ છાપો પાલણપૂરના પોલિટિકલ સુપરિન્ટેન્ડેન્ટ પાસેથી ૧૮૮૪ માં મેળવી હતી. પતરાં વાસ્તવિકરીતે કોનાં છે તે વિષે કંઈ માહીતિ મળતી નથી.

આ લેખ બે તામ્રપત્રો ઉપર છે. તેમાનું એક એક જ બાજુએ કોતરેલું છે. ત્રીજું પતરું ખોવાઈ ગએલું હોવાથી લેખ અધુરો છે. તે સાથેની કડી અને મુદ્રા પણ ખોવાઈ ગયાં છે. દરેક પતરું લગભગ ૧૧૬" × ૬૬" માપનું છે. લખાણના રક્ષણ માટે ઠાંહા જાડા કરેલા છે. પણ સપાટી બહુ કટાઈ ગઈ છે,— આ હકીકત ઈ. સ. ૧૮૭૭ માં પ્રો. બુલ્હરના લેખ સાથે પ્રસિદ્ધ થએલા ફોટો લિથોગ્રાફમાં તદ્દન ઢંકાઈ ગઈ હતી— એટલે કેટલાક અક્ષરો અસ્પષ્ટ છે. બન્ને પતરાંનું વજન ૪ પૌંડ ૬½ ઔંસ છે. અક્ષરો પાછળના ભાગમાં આંખા દેખાય છે, અને કોતરનારના હથીઆરની નિશાનીઓ પણ તેના ઉપર છે. અક્ષરનું કદ લગભગ ⅛" અને ¼" વચ્ચે છે. લીપિ ઉત્તર તરફની છે.

રાષ્ટ્રકૂટ રાજા ગોવિંદ ૩ જાના એક દાનનો આ લેખ છે. 'ઓં' પછીની શરૂવાતની ૧૯ પંક્તિઓમાં રાજા કૃષ્ણરાજ (૧) તેનો પુત્ર ધોર (ધ્રુવ) નિરુપમ કલિ વલ્લભ અને તેનો પુત્ર તથા આ દાનના દાતા ગોવિંદરાજ(૩)નાં યશોગાન છે. આ લેખના શ્લોકો ૭, ૧૫ અને ૧૯ તથા ૧૨ માનો પ્રથમાર્ધ તથા ૧૩ માંના થોડા ભાગ સિવાય બધા શ્લોકો ડો. ફ્લીટે ઈ. એ. વો. ૧૧ પા. ૧૫૭ માં પ્રસિદ્ધ કરેલા વાણીના દાનપત્રમાં પણ આવે છે. અને બધા ૧૯ શ્લોકો—એપિ. કર્ના. વો. ૪ પ્રસ્તાવના પા. ૫ માં બતાવેલા મણેણુર દાનપત્રમાં આપેલા છે, અને તેનો ફોટોગ્રાફ મી. રાઈસ પાસેથી મળેલો ડો. ફ્લીટે મને આપ્યો છે. ૯ મો શ્લોક પણ ઈ. એ. વો. ૧૨ પા. ૨૧૮ માં શિરૂરના લેખના પાઠની પંક્તિ ૨ અને ૩ માં આવે છે.

ઉપર કહેલી પ્રશસ્તિ, જેનું સંપૂર્ણ ભાષાંતર નીચે અપાશે, તેના પછી પતરાની ૩૮ મી પંક્તિમાં સાધારણ શ્લોક આવે છેઃ-

(શ્લોક ૨૧) "તેણે (ગોવિંદ રાજે) આ જીવિતને અનિલ વિદ્યુત માફક ચંચલ અને અસાર જોઈને જમીનનું દાન હોવાથી અતિ પુણ્યદાયી દાન એક બ્રાહ્મણને આપ્યું છે."

આ શ્લોક પછીના ગદ્યના ફકરામાં રાજા પ્રભૂતવર્ષ રાષ્ટ્રપતિઓ તથા અન્ય અધિકારીઓને હુકમ આપે છે કે, મયૂરખંડીમાં નિવાસ કરીને, એક સૂર્યગ્રહણને સમયે–જેની તારીખ નીચે આપવામાં આવશે– રાસિયન ભુક્તિમાં આવેલું રંતજ્જુણ (અથવા રત્તજ્જુણ) ગામ પરમેશ્વર ભટ્ટ—ચંડિયમ્મગહિય સાહસનો પુત્ર અને નાગૈય્ય ભટ્ટનો પૌત્ર–જે દિંગવિમાં રહેતો હતો, અને જે તે સ્થળની ત્રિવેદી જ્ઞાતિનો હતો, અને જે તૈત્તિરીય વેદનો શિષ્ય હતો અને ભારદ્વાજ ગોત્રનો હતો તેને પાંચ યજ્ઞો ચાલુ રાખવા માટે દાનમાં આપ્યું હતું.

૧ એ. ઈ. વો. ૬ પા. ૨૩૯ એફ્. બીલ્હોર્ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રત્તજ્જુણુ ગામની સીમાઃ— પૂર્વે સિંહા નદિ દક્ષિણે વલુલાલા; પશ્ચિમે મિરિયઠાણુ; અને ઉત્તરે વરહુગ્રામ. અને તે ગામના સંબંધમાં વધુ કહ્યું છે કે. તે કેટલાક બ્રાહ્મણોનું ગામ હતું– જેમાં મુખ્ય અનંતવિષ્ણુભટ્ટ, વિટ્ઠડુવે (જહ ?) વિગેરે હતા તે ચાળીસ મહાજનો માંહેલા હતા. આ હકીકત ઉપરથી જણાય છે કે નિર્દિષ્ટ લોકો ગામમાં સ્થાયી થયેલા હતા.

આમાં બતાવેલાં સ્થળોમાં રાસિયન એ પ્રો. બુલ્હરે અમદાવાદ જીલ્લાનું હાલનું **રાસિન** તરીકે ઓળખાવ્યું છે. તે ઈંડીયન એટલાસ શીટ નં૦ ૩૬માં લે. ૧૮°૨૮' અને લાં ૭૪°૫૯' ઉપરનું 'રસીન' છે. દાનમાં આપેલું ગામ, રત્તજ્જુણુ અથવા રત્તજ્જુણુ એ ગેઝેટીઅર' ઓફ ધી બોમ્બે પ્રેસિડેંસી વો. ૧૭ પા. ૩૫૨ માં "રાટાજન ગામ તરીકે ઓળખાવ્યું છે. એ પોસ્ટલ ડીરેકટરીનું 'રાટંજન' અને ઈંડીયન એટલાસ, શીટ નં૦ ૩૯ માં 'રસીન' થી લગભગ ૨૪ માઈલ ઉત્તર ઈશાનમાં આવેલું 'રતુંજન' છે. તે 'સીના' એટલે દાનમાં આપેલી 'સિંહા' નદિના પશ્ચિમ કિનારા ઉપર આવેલું છે. તેની દક્ષિણમાં બરોબર ૩ માઇલ ઉપર 'બબૂલગામ' એટલે દાનનું 'વલુલાલા;' આવેલું છે; અને 'રતુંજુન' થી પશ્ચિમે બે મૈલ ઉપર 'મીરૂજગાંવ' છે, તે મિરિયઠાણુ હોવું જોઇએ. છેવટે રત્તજ્જુણુની ઉત્તરે આવેલા વરહુ ગ્રામનું નામ 'વુરગાંવ' અને 'વુરગાંવ કોટ' એ નામોથી ચાલુ રહ્યું છે. તે ઈન્ડીયન એટલાસ શીટ નં૦ ૩૯ માં 'રતુંજુન' ની ઉત્તર પશ્ચિમે અનુક્રમે આઠ અને પાંચ મૈલ ઉપર આવેલાં છે. તિગવિ એ ડો. ફ્લીટ 'તુગાંવ' હોવાનું સૂચવે છે. તે ઇન્ડીયન એટલાસ શીટ ૩૮ માં આપેલાં 'સુંગુમ્નર' સંગમ્નેરની ઈશાન ઉત્તરમાં આશરે ૮ મૈલ ઉપરનું ગામ છે. તે 'રતુંજુન' થી વાયવ્ય ઉત્તરમાં આશરે ૮૦ મૈલ દૂર હશે. મયૂરખંડી જ્યાંથી દાન આપ્યું હતું, તેને માટે જુઓ ડો ફ્લીટનું 'ડાયનેસ્ટીઝ' પા. ૩૬૬.

આગળ કહ્યું છે તેમ આ દાન એક સૂર્યગ્રહણ સમયે અપાયું હતું, અને તે તિથિ શક સંવત ૭૩૦ (શબ્દમાં જ આપ્યું છે) અને સંવત સર્વજિતના શ્રાવણ કૃષ્ણ પક્ષ પડવાની છે. અગાઉ હું કહી ચૂકયો છું— (જુઓ. ઈ. એ. વો. ૨૩ પા. ૧૩૧, નં૦ ૧૦૮ અને સરખાવો વો. ૨૫ પા. ૨૬૭, ૨૬૯ અને ૨૯૨)—કે શક સંવત ૭૩૦ ગતની આ તારીખ ૨૭ મી જુલાઈ ઈ. સ. ૮૦૮, જે વખતે હિંદુસ્તાનમાં સંપૂર્ણ સૂર્યગ્રહણ દેખાયું હતું, તે દિવસને મળતી આવે છે. સર્વજિત સંવત તારીખ સાથે ઉત્તરની ગણત્રી પ્રમાણે જોડી શકાય છે, કારણ કે ચોક્કસ * સરેરાસ ગણત્રીની પદ્ધતિ મુજબ સર્વજીત ૨૬ મી મે, ઈ. સ ૮૦૮ને દિવસે પૂરૂં થયું હતું, અને દક્ષિણની રીતિ પ્રમાણે સર્વજિત શક–સંવત ૭૩૦ ચાલુની બરોબર થાય છે.

બીજા પતરામાં અન્તે હંમેશ મુજબની દાન મેળવનારને નિર્વિઘ્ને ઉપભોગ કરવા દેવાની આજ્ઞા છે. અને ખોવાઈ ગયેલા ત્રીજાં પતરામાં આવો કંઈ ઉલ્લેખ તથા આશીર્વાદ અને શાપના થોડા શ્લોકો હશે એવું માની શકાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

अक्षरान्तर[1]

पतरूं पहेलुं

१ ॐ[2] [॥*] सं वोव्याद्वेधसा धाम यन्नाभिकमलं कृतं [।*]हरश्च यस्य कान्ते-
न्दुकलया कमलं कृतं [॥१*]भूपोभवद्वृ [वृ]हदुरस्थलराज-
२ मान श्रीकौस्तुभायतकरैरुपगूढकण्ठैः [।*] सत्यान्वितो विपुलचक्रविनिर्जिता-
रिचक्रोप्यकृष्णचरितो भु-
३ वि कृष्णराजः [॥२*] पक्षच्छेदभयाथ्[श्रि]ताखिलमहाभूभृत्कुलभ्राजि-
तात् दुर्लंघ्यादपरैरनेकविमलश्राजिष्णु-
४ रत्नान्वितात् [।*] यश्चालुक्यकुलादनूनविबु[बु]धव्राताश्रयो वारिधेर्ल-
क्ष्मीन् [म्]मन्दरवत्सलीलमचिरादाकृष्टवांन्वर्ल्लभः [॥३]
५ तस्याभूत्तनयः प्रतापविसरैराक्रान्त दिग्मण्डलैः चंण्डांशोः सदृशोप्यचण्डकरता
प्रल्हादितक्षमातलः [।] धोरो
६ धैर्यधनो विपक्षवनितावक्त्राम्बु [म्बु] जश्रीहरोहारीकृत्य यश् [ो] यदीयम-
निशं दिग्भायिकाभिर्धृतं [॥४] ज्येष्ठो[ल्]लंघन-
७ जातयाप्यमलया लक्ष्म्या समेतोपि सं[10] योभून्निर्मलमण्डलस्थितियुतो दोषाकरो न
कचित् [।×] कर्णाधस्थितदानसं-
८ ततिभृतो यस्यान्यदानाधिकं दानं वीक्ष्य सुल[ज्]जिता इव दिशां प्रान्ते
स्थिता दिग्गजाः [॥५]अन्यैर्न[11] जातु विजितं
९ गुरुशक्तिसारमाक्रान्तभूतलमनन्यसमानमानं [।] येने ह व[ब]द्रमव-
लोक्य चिराय गंग [ा]
१० दूरं स्वनिग्रहभियेव कलिः प्रयातः [॥६] एकत्रात्मव [ब][12]लेन[13] वा[र]
इनिधिनाप्यन्यत्र रुध्वों घनं निष्कृष्टा [सि]-[14]
११ भटोद्धतेन विहरद्ग्राहातिभीमेन च [।] मातंगान्मदवारिनिर्ज्झरमुचः प्राप्या-
नतात्पल्लवात्
१२ तच्चित्रं मदलेशमप्यनुदिनं य स्पृष्टवां न[15] क्वचित् [॥७] [हेला] स्वी [कृ]
तगौड राज्यकमलामत्तं प्रवेश्याचिरांत् दु-

---

१ ડો. ફ્લીટે આપેલી છાપ ઉપરથી, ૨ ચિહ્નરૂપ દર્શાવેલ છે. ૩ છંદ શ્લોક અનુષ્ટુપ ૪ છંદઃ વસંતતિલકા ૫ ક પહેલાં અનુસ્વારની નિશાની કોતરેલી હતી, પણ પાછળથી ભૂંસી નાંખવામાં આવી છે. ૬ શ્લોક ૩–૫ છંદઃ શાર્દૂલવિક્રીડિત ૭ વાંચો શ્રાજિતાદ્ ૮ વાંચો ષ્ટવાન્ ૯ વાંચો લક્ષ્મણાંશોઃ ૧૦ વાંચો સન્ ૧૧ છંદ વસંતતિલકા ૧૨ છંદ શ્લોક ૭–૮ શાર્દૂલવિક્રીડિત ૧૩ આ પાઠ તદ્દન ચોકકસ છે. પ્રો. બ્યુલ્હર બહેન વાંચે છે ૧૪ વાંચો સ્દ્ધા ૧૫ મણે દાનપત્રમાં નિષ્કૃષ્ટાસિ પાઠ છે. પ્રો. બ્યુલ્હરના અક્ષરાન્તરમાં નિષ્કૃષ્ટારિ છે; અને ફોટોલિથો આકૃમાં પંક્તિ ૧૦ મીને અંતે સ્પષ્ટરીતે રિ અક્ષર છે; પરંતુ મારી માન્યતા પ્રમાણે, તે અક્ષર ખરી રીતે કદિ પણ કોતરેલો ન હતો અને તેની હાજરી પ્રો. બ્યુલ્હરના કાલ્પનિક પાઠને આભારી છે ૧૬ વાંચો સ્પૃષ્ટવાન્ ૧૭ વાંચો આચિરાદ્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

१३ मार्गं मरुमध्यमप्रतिव[ब]लैर्यो वत्सराजं व [ब] लै [:] [।*] गौर्डायं शरदिन्दुपादधवलंच्छत्रद्वयं केवल [ं] तस्मान्नाह्व-

१४ त तद्यशोपि ककुभां प्रान्ते स्थितं तत्क्षणात् [॥८*] लब्ध्व[ब्ध]प्रतिष्ठेम-चिराय कलिं सुदूरमुत्सार्य शुद्धचरितैर्द्धर-

१५ णीतलस्य [।*] कृत्वा पुनः कृतयुगश्रृ[श्रि]यमप्यशेषं चित्रं कथं निरुपमः कलिवल्लभोभूत् [॥९+] र्योभूर्धैर्यवतः

१६ ततो निरुपमादिन्दुर्यथा वारिधेः शुद्धात्मा परमेश्वरोन्नतशिरः संसक्तपादः सुतः [।*] पद्मानन्दकरः

१७ प्रतापसहितो नित्योदयः सोन्नतेः पूर्वाद्रेरिव भानुमानभिमतो गोविंदराजः सतां [॥१०+] यस्मि [ं] सर्व-

१८ गुणाश्रये क्षितिपतौ श्रीराष्ट्र[र्]कूटान्वयो जाते यादववंशवन्मधुरि [पा+] वासीदलंध्यः परैः [।+] दृष्टाशा-

बीजुं पतरूं—प्रथम बाजु

१९ वधयः कृतास्यसदृशौ दानेन येनोद्धता मुक्ताहारवि भू [षितौ] स्फुटमिति प्रत्यर्थि [नोप्] यर्थिन् [ओ] प्यस्याकार-

२० ममानुषं तृ [त्रि] भुवनव्यापत्ति रक्षोचितं कृष्णस्येव निरीक्ष्य यच्छति पितर्यै-कोधिपत्यं भुवः [।*] आस्तां तात त-

२१ वैतदप्रतिहता दत्ता त्वया कण्ठिका किन्नाज्ञेव मया धृतेति पितरं युक्तं वचो योभ्यधात् [॥१२*] तस्मिं स्वर्ग-

२२ विभूषणाय जनके जा[या]ते यशः शेषतामेकीभूय समुद्यतां वसुमतीसंहारमाधिच्छया [।*] विच्छोयां

२३ सहसा व्यधत्त नृपतीनेकोपि योद्वादश ख्यातानप्यधिकप्रतापविसरैः संवर्तकोर्कानिव [॥१३*] येना-

२४ त्यन्तदयालुनाथ निगडक्लेशादपास्यायतात् स्वं देशं गमितोपि दर्पविसराद्यः प्रातिकूल्ये स्थितः [।*] या-

---

१ वांचो छत्र २ छंदः वसंततिलका ३ पहेलां ४ ઉપર અનુસ્વારની નિશાની કોતરી હતી પણ પાછળથી ભૂંસી નાખવામાં આવી છે, ४ श्लोक १०-२०: शार्दूलविक्रीडित वांचो प्राभूद्धैर्यवतस् ५ वांचो यस्मिन् ६ वांचो कृतः सुसदृशा ७ આંહિ भूषणा હોવાનું ધારતો હતો. પરંતુ પતરાંમાં ચોખ્ખી રીતે भूषिता પાઠ છે, જે વાણી અને મણ્ડોનાં દાનપત્રોમાં પણ છે ८ वांचो अर्थिनाम् [११] यस्याकार ९ वांचो तस्मिन १० वांचो समुद्यतान् ११ प्रथम वसुमति એમ કોતરેલું હતું, પરંતુ અનુસ્વારનું ચિહ્ન રપષ્ટ રીતે ભૂંસી નાંખવામાં આવ્યું છે. १२ वांचो विच्छायान्

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨૫ વન્ન શ્રુવુ [કુ]ટી લલાટફલકે યસ્યોન્નતે લથયતે વિક્ષેપેણ વિજિત્ય તાવદ-
ચિરાદ્ધ[બ]ધ્વઃ સ **ગંગઃ** પુનઃ [॥ ૧૪] સં-

૨૬ ધાયાશુ શિલીમુખાં[1] સ્વસમયાં વા[બા]ણાસનસ્યોપરિ પ્રાપ્તં વર્દ્ધિતવં [વં]
ધુજીવવિભવં પદ્માભિવૃધ્ધ્યન્વિ-

૨૭ તં [।+]સન્નક્ષત્રમુદીક્ષ્ય યં શરદતું પર્જન્યવદ્દૂર્જરો નષ્ટઃ ક્વાપિ ભયાત્તથા ન
સમરં સ્વ-

૨૮ મેપિ પશ્યેદ્યથા [॥ ૧૫+]યત્પાદાનતિમાત્રકૈકશરણમાલોક્ય લક્ષ્મી [·*]
નિજાં દૂરાન્માલવના-

૨૯ યકો નયપરો યં પ્રાણમત્પ્રાંજલિઃ [।*] કો વિદ્વાં[2] વલિના સહાલ્પવ [બ]
લક સ્પર્ધ્ધાં વિધત્તે પરં[3] ની-

૩૦ તેસ્તાદ્ધિ ફલં યદાત્મપરયોરાધિક્યસંવેદનં [॥ ૧૬*] વિંધ્યાદ્રેઃ કટકે નિવિષ્ટ-
કટકં શ્રુત્વા ચરૈર્યં નિજૈઃ સ્વં દેશં

૩૧ સમુપાગતં ધ્રુવમિવ જ્ઞાત્વ[ા]ભિયા પ્રેરિતઃ [।*] માર[ાશ]ર્વ મહીપતિ
ર્દ્રુતમ્ [અગ્ *]આદપ્રાપ્તપૂર્વૈઃ પરૈઃ[4] યસ્યેચ્છામ-

૩૨ નુકૂલયં કુલધનૈઃ પાદૌ પ્રણામૈરપિ [॥ ૧૭×] નીત્વા શ્રીભવને ઘનાઘનઘન
વ્યાપ્તાંબ[બ]રાં પ્રાવૃષં તસ્મા-

૩૩ દાગતવાં સમં નિજબ[બ]લૈરાતુંગભદ્રાતટે [।+] તત્રસ્થઃ સ્વકરસ્થિતાગ્રિપ
પુનર્ન [નિ]ઃ શેષમાકૃષ્ટવાં વિક્ષેપૈરપિ

૩૪ ચિત્રમાનતરિપુર્ય[5]ત્ પલ્લવાનાં શ્રૂ[શ્રિ]યં [॥૧૮*] લેખાહારમુખોદિતાર્દ્ધ-
વચસા યત્રૈત્ય વેઙ્ગીશ્વરો નિત્યં કિંકરવદ્વ્ય-

૩૫ ધાદવિરતઃ કર્મ સ્વશર્મેચ્છયા [।*] વાહ્યાલીવૃતિરસ્યયેન રચિતા વ્યોમાગ્રલગ્ના
[ર]ચતં રાત્રૌ મૌક્તિકમંલિ-

૩૬ કામિવ વૃતો મૂર્દ્ધસ્થતારાગણૈઃ [॥૧૯+] સંત્રાસાત્પરચક્રરાજકમગાત્તત્પૂર્વસેવા-
વિધિઃ[12] વ્યાવદ્ધાંજલિ-

૩૭ શોભિતેક[ન]શરણં મૂર્દ્ધ્ના યદંહ્ર [હિ] દ્વયં [।-] યદ્યદ્દત્તપરાર્ધ્યભૂષણ-
ગણૈર્[13]નાલંકૃતં [ત×]ત્તથા મા ભૈષી-

---

૧ વાંચો મુખાન્ ૨ વાંચો મયાન્ ૩ વાંચો વિદ્વાન્ વલિના ૪ પ્રથમ પરામ્ કોતરેલ હતું, પરંતુ બીજા પદનો આ પાછળથી કાઢી નાંખવામાં આવ્યો જણાય છે. ૫ વાંચો પરૈર્ ૬ વાંચો કુલયન્ ૭ વાંચો તવાન્ ૮ વાંચો ષ્ટવાન્ ૯ વાંચો આરવદ્ (આ પાઠની ચર્ચા વિષે જુઓ ને. ૧ એ. ઇ. વો. ૬ પા. ૨૪૧) ૧૦ પ્રથમ મૌક્તિકે એમ કોતરેલ હતું, પરંતુ પછીથી ઉપરની માત્રા ખોટી નાંખવામાં આવી છે. ૧૧ પ્રો. વ્યુહ્લર કૃતા પાઠ વાંચે છે, જે કદાચ સંભવિત છે. ૧૨ વાંચો વિધિવ્યાવદ્ધ ૧૩ ણ અને ર્ના ની વચ્ચે મૂળમાં કોઈ બીજો અક્ષર કોતર્યો હશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

बीजुं पतरूं— बीजी बाजु

३८ रिति सत्यपालितयशस्थित्या यथा तद्विरानं[1] [॥२०*][2] तेनेदमनिलविद्यु[च्च] चंचलमवलोक्य जीवितमसारं [।*] क्षिति-

३९ दानपरमपुण्यः प्रवर्तितो व्र[ब्र]ह्मदायोयं [॥२१*] स च परमभट्टारकमहारा-

४० जाधिराजपरमेश्वर श्रीम-

४१ दवारावर्षदेव पादानुध्यात परमभरमभट्टारक[3] महाराजाधिराज परमेश्वर पृथ्वीव-

४२ ल[ल्ल]भ श्रीमत्प्रभू-

४३ तवर्ष श्री श्रीवल्लभनरेन्द्रदेवः कुशली सर्वानेव यथासम्बध्यमानकां[4] राष्ट्रपति

४४ विषयपति ग्रामकूटाकूंयु-[5]

४५ क्तकनियुक्तकाधिकारिकमहत्तरादी[6] महत्तरादी समादिशयत्यस्तु वः संविदितं यथा

४६ श्रीमयूरखण्डीसमावासिते-

४७ न मया मातापितरोरात्मनश्चैहिकामुष्मिकपुण्ययशोभिवृद्धये । तिगावि[7]वास्तव्यत

४८ [त्त] त्रैविद्यसामान्यते [त्ते]त्तिरीय-

४९ यसव्र[ब्र]ह्मचारि भारद्वाजसगोत्र नागैय्यभट्ट पौत्राय चन्दियम्मगहियसाह[8]-

५० सपुत्राय परमेश्वरभ-

५१ ट्टाय रासियनभुक्त्यन्तर्गतः रत्तज्जुण[9] नामग्रामः तस्य चाघाटनानि पूर्वतः

५२ सिन्हा नदी दक्षीणतः व-

५३ वुलाला पश्चिमतः मिरियठाण उत्तरतः वेरहग्रामः[10] एवमेयं[11] चतुराघाटनोपल-

५४ क्षितः तथा अ-

५५ नन्तविण्णु[ष्णु]भट्ट विट्ठुडुवे [झें] गोइन्द[ं]मषडंग [वू] इ [त्त ?[12]]

५६ सव्वैभट्ट चन्दडि भट्ट कुण्ठनागैभट्ट माध-

५७ वैरियप्पु विट्ठुपुदेवणैय्यभट्टरेयैय्यभट्टेत्येवमादिप्रमुखानां [णां]त्रा [ब्रा]ह्मणा-

५८ नां चत्वारिंशन्महाजन समन्वितानां रत्तजुणग्रामः सोद्रंगः सपरिकरः स-

---

१ वांचो तद्विरा २ छंदः आर्या ३ वांचो परमभट्टारक ४ वांचो संबध्यमानकान् ५ वांचो ग्रामकूटायु ६ वांचो आदीन् संमादिशति अस्तु ७ आ चिह्न भूंसी नांखवुं जोईओ ८ प्रो. ब्युह्लर आ गामनुं नाम तिगंवि वांचे छे, परंतु छापोमां अनुस्वारनुं चिह्न शब्द उपर मने मालुम नथी पडतुं. ९ य अक्षर भूलथी फरीथी लखायो छे, जे भूंसी नाखवो जोईओ. १० आ शब्दना प्रथम य उपर अनुस्वार कोतरनियमो रवामां आव्युं हशे. प्रो. ब्युह्लर चन्द्रियम्म नाम वांचे छे. ११ आंहि अने पछीनी केटलीक जगाओ संधिना पाळवामां आव्या नथी १२ प्रो. ब्युह्लर वदह नाम वांचे छे—परंतु बीजो अक्षर चोकसपणे मों छे. १३ प्रो. ब्युह्लर एवमेव वांचे छे. १४ आ पंक्ति अने पछीनी पंक्तिनां नामोमां प्रो. ब्युह्लर चौद अक्षरो जूदी रीते वांचे छे. १५ हुं खात्रीथी एम कही शकतो नथी, के कौंसमांनो अक्षर असलमां त्त छे, परंतु चोकस पणे ओ त्त जेवो लागे छे. १६ कदाच आ अंतनो इ (त्) पंक्ति उपर वि अने स नी वच्चे कोतरो हतो

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

५० दशापराधः समूतोपात्तप्रत्यायः सोत्पद्यमानविष्टिकः सधान्यहिरण्यादेयः अचाट-

५१ भटप्रावेश्यः सर्वराजकीयानामहस्तप्रक्षेपणीयः आचन्द्रार्कार्णवक्षितिसरित्पर्वत-

५२ समकालीनः पुत्रपौत्रान्वयक्रमोपभोग्यैः पूर्वप्रत्तदेवत्रा [ब्र] ह्मदायरहितो भ्यन्त-रसि[द्]ध्या भू-

५३ मिच्छिद्रन्यायेन श[क×]नृपकालातीत संवत्सरशतेषु सप्तसु तृ[त्रि]शदुत्तरेषु सर्वजिन्नाम्नि संवत्[स]-

५४ रे श्रावण वहुलै अमावास्यां सूर्यग्रहण पर्वणि वे [त्र]लेचरुवैश्य [श्च] देवा-ग्निहोत्रपञ्चमहायज्ञै-

५५ कृ[क्रि]योत्सर्पणार्थं स्नात्वाद्योदकातिसर्गेण प्रतिपादितः [।] यतोस्योचि-तया व्र[ब्र]ह्मदायस्थित्या-

५६ भुंजतो भोजयतः कृषतो कर्षयतः प्रतिदिशतो वा न कश्चिदल्पापि परिपंथना कार्या

१ असलमां क्रमोप भाग्यः छे तरेलुं हतुं. २ वांचो बहुलामावास्याम ३ आ शब्द पहेलां पाणी दान-पत्रनी पेरे आग्निहोत्रातिथि એમ પાઠની ધારણા રાખી શકાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાષાન્તર

ૐ (શ્લોક. ૧) જેના નાભિકમળને બ્રહ્માએ નિવાસસ્થાન કર્યું છે અને હર જેનું શિર ઈન્દુકલાથી મંડિત છે તે તમારૂં રક્ષણ કરો !

(શ્લો. ૨) વિશાળ વક્ષઃસ્થળ પરના ઝળહળતા કૌસ્તુભમણિનાં લાંબાં કિરણોથી ઢંકાએલા કંઠવાળો, સત્યસંપન્ન, અને વિપુલ ચક્રથી અરિગણનો પરાજય કરનાર, કૃષ્ણ સમાન ભૂમિ પર કૃષ્ણરાજ, જેનો કંઠ તેના વિશાળ વક્ષઃસ્થળને આલિંગન કરતી લક્ષ્મીદેવીના પ્રસારેલા કરથી ઢંકાએલો હતો, જે સત્યસંપન્ન હતો, અને જેણે મહાન સેનાથી શત્રુઓનો વિજય કર્યો હતો અને જેનાં કૃત્યો ઝાળાં નહતાં તે હતો.

(શ્લો. ૩) દેવમંડળથી ધારણ થએલા મન્દર પર્વતે, ત્વરાથી અને સહેલાઈથી, પક્ષ-છેદનના ભયથી આશ્રય લેતા મોટા પર્વતોના સમૂહથી પ્રકાશતા, દુસ્તર અને ઝળહળતાં રત્નોથી પૂર્ણ સાગરમાંથી લક્ષ્મી હરી લીધી તેમ સમસ્ત પ્રજ્ઞ જનોની સહાયથી, પક્ષ છેદનના ભયથી-આશ્રિત મહાન રાજકુલોથી મંડિત, અજિત અને વિમલ પ્રભાવાળા ખ્યાતનામવાળા ચાલુક્ય અન્વય(કુલ)માંથી લક્ષ્મી, તે વલ્લભે ત્વરાથી અને સહેલાઈથી હરી લીધી.

(શ્લો. ૪) તેને, ચણ્ડ કિરણોથી સર્વ દિશાઓમાં ત્રાસ આપનાર સૂર્ય માફક મહાન પ્રતાપથી ભૂમંડલમાં આણ વર્તાવનાર અને તે છતાં માણસોને હલકા કરો(વેરા)થી આનંદ આપનાર, ધૈર્યધનવાળો, અને શત્રુઓની વનિતાનાં મુખ કમલનું સૌંદર્ય હરનાર અને જેના યશની માળા દિગ્નાયિકા નિત્ય ધારતી તે ધોરનામનો પુત્ર હતો.

(શ્લો. ૫) જ્યેષ્ઠાનું ઉલ્લંઘન કર્યા છતાં વિમલ પ્રભાવાળા ઈંદુ સમાન જ્યેષ્ઠ બંધુનું (ગાદી પર આવતાં) ઉલ્લંઘન કર્યા છતાં વિમલ લક્ષ્મીથી સંપન્ન, ચોતરફ સર્વને નિષ્કલંક રાખ-નાર, સ્થિર, અને દોષરહિત હતો તેને સર્વથી (કર્ણ સિવાય) અધિક દાન કરતો જોઈ, કર્ણ નીચેથી મદઝરતા ગાલે લજ્જાથી શરમાઈ દિગ્પ્રાન્તે (દિશાઓને છેડે) ઉભા રહ્યા.

(૬) અતિ બલવાન, અજિત અને ભૂતલ પર ફરી વળનાર, અતિ મદવાળા તે ગંગને અન્તે બન્દીવાન થએલો જોઈ, કલિ કેદની શિક્ષાના ભયથી નાશી ગયો.

(૭) પલ્લવમાં એક તરફથી તરવારો ખેંચી રહેલા યોદ્ધાઓની સેનાથી અને બીજી તરફ ક્રીડા કરતા બગલાઓથી ભયાનક સાગરથી, ઘેરી લઈ અને તેને નમન કરતા તેના પાસેથી મદઝરતા માતંગો લઈને પણ, તે કદિ પણ લેશ માત્ર મદ રાખતો નહીં, એ આશ્ચર્ય ઉપજાવે તેવું છે.

(૮) અતુલ સેનાથી ગૌડની રાજ્યશ્રીની સહેલાઈથી પ્રાપ્તિ માટે અભિમાન રાખતા વત્સરાજ ને મરૂના રણમાં હાંકી મૂકી, તેની પાસેથી ગૌડના શરદ ઈન્દુના કિરણ જેવાં શ્વેત બે રાજછત્ર લઈ લીધાં, એટલું જ નહીં પણ તેનો સર્વત્ર પ્રસરેલો યશ પણ લઈ લીધો.

(૯) ભૂતલના શુદ્ધ આચારથી પ્રસ્થાપિત થએલા કલિને સત્વર હાંકી મૂકીને કૃતયુગની પુનઃ પૂર્ણ સ્થાપના તેણે કરેલી છતાં નિરૂપમ કલિવલ્લભ કેમ કહેવાયો તે અદ્ભુત છે.

(૧૦) પરમેશ્વરના મસ્તકને સ્પર્શ કરતાં, સાગરમાંથી પ્રકટ થતાં કિરણોવાળા ઈન્દુ તથા પૂર્વ દિશાના ઉંચા પર્વત પરથી નિત્ય ઉદય પામતા કમલને આનંદ આપતા સૂર્ય જેવા તે સદાચારી નિરૂપમ ને, શુદ્ધાત્મા, નૃપતિઓનાં શિર પર ચરણ રાખનાર, અસંખ્ય જનોને આનન્દ આપનાર, પ્રતાપી, સદા ઉદય પામતો, સજ્જનોનો પ્રિય ગોવિંદરાજ પુત્ર હતો.

(૧૧) આ સર્વગુણસંપન્ન નૃપના જન્મથી—યાદવવંશ જેમ મધુરિપુના જન્મથી અજિત બન્યો તેમ— શ્રીરાષ્ટ્રકુટકુલ અજિત બન્યું. તે નૃપે, પ્રતાપી શત્રુઓને દેશના બંધન પર કાઢી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મૂકી, અન્ન આભૂષણનો ત્યાગ કરાવી, અને દાનથી તેમની અભિલાષનો અંત પૂર્ણ જોતા અને મૌક્તિક હારથી ભૂષિત યાચકો જેવા જ તેમને (દુશ્મનોને) બનાવ્યા.

(૧૨) ત્રિભુવનને આપદ્મા રક્ષે તેવું તેનું અલૌકિક કૃષ્ણ જેવું સ્વરૂપ જોઈ, તેનો પિતા જ્યારે તેને પૂર્ણ સત્તા અર્પતો હતો ત્યારે તેણે તેને આ યુક્ત વાણી કહીઃ " પિતા ! આ તમારૂં છે. તમારી ન ઉથાપાય તેવી આ. જ્ઞા જેવી આ (યુવરાજની) તમારી અપેલી કંઠિકા મેં નથી ધારી ?

(૧૩) જ્યારે તેના પિતા સ્વર્ગવાસી થયા અને માત્ર તેમનો યશ જ અહીં રહ્યો હતો ત્યારે તેણે અન્યની સહાય વગર, પ્રલયાગ્નિ જેમ પૃથ્વીનો સંહાર કરવા એકત્ર થએલા ૧૨ (બાર) સૂર્યનું તેજ હરી લે છે તેમ ભૂમિ પ્રાપ્ત કરી લેવા એકત્ર થયેલા બાર (૧૨) જ્ઞાતિવાળા નૃપોનું તેજ પોતાના અધિક પ્રતાપથી સત્વર હરી લીધું.

(૧૪) પછી જ્યારે તેણે અત્યંત દયાથી લાંબા કેદમાંથી મુક્ત કરી, તેના પોતાના દેશમાં મોકલેલો ગંગ તેના અતિમદથી સામે ઉભો રહ્યો ત્યારે તેણે ભવ્ય લલાટ પર કોપ જણાય તે પહેલાં તેને હરાવી અને પુનઃ બન્દીવાન કર્યો.

(૧૫) બાણ અને અસનનાં પુષ્પો પર ભ્રમર મૂકતી, બન્ધુજીવના પુષ્પના સૌન્દર્યમાં વૃદ્ધિ કરતી અને પદ્મની વૃદ્ધિને અનુકૂળ એવી શરદૃઋતુના આગમનથી વૃષ્ટિ (વરસાદ) બંધ થાય છે તેમ બંધુજનોનાં જીવન અને વૈભવ ખીલવનાર, શ્રીની વૃદ્ધિવાળો, જેની આગળ યોદ્ધાઓ ખિન્ન થઈ જતા તેને પોતાના ધનુષ પર તેને તાકવા માટે મૂકેલાં તીર સાથે આવતા જોઈ ગુર્જર સ્વપ્નમાં પણ યુદ્ધ ન દેખે તેમ ભયથી નષ્ટ થઈ ગયો.

(૧૬) નયપરાયણ માલવનાથકે પોતાની લક્ષ્મી તેનાં ચરણનમન પર આધાર રાખે છે તેમ જોઈને તેણે દૂરથી જ અંજલિ કરી તેને નમાન કર્યું. કયો અલપશક્તિવાળો પ્રજ્ઞજન બલીઆની સાથે સ્પર્ધા કરશે ? કારણકે નીતિનું પરમ ફલ બલમાં અધિકતા પોતાની છે અથવા શત્રુની છે તેનું જ્ઞાન છે.

(૧૭) તેણે વિંધ્યાદ્રિની ટેકરીઓ પર છાવણી નાંખી છે એમ દૂતો પાસેથી સાંભળી અને તે ધ્રુવ માફક પોતાના દેશ તરફ આવે છે એમ માની મારાધીશ્વર નૃપ ભયભીત બની ... ... તેના મનની આરાધના કરવા તથા તેના ચરણના નમન માટે સત્વર ગયો.

(૧૮) ઘનઘોર વાદળથી વ્યાપેલા આકાશવાળી જ્યાં ઋતુ શ્રીભવનમાં ગાળી, તે ત્યાંથી તુંગભદ્રાને તીરે સેના સહિત ગયો. અને ત્યાં રહીને, કૂકી દઈને પણ તેના હાથમાં હતી તે પલ્લવોની લક્ષ્મી શત્રુઓને નમાવી પુનઃ પૂર્ણ હરી લીધી.

(૧૯) લેખાહારના મૂળમાંથી કૂક્ત અર્ધી જ વાણી થઈ હતી ત્યારે વેંગીનાથ નાશી ગયો. અને પોતાના સુખની ઇચ્છા રાખી, નિત્ય કિંકરવત્ એવો શ્રમ કર્યો કે તેની છાવણી આસપાસ ગગને સ્પર્શ કરતી અને રાત્રે તારકગણથી આવૃત બનતી મૌક્તિકમાલા જેવી દિવાલ કરી.

(૨૦) તેને અંજલિથી નમન કરતા, કરોથી મંડિત શિરવાળા શત્રુઓએ, તેનાં ચરણ જે તેમણે ભેટ કરેલાં અતિસુંદર આભૂષણો કરતાં, " ભય રાખશો નહીં " એ શબ્દો જેની સત્યતાનું પાલન તેના યશની રક્ષા કરે છે તે(શબ્દો)થી અધિક શોભિતા થતા હતા તેનો આશ્રય લીધો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નં૦ ૧૨૩

ગુજરાતના રાષ્ટ્રકૂટ રાજા કર્ક ૨ જાનું દાનપત્ર[1]

શક સં. ૭૩૪ (ઈ. સ. ૮૧૨-૧૩) વૈશાખ સુદ ૧૫

આ લેખ મૂળ મી. એચ. ટી. પ્રિન્સેપે જ. એ. સો. વે. ૮ પા. ૨૯૨ માં પ્રસિદ્ધ કર્યો હતો. બ્રિટિશ મ્યુઝીયમના અસલ પતરા ઉપરથી હું એ ફરીથી પ્રસિદ્ધ કરૂં છું. મી. પ્રિન્સેપને તે પતરાં મી. ડબ્લ્યુ. પી. ગ્રાંટે આપ્યાં હતાં, અને તેમને વડોદરાના 'એનીરામ' પાસેથી મળ્યાં હતાં. 'એનીરામ' તે પતરાંઓની શોધ વિષે એવી હકીકત આપે છે કે, વડોદરા શહેરમાં એક ઘરનો પાયો ખોદાતો હતો તેમાંથી તે મળ્યાં હતાં.

આ ત્રણ પતરાં છે, તે દરેક લગભગ ૧૧" લાંબું અને છેડે ૮" પોહોળું છે, તથા મધ્યમાં ૭½" પોહોળું છે. લેખના રક્ષણ માટે કાંઠા સહેજ જાડા કરેલા હતા. લેખ એકંદરે સુરક્ષિત અને સુવાચ્ય છે. આ દાનપત્રને બે કડીઓ છે. ડાબી બાજુની કડી સાદી અને આશરે ½" જાડી અને ૩" વ્યાસની છે. જમણી બાજુની કડી ½" જાડી અને ગોળાકાર નહીં, પણ વાકીચૂંકી છે. આ કડી ઉપરની મુદ્રા ગોળ અને ૧½" વ્યાસની છે. તેની મધ્યમાં ¾" વ્યાસની નાની ઉપસાવેલી જગ્યા છે, તેના ઉપર શિવની મૂર્તિ—(રિવાજ મુજબ)— તથા તે નીચે અસ્પષ્ટ અક્ષરો છે. ભાષા છેવટ સુધી સંસ્કૃત છે.

આ લેખમાં વંશાવલી ગોવિંદ ૧ લાથી શરૂ થાય છે. તેના પુત્ર કર્કનો જ્યેષ્ઠ પુત્ર ઇન્દ્ર ૨ જો આપ્યો નથી. તેના નાના પુત્ર કૃષ્ણ ૧ લા એ તેના સંબંધીઓને કાઢી મૂકયાનું કહ્યું છે. તેણે ચૌલુક્યો સાથે લઢાઈ કરી હતી. તેણે એલાપુરના ડુંગર અથવા ડુંગરી કિલ્લામાં પોતાનું થાણું નાંખ્યું હતું. આ સ્થળ ઓળખાયું નથી. પણ હું ધારૂં છું કે તે પશ્ચિમ ઘાટમાં ઉત્તર કાનારા ડિસ્ટ્રિકટનું એલ્લાપુર હોવું જોઈએ. ડો. બર્જેસ આ સ્થળને ઔરંગાબાદ ડિસ્ટ્રિકટમાં દોલતાબાદ પાસે આવેલા હાલના એલ્લશ, જ્યાં આવાં પ્રખ્યાત શિલ્પકળાનાં બંડેરો છે તે ગામ તરીકે ઓળખાવે છે.

ગોવિંદ ૨ જો અને તેનો પુત્ર કૃષ્ણ ૧ લો બન્ને વિષે કંઈ પણ કહ્યા સિવાય લેખમાં તેના બીજા પુત્ર ધ્રુવ અને એના બેમાંથી મોટા પુત્ર ગોવિંદ ૩ જાની હકીકત આપે છે. તેમાં કહ્યું છે કે ગોવિંદ ૩ જાએ દૂરના દેશો તથા ગંગા અને યમુનાના પ્રદેશો જિત્યા હતા.

આંહિ સુધી લેખમાં ગોવિંદ ૩ જા સુધી મુખ્ય વંશજો આપ્યા છે. ત્યાર પછી ગોવિંદ ૩ જાના નાના બંધુ ઇંદ્ર ૩ જાના નામથી તે વંશનો ગુજરાતનો વિભાગ શરૂ થાય છે. તે ગોવિંદે આપેલા લાટના રાજાના પ્રાંતનો અધિકાર ધારણ કરે છે. બુલ્હરે જણાવ્યું છે કે "લાટ એ મહી અને કોંકણ વચ્ચેનો પ્રદેશ, જેને હાલ મધ્ય અને દક્ષિણ ગુજરાત કહેવાય છે તે છે." તેણે એ પણ બતાવ્યું છે કે ગોવિંદ ૩ જાએ લાટ થોડા સમય પહેલાં જ જિત્યો હતો. ગોવિંદ ૩ જાએ ગુર્જર રાજાને જિત્યાની હકીકત વાણિનાં શક ૭૨૮ ના વ્યાસ સંવત્સર ના વૈશાખની પૂર્ણિમાના દાનપત્રમાં આપી નથી, જ્યારે તે રાધનપુરના શક ૭૨૯ ના સર્વજિત સંવત્સરના શ્રાવણની પૂર્ણિમાના લેખમાં આપી છે. આથી અનુમાન થઈ શકે છે કે ગોવિંદ ૩ જાએ ગુર્જરો, જેનો અર્થ ડો. બુલ્હર અણહિલવાડના ચાપોત્કટો અથવા ચાવડાઓ કરે છે, તેને આ બે તારીખો વચ્ચેના સમયમાં જિત્યા હતા, અને તેઓના બહારનો લાટ પ્રદેશ જોડી દીધો હતો એટલે કે આ લેખની તારીખ પહેલાં પાંચ વર્ષ આમ બન્યું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ લેખમાં કહ્યું છે કે ઇંદ્ર ૩ જા એ એકલાએ ગુર્જર રાજાને હરાવ્યો હતો, તે કદાચ તેઓનો એ પ્રાંત મેળવવાનો બીજો પ્રયત્ન હશે. ત્યાર બાદ કર્ક અથવા કક્ક ૨ જા જેને સુવર્ણ વર્ષ ૧ લો પણ કહ્યો છે તે અને ઇંદ્ર ૩ જાનો પુત્ર લાટેશ્વર આવે છે. ડો. બુલ્હરે બતાવ્યું છે તેમ કર્ક ૨ જો તથા ગોવિંદ ૪ થો, તેનો નહાનો ભાઈ, મહારાજાઓ નહીં પણ રાષ્ટ્રકૂટ રાજાના સામંતો હતા. આ મતને આગળના શ્લોક ઉપરથી પણ પુષ્ટિ મળે છે. ગોવિંદ ૩ જાને માલવાનો રાજા નમ્યાની હકીકત વાણિ અને રાધનપુરનાં પતરાંઓમાં પણ આપી છે. ડો. બુલ્હર કહે છે કે, આ લેખમાં આપેલા ગોવિંદ ૩ જાના વર્ણન ઉપરથી જણાય છે કે તે લખાયો તે વખતે એટલે શક ૯૩૪ માં તે મૃત્યુ પામ્યો હતો. પરંતુ કયી હકીકત ઉપરથી આ અનુમાન તેઓ કરે છે તે હું જાણી શકતો નથી. અને વાસ્તવિક રીતે આમ નહોતું. કારણ કે મી. રાઇસે પ્રસિદ્ધ કરેલાં કદંબનાં દાનપત્રો ઉપરથી જણાય છે કે શક ૭૩૫ ના જ્યેષ્ઠ શુકલપક્ષ ૧૦ ને દિવસે તે જીવતો હતો; અને હવે પછી પ્રસિદ્ધ કરવાનો છું, તે બીજા લેખ બતાવી આપશે કે તેનો પુત્ર અને ઉત્તરાધિકારી અમોઘવર્ષ ૧ લો શક ૭૩૬-૭ માં તેના પછી ગાદીએ આવ્યો હતો, એટલે તે પોતે એ તારીખ સુધીતો જીવતો હતો.

આ દાનપત્ર કર્ક ૨ જાના સમયનું છે, અને સિદ્ધશાખીમાંથી અપાયું છે. તેમાં તારીખ, શક ૭૩૪ (ઇ. સ. ૮૧૨-૩) ના વૈશાખની પૂર્ણિમા છે. ભાનુ અથવા ભાનુભટ્ટ નામના બ્રાહ્મણને અંકોટ્ટક ૮૪ ગામમાં વડપદ્રક ગ્રામનું દાન આપ્યાનું લખ્યું છે. ડો. બુલ્હર અંકોટ્ટક અને જમ્બુવાવિકા જે વટપદ્રકની સીમામાં આપ્યાં છે એ વડોદરાની દક્ષિણે પાંચ છ માઈલ ઉપર આવેલાં હાલનાં અંકોટ અને જાંબુવા હોવાનું કહે છે. બીજાં સ્થળો ઓળખવાં બાકી છે.

પંક્તિ ૭૦-૭૪ માં તાજા કલમ છે. તેમાં કહ્યું છે કે, આજ ગામ પહેલાંના રાજાએ અંકોટ્ટકના ચતુર્વેદીઓના મંડળને આપ્યું હતું—તેમાં કોઈ દુષ્ટ રાજા અગર રાજાઓએ દખલગિરિ કરી હતી—અને કર્ક ૨ જાએ વિદ્વાન બ્રાહ્મણ તરીકે ભાનુભટ્ટને પસંદ કરી તેને ફરીથી તે આપ્યું હતું.

---

૧ ઈ. એ. વો. ૧૨ પા. ૧૫૬ ડો. ફ્લીટ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

अक्षरान्तरं

पतरूं पहेलुं

१ स वोव्याद्धेधसा ये[धा]न[म]यन्नाभिकमलङ्कृतं । हरश्च यस्य कान्ते-न्दुकलया स [क] मलङ्कृतं ॥ स्वस्ति स्वकीयान्व-

२ यवंशकर्त्ता श्रीराष्ट्रकूटामलवंशजन्मा । प्रदानशूरः समरैकवीरो गोविंदराजः क्षितिपो बभूव ॥ यस्या-

३ क्षमात्रजयिनः प्रियसाहसस्य । क्ष्मापाल वेशफलमेव बभूव सैन्यं । मुक्त्वाच शंकरमधीश्वरमीश्वराणां । नावन्दता-

४ न्यममरेष्वपि यो मनस्वी ॥ पुत्रीयतश्च खलु तस्य भवप्रसादात्सूनुर्ब्बभूव गुण-राशिरुदारकीर्त्तिः ।

५ [यो]गौणि[ण]नामपरिवारमुवाह मुख्यं । श्री कर्कराजसुभगव्यपदेशमुच्चैः ॥ सौराज्यजल्पे पतिते प्रसंगा

६ न्निदेशनं विश्वजनीनसंपत् । राज्यंबलेः पूर्व्वमहो बभूव । क्षितावितीदानीन्तु नृप-स्य यस्य ॥ अत्युद्धु-

७ तश्चेदममंस्त लोकः कलिप्रसंगेन यदेकपादं । जातं वृषं यः कृतवानिदानीं । भूय-श्चतुष्पादमविघ्नचा-

८ [रं] ॥ चित्रं न चेदं यदसौ यथावच्छके प्रजापालनमेतदेव । विष्णौ जगत् [त्] राणपरे मनस्थे तस्योचि-

९ तं तन्मयमानसस्य ॥ धर्म्मात्मनस्तस्य नृपस्य जज्ञे । सुतः सुधर्म्मा खलु कृष्ण-राजः । यो वंश्य-

१० मुन्मूल्य विमार्ग्गा[ग्ग]भाजं [।] राज्यं स्वयं गोत्रहिताय चक्रे ॥ ब्राह्म-ण्यता तस्य च कापि साभूद्विप्रा यया । [1] के-

११ वल जातयोपि । श्रेष्ठद्विजन्मोचितदानलुब्धाः । कर्म्माण्यनूचानकृतानि चक्रुः ॥ इच्छातिरेकेण-

१२ कृषीव[व]लानां । पयो यथा मुञ्चति जातु मेघे [।] भवेन्मनस्तद्विरतौ-तथाभूद्यस्मिन्धनं वर्ष्ष[र्ष]ति सेवकानां ॥

१३ यो युद्धकण्डूति गृहीतमुच्चैः । सौ[शौ]र्य्योष्मसंदीपितमापतन्तं । महावराहं-हरिणीचकार । प्राज्यप्रभावः

१ અસલ પતરાંઓ ઉપરથી ૨ કાવીનાં દાનપત્રનો પાઠ નિદર્શનમાં પાઠ કરતાં પસંદ કરવા યોગ્ય છે. આ વિરામચિહ્ન યોગ્ય નથી, તે અભૂત પછી હોવું જોઈએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

१४ खलु राजसिङ्ह[ंह]ः । [॥] एलापुराचलगताद्भुतमन्त्रिवेशं । यद्वीक्ष्य विस्मि-
तविमानचरामरेन्दाः एत-
१५ [त् *] स्वयं भुशिवधाम न कृत्रिमे[मं] श्रीर्दृष्टे दृशीति सततं बहु चर्च्चयन्ति ॥ भूयस्तथाविधकृतौ व्यव-
१६ सायहानिरेतन्मया कथमहो कृतमित्यकस्मात् । कर्त्तापि यस्य खलु विस्मयमाप शि-
१७ ल्पी । तन्नाम कीर्त्तनमा[म]कार्य्यत येन राज्ञा । [॥] गंगाप्रवाहहिमदीधितिकालकू-

बीजुं पतरूं प्रथम बाजु

१८ तैरत्युद्भुताभरणकैष्कृतमण्डनोपि । माणिक्यकाञ्चनपुरस्सरसर्व्वभू-
१९ त्या । तत्र स्थितः पुनरभूष्यत येन शम्भुः ॥ नृपस्य तस्य ध्रुवराजनामा ।
२० महानुभावस्तनयो बभूव । तृणीकृतान्यस्य पराक्रमेण [।*] प्रतापवह्निद्विषतो ददा
२१ ह ॥ लक्ष्मीप्रसाधनविधावुपयोगि कृत्यं । यश्चिन्तयन्स्वयमभूदनिशं कृतार्थः । किं वात्र चित्रम-
२२ नपेक्ष्य सहायमीशः सर्व्वः पुमान्निजध[व]धूं स्ववशां विधातुं ॥ यो गङ्गाय-
मुने तरङ्गसु-
२३ भगे गृह्णन्परेभ्यः समं । साक्षाच्चिह्ननिभेन चोत्तमपदं तत्प्राप्तवानैश्वरं । देहासम्मितवैभ-
२४ वैरिव गुणैर्य्यस्य भ्रमद्भिर्दिशो । व्याप्तास्तस्य बभूव कीर्त्तिपुरुषो गोविंदराजः सुतः ॥
२५ प्रदेशवृत्तिव्यवसायभाजां पुरातनानामपि पार्त्थिव[र्त्थि]वानां । यशांसि यो नाम जहार भूपो भग्नप्रव-
२६ ण्डाखिलवैरिवीरः । [॥] उन्मूलितोत्तुङ्गनरेन्द्रवंशो महानरेन्द्रीकृततुच्छभृत्यः स्वेच्छाविधायी चरितानुकारं
२७ चकार यो नाम विधेः क्षितीशः ॥ हिङ्गीरशिङ्गितरणच्छरणानरातीन् [।*] कुर्व्वन्क्षणेन विदधेद्भुत कर्म्म यश्च ।
२८ चक्रे तथा हि न तथाशु वधं परेषां । पार्त्वी[र्त्थी]पि नाम भुवनत्र [त्रि] तयैकवीरः ॥ कल्पक्षयक्षणसमुद्भव-
२९ वातहेलादोलायमानकुलशैलकुलानुकारं । यन्मुक्त चण्डशरजालजवप्रणुन्ना । युद्धागता रिपु-
३० गजेन्द्रघटा चकार ॥ भ्राता तु तस्येन्द्रसमानवीर्य्यः । श्रीमान्भुवि श्मापतिरिन्द्रराजः [। *] शास्ता बभूवा-
३१ द्भुतकीर्त्तिसूतिस्तद[द् *]त्र लाटेश्वरमण्डलस्य ॥ अद्यापि यस्य सुरकिन्नरसिद्धसाध्य विद्या-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

३२ धराधिपतयो गुण पक्षपातात् । गायन्ति कुन्दकुसुमश्रि यशो यथा स्वधामस्थिता-
[४] स-

३३ हचरी कुचदत्त हस्ताः ॥ येनैकेन च गूर्जरेश्वरपतिर्योद्धुं समभ्युद्यतः शौर्य्य-

३४ प्रोद्धतकन्धरो मृग इव क्षिप्रं दिशो ग्राहितः भीतासंहृतदक्षिणापथम-

बीजुं पतरूं—बीजी बाजु

३५ हासामन्तचक्र [॰] यतो रक्षामाप विलुण्ट्य[ण्ठय]मानविभवं श्रीवल्लभे-
नादरात् ॥ तस्यात्मजः प्रथित-

३६ विक्रमवैरिवर्ग्गलक्ष्मीहठाहरण सन्तत लब्ध कीर्त्तिः । श्रीकर्कराज इति संश्रितपू-
रिताशः शास्त्रार्थ बोध-

३७ परिपालितसर्व्व लोकः ॥ राज्ये यस्य न तस्करस्य वसतिर्व्याधेः प्रसूतिमृता
दुर्भिक्षं न च विश्रमस्य महिमा

३८ नैवोपसर्ग्गोद्भवः क्षीणो दोषगणः प्रतापविनता[तो]शेषारिवर्ग्गस्तथा नो विद्व-
त्पारिपन्थिनी प्रभवति क्रू-

३९ रा खलानां मतिः ॥ गौडेन्द्रवङ्गपति निर्ज्जयदुर्व्विदग्धसदूर्ज्जरेश्वरादिगर्ग्गलतां च
यस्य ॥ नीत्वा भुजं विहत-

४० मालवरक्षणार्थं स्वामी तथान्यमपि राज्यछ[फ]लानि भुङ्क्ते ॥ तेनेदं विद्युच्च-
ञ्चलमालोक्य जीवितं क्षितिदान-

४१ च्च परमपुण्यं प्रवर्त्तितोयं धर्म्मदायः[॥ ॰] स च लाटेश्वरः समधिगताशेषमहा-
शब्दमहासामन्ता-

४२ धिपति सुवर्णवर्ष श्रीकर्कराजदेवो यथासम्बध्यमानकान् राष्ट्रपति विषयपति ग्राम-
कूटाधि-

४३ कारिकमहत्तरादीन्समनुबोधयत्यस्तु वः संविदितं । यथा मया श्रीसिद्धशर्मीस-
मावासितेन मा-

१ બહુવ્રીહિ સમાસમાં "थ" ના ઉપયોગ સમાસાન્ત 'क' સિવાયનો અસાધારણ છે. પરંતુ મી. કે. બી. પાઠકે મને કાવ્યપ્રકાશ દશમો ઉલ્લાસ પા. ૪૨૨ કલકત્તા આવૃત્તિમાંથી તેના જેવો જ દાખલો બતાવ્યો છે, જે નીચે પ્રમાણે છે : अवितथमनोरथपथप्रथनेषु प्रगुणगरिमगीताश्रीः । सुरतरु सदृशः स भवान् अभिलाषणीयः क्षितीश्वरो न कस्य ॥ २ આ અનુસ્વારની કાંઈ જરૂર નથી. ३ श्री कर्कराज इति संश्रित परिताशः આ લખાણ બીજા કોઈ લખાણ ઉપર કોતરેલું છે, જે બરાબર રદ કર્યું નથી. પરિણામે અસલ પતરાંમાં તેમ જ લિથોગ્રાફમાં અક્ષરોમાં જરા ભેળ થયો જણાય છે. ४ આ શબ્દ ન્ય પહેલાં ખલાસ થયો હતો અને પછીથી પંક્તિની નીચે ઉપરોક્ત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

४४ तापितोरात्मनश्चैहिकामुष्मिकपुण्ययशोभिवृद्धये श्रीवलभीविनिर्गततच्चातुर्व्विद्य-
सामान्य-

४५ वात्स्यायनसगोत्रमाध्यन्दिनसब्रा[ब्र]ह्मचारिब्राह्मणभानवे भट्टसोमादित्यपुत्राया-

४६ ङ्कोट्टकचतुरशीत्यन्न[न्त]र्गतवडपद्रकाभिधानग्रामे[म]: यस्याघाटनानि पूर्व्वतो
जम्बु-

४७ वाविकाग्रामस्तथा दक्षिणतो महासेनकारव्यं तडागं । तथा पश्चिमतोङ्कोट्टकं । तथोत्त-

४८ रतो वग्घाच्छग्राम एवमसौ चतुराघाटानोपलक्षितः सोद्रंगः स[सो] परिकरः
सभूत-

४९ वातप्रत्यायः सदण्डदशापराधः सोत्पद्यमानविष्टिकः सधान्यहिरण्यादेयः सर्व्व-

५० राजकीयानामहस्तप्रक्षेपणीय आचन्द्रार्क्कार्ण्णवसरित्पर्व्वतसमाकालीनः पुत्रपौ-

५१ त्रान्वयभोग्यः पूर्व्वप्रदत्तदेवदाय ब्रह्मदायरहितो भूमिच्छिद्रन्यायेन

५२ शकनृपकालातीतसंवत्सरशतेषु सप्तसु श्च[च]तुस्त्रिं[दधिके]षु महावैशा-
ख्यां स्नात्वोद-

५३ कातिसर्गेण .... बलिचरुवैश्वदेवाग्निहोत्रातिथिपञ्चमहा-

पतरूं त्रीजुं: प्रथम बाजु

५४ यज्ञक्रतुक्रियाद्युत्सर्प्पणार्थं प्रतिपादितः । यतोस्योचितया ब्रह्मदायस्थित्या
भुञ्जतो भो

५५ जयतः प्रतिदिशतो वा कृषतः कर्ष्ष [र्ष]यतश्च न केनचित्परिपन्थना कार्य्या
तथागामि-

५६ [नृपति*]भिरस्मद्वंश्यै रन्यैर्व्वा सामान्य [*] भूमिदान[फल]मवगच्छ-
द्भिर्विद्युल्लोलान्यनित्यान्यैश्वर्य्याणि त्रि[तृ]णाग्रलग्नजल-

५७ बिन्दु चञ्चलञ्च जीवितमाकलय्यस्वदायनिर्व्विशेषोयमस्मद्दायोनुमन्तव्यः पालि[लयि]-
तव्यश्च । यश्चाज्ञानतिमि-

५८ रपटलावृतमतिराच्छिद्या [दा×] च्छिद्यमानश्चानुमोद [दे] ते [तै] स पञ्चभि-
र्म्महापातकैरुपपातकैश्च युक्तस्या-

५९ दित्युक्तं चैं । भगवता वेदव्यासेन व्यासेन ॥ षष्टिं वर्ष्ष [र्ष] सहस्राणि स्वर्गे
तिष्ठति भूमिदः । आच्छेत्ता

६० चानुमन्ता च तान्येव नरके वसेत् ॥ विन्ध्याटवीष्वतोयासुशुष्ककोटरवासिनः
कृष्णाहयो हि जायन्ते

१ અને ૨ વિરામચિહ્નોની કાંઈ જરૂર નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

६१ भूमिदायापहारिणः । [॥] अग्नेरपत्यं प्रथमं सुवर्णं भूर्व्वैष्णवी सूर्य्यसुताश्च गावः लोकत्रयं

६२ तेन भवेश्च दत्तं यः काञ्चनं गाञ्च महीञ्च दद्यात् ॥ बहुभिर्व्वसुधा भुक्ता राजभिः सगरादिभिः । यस्य य-

६३ स्य यदा भूमिस्तस्य तस्य तदा फलं ॥ यानीह दत्तानि पुरा नरेन्द्रैर्द्दानानि-धर्म्मार्थ्ययशस्कराणि । निर्म्माल्य-

६४ वान्तप्रतिमानि तानि को नाम साधुः पुनराददीत ॥ स्वदत्तां परदत्तां वा यत्नाद्रक्ष नराधिप । मही [ं]

६५ महीभृतां श्रेष्ठ दानाच्छ्रेयोनुपालनं ॥ इति कमलदलाम्बुलोलां श्रियमनुचिन्त्य मनुष्यजीवितञ्च

६६ अतिविमल मनोभिरात्मनीनं[नै]र्न हि पुरुषैः परकीर्त्तयो विलोप्याः ॥ उक्तञ्च भगवता रामभद्रेण ।

६७ सर्व्वानेतान्भाविनः पार्थिवेन्द्रान् भूयो भूयो याचते रामभद्रः सामान्योयं धर्म्म-सेतुर्नृपाणां

६८ काले काले पालनीयो भवद्भिः ॥ दूतकाश्चात्र राजपुत्रश्रीदन्तिवर्म्मा ॥ स्वह-स्तोयं मम श्रीकर्कराजस्य

६९ श्रीमदिन्द्रराजसुतस्य ॥ लिखितञ्चैतन्मया महासंधिविग्रहाधिकृतकुलपुत्रकदुर्ग-भटसूनुना-

७० नेमादित्येनेति ॥ अयं च ग्रामोतीतनरपति परिक्षिणां कोट्टकश्रीचतुर्व्विद्यायदत्तो-भूत् [।×] तेनापि

७१ कुराजजनितविलोपविच्छिन्नपरिभोगं विज्ञानवरमन्यस्य वा विशिष्टस्य कस्य चिद्भवतु द्विजन्मन इति निश्चित्य

७२ सुवर्णवर्ष दीप[य]मान [ं] वट[पु]रवासिने भानुभट्टायानुमोदितः [।] शालातापयं गृहीत्वा तालावारिकादिगणञ् [?] च् [?] ओ [?] द्वि [?]-

७३ श्य ताम्बूल प्रदान पूर्व्वकं यथालो[?]भसे [?] व [?] न [?]ंचा भा-श्या[ष्या]दिश्य । ?] प्र[प्रा]कृतिकमपि पुरं इ [?]ति

त्रीजुं पतरूः बीजी बाजु

७४ तथा विषयोश्वरपरमाधि [भी] आपादपुलं जानातीति ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાષાન્તર

જેના નાભિકમળમાં વેધસનો વાસ થયો છે તે (વિષ્ણુ) અને હર જેનું શિર રમ્ય ઇન્દુ-કલાથી ભૂષિત છે તે તમને રક્ષો !

(પંક્તિ. ૨) સ્વસ્તિ ! નિજ અન્વયનો કર્તા, વિમળ શ્રી રાષ્ટ્રકૂટોના વંશમાં જન્મેલો, દાનમાં શૂરો, યુદ્ધમાં વીર ગોવિંદરાજ નૃપ હતો. તે એકલો વિજય ઠરનાર અને સાહસમાં પ્રીતિવાળો હતો તેને નૃપના વેશના કૂળ સમાન સૈન્ય થયું. તે જ્ઞાનસંપન્ન હોવાથી દેવાધિપ શંકર સિવાય અન્ય દેવોને પૂજતો નહીં.

(પંક્તિ. ૪) અને જ્યારે તે પુત્રપ્રાપ્તિની અભિલાષ રાખતો હતો ત્યારે—સદ્‌ગુણસંપન્ન, મહાયશવાળો, શ્રી કર્કરાજનું રમ્ય અને ઉચ્ચ નામ (તેના) મુખ્ય પદ તરીકે અને અન્ય ગૌણ નામનો પરિવાર ધારનાર, ભવની પ્રસાદીથી તેને એક પુત્ર જન્મ્યો. સૌરાજ્યની વાર્તા પ્રસંગે સમસ્ત જનોના કલ્યાણ અર્થે ઉન્નતિવાળું કલિનું રાજ્ય ઉદાહરણ તરીકે પૂર્વે અપાતું પણ હવે પૃથ્વીમાં આ નૃપનું રાજ્ય છે. કલિના પ્રસંગથી એક ચરણવાળા બનેલા વૃષને (ધર્મને) હાલ પુનઃ ચાર ચરણવાળો અને તેની ગતિમાં વિઘ્ન વગરનો તેણે બનાવ્યો તે અખિલ મનુષ્ય જાતે અત્યંત અદ્‌ભુત માન્યું. અને તે નવાઈ જેવું નથી કે તેણે યોગ્ય રીતે નિજ પ્રજાનું પૂર્ણ રક્ષણ કર્યું. કારણ કે વિશ્વને રક્ષવામાં વિખ્યાત વિષ્ણુ તેના ચિત્તમાં વસતો. આ વર્તન તેને ઉચિત હતું. તેનું મન (આમ) એજ (વિષ્ણુની) સાથે એક જ હતું.

(પંક્તિ. ૯) તે ધર્માત્મા નૃપને પવિત્ર કૃષ્ણરાજ નામે પુત્ર જન્મ્યો હતો. તેણે વિમાર્ગે ગએલા બન્ધુજનને મૂળથી ઉખેડી નાંખીને નિજ ગોત્રના હિતાર્થે રાજ્ય પોતે લઈ લીધું. તે દ્વિજો તરફ મિત્રતા રાખતો તેથી અદ્વિજ પણ દ્વિજ હોય તેમ શ્રેષ્ઠ વિપ્રને ઉચિત દાન ઉત્સુક બની વેદનું ગાન કરનાર જનોથી થતી વિધિઓ કરે છે. વાદળ જ્યારે ખેડુતોની ઇચ્છાથી અધિક વૃષ્ટિ વરસાવે ત્યારે તેમનાં મન તે બંધ થાય તેમાં આતુર હોય છે તેમ તેના સેવકોને મહાન અભિલાષથી અતિ અધિક ધનવૃષ્ટિથી થતું. યુદ્ધની અભિલાષી અને શૌર્યની ઉષ્ણતાથી દીપ્ત થએલા મહાવરાહને તે અતિ બળવાન સિંહ સમા નૃપે હરણ સમાન ઠરી દીધો. એલાપુર પર્વત ઉપરનો તેનો અદ્‌ભુત નિવાસ જોઈને વિમાનમાં ગમન કરતા અમરો પણ વિસ્મય પામી અતિ વિચારથી કહે છેઃ—

" આ સ્વયંભુ શિવનો નિવાસ છે, અને કૃત્રિમ સ્થાન નથી. શ્રી જો દેખાય તો આવી જ હોય. " ખરેખર તેના કૃતિકાર જેણે તે બાંધ્યું ને સર્વ (પૂર્ણ) પ્રયત્ન પણ પુનઃ આવી કૃતિમાં નિષ્ફળ થાય ! અહો ! તે મારાથી કેમ સિદ્ધ થયું છે ? એમ કહેતાં તે (કૃતિકાર) વિસ્મય પામતો, (અને) તે કારણથી નૃપ તેના નામની સ્તુતિ કરતો. તેનાથી, ગંગાના પ્રવાહ, ઇન્દુનાં કિરણો અને કાલકૂટવિષનાં ભૂષણવાળો શંભુ જે ત્યાં નિવાસ કરતો તે રત્ન, સુવર્ણ અને સર્વ લક્ષ્મીથી અધિક મંડિત થતો.

(પંક્તિ. ૧૯) તે નૃપને મહાપ્રતાપી ધ્રુવરાજ નામનો પુત્ર જન્મ્યો હતો. તેના પ્રતાપનો અગ્નિ તેના પ્રતાપથી તૃણ સરખા થઈ ગએલા શત્રુઓને બાળી નાંખતો. લક્ષ્મીને પ્રસન્ન કરવા જે ચિન્તવન કરતો તે નિત્ય કૃતાર્થ થતો. અને તેમાં શું આશ્ચર્ય છે ? કારણ કે દરેક પુરૂષ સહાય વગર જ નિજ પત્નીને પોતાને વશ કરે છે.

(પંક્તિ. ૨૨) તેને સાક્ષાત મૂર્તિમાન્ યશ—ગોવિંદરાજ નામે પુત્ર હતો. તેણે પોતાના શત્રુઓ પાસેથી મનહર ગંગા અને યમુના પડાવી લઈને તે નદીઓથી સાક્ષાત્ ચિહ્નથી સ્પષ્ટ થતા ઉત્તમ પદની પ્રાપ્તિ કરી, અને તેના દૈવી પ્રતાપવાળા ગુણો જે પ્રતિબંધ ન થાય માટે દેહ વિનાના હતા તે સર્વ પ્રદેશમાં પ્રસર્યા હતા. ખરેખર તે નૃપ જેણે સમસ્ત પ્રતાપી વીર શત્રુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એને વશ કર્યા હતા, તેણે પુરાતન નૃપો જે પરદેશમાં ગમન કરતા તેમનો યશ હરી લીધો. ખરે ! તે નૃપ ભાગ્યનું અનુકરણ કરતો; મહાન્ નૃપોના વંશ ઉખેડી નાંખતો, દીન સેવકોને મહાન ભૂપ બનાવતો અને ઇચ્છા અનુસાર સર્વ કરતો. રણવારમાં ગજના પગ બાંધવામાં વપરાતી સાંકળોના રણકારવાળા તેના શત્રુઓના ચરણ બનાવી તેણે અદ્‌ભુત કાર્ય કર્યું. ખરેખર ! ત્રિભુવનમાં સર્વથી મહાન વીર પાર્થે પણ આટલી ત્વરાથી તેના શત્રુઓનો સંહાર કર્યો નહતો. શત્રુની મહાન ગજસેના જે તેના સામે યુદ્ધમાં આવતી ને તેનાથી છોડેલાં પ્રતાપી બાણની વૃષ્ટિથી આગળ હંકાતી તે, પ્રલયસમયે ઉદ્‌ભવતા પવનથી અહીં અને ત્યાં સહેલાઈથી ડોલતા કુલશૈલ પર્વતોનું અનુકરણ કરતી.

(પંક્તિ. ૩૦) તેનો ભાઈ, ઈન્દ્રસમાન પરાક્રમી, ભૂમિ પર વિખ્યાત નૃપ, અદ્‌ભુત યશનું મૂળ ઇન્દ્રરાજ, તેને તેણે (ગોવિંદરાજે) આપેલા લાટેશ્વર મંડળનો રાજ્યકર્તા થયો. આજે પણ તેના ગુણના પક્ષપાતથી, જાણે કે પોતાના ગૃહમાં હોય તેવી રીતે પોતાની સહચરીની છાતી પર કર નાંખતા દેવો, કિન્નરો, સિદ્ધો, સાધ્યો અને વિદ્યાધરોના અધિપતિઓ કુંદકુસુમની શ્રીવાળા તેના યશનું ગાન કરે છે. તે એકલો હતો છતાં તેણે, શૌર્યથી શિર ઉંચું કરી, યુદ્ધમાં તૈયારી કરી આવેલા ગૂર્જરોના અધિપતિઓના નાયકને તે હરણ હોય તેમ સત્વર દૂરના દેશોમાં નસાડી મૂક્યો; અને દક્ષિણના મહાસામન્તોના જૂથે ભય પામી, અને એકત્ર ન રહી તેમના વૈભવ તેમની પાસેથી શ્રી વલ્લભથી લઈ લેવાતા જોવાથી માન દેખાડી તેનું રક્ષણ મેળવ્યું.

(પંક્તિ. ૩૫) તેનો પુત્ર શ્રી કર્કરાજ સદા પરાક્રમ માટે વિખ્યાત શત્રુઓ પાસેથી બળથી લક્ષ્મી હરી લઈ કીર્તિ પ્રાપ્ત કરે છે. જેઓ તેનો આશ્રય લે છે તેમની અભિલાષ તે પૂર્ણ કરે છે અને શાસ્ત્રાર્થના જ્ઞાનથી સર્વ જનોને રક્ષે છે. તેના રાજ્યમાં ચોરનો વાસ નથી, અને વ્યાધિની ઉત્પત્તિ નાશ પામી છે, દુકાળ નથી, દુર્ભિક્ષ નથી અને વિભ્રમનું અસ્તિત્વ નથી. સર્વ દોષ અદૃશ્ય થયા છે. તેના સર્વ શત્રુઓ તેના પ્રતાપથી નમ્યા છે. અને વિદ્વાનોને દુઃખ આપવા દુષ્ટજનોમાં ક્રૂર મતિ પણ નથી. અને નીચે પાડી નાંખેલા માલવપતિના રક્ષણ માટે નિજ કરને, ગૌડ અને વંગના અધિપતિઓને જિતી ગર્વી થએલા ગૂર્જરોના અધિપતિના દેશના દ્વારની સાંકળ બનાવી તેનો સ્વામિ (કરનો સ્વામિ) આમ અન્ય કરનો રાજ્યનાં સર્વ ફળ માફક ઉપભોગ કરે છે.

(પં. ૪૦) જીવિત વિદ્યુત સમાન ચંચળ છે અને ભૂમિદાન સર્વોત્તમ કાર્ય છે એવું જોઈને તેનાથી આ ધર્મદાન થયું છે

(પં. ૪૨) સર્વ મહાશબ્દ પ્રાપ્ત કરનાર, મહાસામંતોનો અધિપતિ, લાટેશ્વર સુવર્ણવર્ષ શ્રી કર્કરાજદેવ સમસ્ત રાષ્ટ્રપતિ, વિષયપતિ, ગ્રામકૂટ, અધિકારિક, મહત્તર આદિને તેમના સંબંધ અનુસાર જાહેર કરે છેઃ—

(પં. ૪૩) તમને જાહેર થાઓ કે, શ્રી સિદ્ધશમી પુરીમાં નિવાસ કરી, મારા માતપિતા અને મારા આલોકમાં તેમ જ પરલોકમાં પુણ્યની વૃદ્ધિ માટે શક નૃપના કાળ પછી સંવત ૭૩૪, વૈશાખ, પૂર્ણિમાને દિને વડપદ્રક નામનું ગામ જે અંકોટ્ટક ૮૪ ગામમાં આવેલું છે, જેની સીમા પૂર્વે જમ્બુવાવિકા ગામ, દક્ષિણે મહાસેનક સરોવર, પશ્ચિમે અંકોટ્ટક ગામ અને ઉત્તરે વદ્ધાચ્છ ગામ છે તે આ ચાર સીમાવાળું ગામ ઉદ્રંગ, ઉપરિકર, ભૂતવાતપ્રત્યાય, દણ્ડની સત્તા, દશ અપરાધના દણ્ડની આવક સહિત, ઉદ્‌ભવતી વેઠના હક્ક સહિત, અન્ન અને સુવર્ણની આવક સહિત, રાજપુરૂષના હસ્તપ્રક્ષેપણમુક્ત, ચંદ્ર, સૂર્ય, સાગર, સરિતાઓ અને પર્વતોના અસ્તિત્વ કાળ સુધી પુત્રો, પૌત્રોના ઉપભોગ માટે પૂર્વે દેવો અને દ્વિજોને કરેલાં દાન વર્જ્ય કરી ભૂમિ-છિદ્રના ન્યાયથી, સ્નાન કરી બલિ, ચરૂ, વૈશ્વદેવ, અગ્નિહોત્ર અને અતિથિના પંચમહાયજ્ઞ અને અન્ય વિધિના અનુષ્ઠાન માટે ચતુર્વેદિ મધ્યેના શ્રી વલભીથી આવેલા, વાત્સ્યાયન ગોત્રના, માધ્યન્દિન સબ્રહ્મચારી ભટ્ટ સોમાદિત્યના પુત્ર બ્રાહ્મણ ભાનુને પાણીના અર્ઘથી મેં આપ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(પં. ૫૪) આથી જ્યારે તે બ્રહ્મદાયના નિયમ અનુસાર તેનો ઉપભોગ કરે અથવા ઉપભોગ કરાવે અથવા અન્યને સોંપે અથવા ખેતી કરે કે ખેતી કરાવે ત્યારે કોઇએ તેને પ્રતિબંધ કરવો નહીં. અને તેથી આ મારા દાનને પોતે કરેલું દાન હોય તેમ અમારા વંશના કે અન્ય ભાવિ નૃપોએ ભૂમિદાનનું ફળ (દાનદેનારને અને રક્ષનારને) સામાન્ય છે અને લક્ષ્મી વિદ્યુત્ સમાન ચંચળ અને અનિત્ય છે અને જીવિત તૃણાગ્રે જલબિંદુ સમાન અસ્થિર છે તેમ મનમાં માની અનુમતિ આપવી અને રક્ષવું. અને જે અજ્ઞાનના ઘનતિમિરથી આવૃત્ત થએલા ચિત્તથી આ દાનને જપ્ત કરશે અથવા જપ્તિમાં અનુમતિ આપશે તે પંચ મહાપાતકનો અને અન્ય નાનાં પાપોનો દોષી થશે.

(પં. ૫૯) અને વેદ વ્યાસે કહ્યું છેઃ— ભૂમિદાન દેનાર સ્વર્ગમાં ૬૦ હજાર વર્ષ વસે છે, પણ ભૂમિદાન જપ્ત કરનાર અને તેમાં અનુમતિ આપનાર તેટલાં જ વર્ષ નરકમાં વાસ કરે છે. અચિત ! જે ભૂમિદાન જપ્ત કરે છે તે વિંધ્યાપર્વતના નિર્જલ વનમાં શુષ્ક વૃક્ષોના કોટરમાં રહેતા કાળા સર્પો જન્મે છે. સુવર્ણ અગ્નિનું પ્રથમ બાળ છે. પૃથ્વી વિષ્ણુની છે. અને ધેનુઓ સૂર્યનાં બાળક છે. સુવર્ણ, ધેનુ અને ભૂમિ દેનારથી (અખિલ) ત્રણ ભુવન દેવાય છે. સગરથી માંડી પૃથ્વીનો બહુ નૃપોએ ઉપભોગ કર્યો છે. જે સમયે ભૂમિપતિ હશે તેને તે સમયનુ ફળ છે. ધર્મ, અર્થ અને યશની ઉત્પત્તિવાળાં ભૂમિદાન જે પૂર્વેના નૃપોથી અહીં થયાં છે તે પ્રતિમાને અર્પણ કરેલામાંથી નિર્માલ્ય સમાન છે. કયો સજ્જન તે પુન લઈ લેશે ? નૃપોમાં શ્રેષ્ઠ એ ભૂપ ! તારાથી કે અન્યથી અપાએલી ભૂમિનું તું કાળજીથી રક્ષણ કર. દાનનું રક્ષણ દાન કરતાં અધિક છે. ખરેખર ! પોતાનો લાભ વિચારી અતિ નિર્મળ મનના પુરૂષોએ લક્ષ્મી અને જીવિત કમળપત્રપરના જલબિંદુ સમાન અસ્થિર છે, એમ માની અન્યની કીર્તિનો નાશ ન કરવો જોઇએ ! અને શ્રી રામભદ્રે કહ્યું છેઃ— રામભદ્ર વારંવાર ભાવિ સર્વ નૃપોને પ્રાર્થના કરે છે કે આ નૃપોનો ધર્મસેતુ સદા તેમનાથી રક્ષાવો જોઇએ. ”

(પં. ૬૮) આમાં દૂતક રાજપુત્ર શ્રી દન્તિવર્મા છે. આ મારા શ્રી ઇન્દ્રરાજના પુત્ર શ્રી કક્કરાજના સ્વહસ્ત છે. મહાસાંધિવિગ્રહિક કુલપુત્રક દુર્ગભટના પુત્ર નેમાદિત્યથી લખાયું છે.

(પં. ૧૬) સહસ્રાર્જુનના વંશનું ભૂષણ, કોક્કલની પુત્રી તેની રાણી થઈ અને તેનાથી જગત્તુંગ જન્મ્યો હતો. સાગર સમો ગંભીર અને રત્નના નિધિ, અને પ્રતિપક્ષથી નૃપોનું રક્ષણ કરવા સમર્થ (જેમ સાગર પર્વતોને શત્રુઓથી રક્ષે છે તેમ) કોક્કલના પુત્ર રણવિગ્રહના સાગરમાંથી લક્ષ્મી નામે પુત્રી, સાગરમાંથી લક્ષ્મીદેવી પ્રકટી તેમ, જન્મી હતી. તે સમાન શત્રુ વિનાના, ભીમસેન અને અર્જુનના યશની પ્રાપ્તિથી અલંકારિત, તે નૃપની પત્ની થઈ.

(પં. ૧૯) જગત્તુંગ જે ઉદયગિરિ સમાન હતો. તેમાંથી ઉદય પામતો લક્ષ્મીનો પુત્ર વિજયી સૂર્ય સમાન નૃપ જન્મ્યો હતો. તેનો આત્મા તેજસ્વી હતો અને તેના વજ્ર સમાન કરથી, ઇન્દ્ર પર્વતોના પક્ષછેદન માટે વજ્ર ફેંકે તેમ સદાચારમ થી ચલિત થએલા સર્વ નૃપોના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પક્ષ વિખેરી નાંખ્યા અને અનિમિષ નયનથી દર્શન યોગ્ય (જેમ ઇન્દ્ર દેવોથી દર્શન યોગ્ય છે તેમ) તે ઇન્દ્રરાજ આ ભૂમિપર સત્ય રીતે કહેવાતો,

(પં. ૨૦) દશકંઠનો દર્પ હણનાર શ્રીહૈહયના વંશમાં કોકલ્લ જન્મ્યો હતો અને તેનો ગુણમાં વિખ્યાત અર્જુન પુત્ર હતો. તેને મહાબળવાન અમ્મણ દેવ પુત્ર હતો અને તેનાથી પદ્મા જેમ સાગરમાંથી અને ઉમા હિમવાન નામના ગિરીશમાંથી જેમ જન્મી હતી તેમ દ્વિજમ્બા જન્મી.

(પં. ૨૨) શ્રી ઇન્દ્ર નૃપથી તેનામાં (દ્વિજમ્બામાં) ગોવિન્દરાજ નામનો કામદેવથી અધિક રૂપ અને લાવણ્યવાળો પુત્ર જન્મ્યો. તે સમર્થ હતો છતાં નિન્દિત ક્રૂરતા અગ્રજ બન્ધુ તરફ તેણે બતાવી નહતી. બન્ધુજનની સ્ત્રીગમન આદિ કુચરિતથી તેણે દોષ કર્યો ન હતો. શૌચ અને અશૌચ પરામુખ (દુષ્કૃત્યોના કારણ રૂપ) પિશાચપણું ભયથી કદિ ધાર્યું ન હતું. તેનાં દાન અને અતુલ સાહસોથી પૃથ્વીમાં સાહસ માટે વિખ્યાત થયો. દાનવૃષ્ટિ વડે, સુવર્ણવૃષ્ટિ વરસાવી, અને અતિવૃષ્ટિથી તેણે કનકની વૃષ્ટિ કરી, અખિલ ભુવન ફક્ત કાંચનનું બનાવ્યું, એમ પ્રજા તરફથી કહેવાય છે. અતિ ભયંકર ઉપજાવતા તેના દેશોના વિજય સમયે પૃથ્વી ખરેખર તેનાં મહાન પાલિધ્વજ રૂપે પોતાના ઉંચા કરેલા કર સહિત અને અન્ય દુષ્ટ નૃપોથી મુક્ત થઈ આનંદથી નૃત્ય કરે છે. ઉદય પામતો તે અન્ય દર્પવાળા નૃપને સહન કરતો નથી, એ વિચારથી ભયથી ભરેલા મન સહિત સૂર્ય અને ચંદ્ર (તેઓ પોતે અન્ય દર્પવાળા મંડળને સહન કરતા નથી તે) પણ તેની આગળ નાશી ગયા. તેનો સુંદર મહેલ જેમાં શત્રુ મણ્ડલેશ્વરો તેને નમન કરે છે તે વિજયથી ઉજ્જ્વલ છે અને તેના તોરણના નિયમિત ભૂષણ માટે ચન્દ્ર છે અને તે સદા તેના તેજ સંપન્ન છે તેથી (મહેલ) વિરાજે છે. ખરેખર તે શત્રુઓનાં વિશેષ ગુણવાળાં સમાન સૈન્ય સહન કરતો નથી તેથી ગંગા અને યમુના (જેઓ તેમના સમાન નદીઓ સહન કરતી નથી તે) તેના રાજમંદિરની સેવા કરે છે. જ્યારે તે નૃપ સુરાજ્ય કરતો હતો ત્યારે કોઈ પણ ભોગમાં કંઈ પણ વિમાન સ્થિતિ કદિ થતી નહીં. તેના અબદ્ધ પ્રતાપ અગ્નિની અસંખ્યા જ્વાળાનું કાજળ તે નીલ મેઘ છે, તેની અસિધારાના સ્ફુરતાં કિરણો તે ખચિત વિદ્યુત્‌ના ચમકારા જ છે. અંકુશમાં રાખવા કઠિણ અરિના ગજોનાં કુમ્ભ તે ભેદે છે ત્યારે ઝરતાં મૌક્તિક તે તારા છે; અને તેના યશનાં બિંદુપાત જે વિશ્વભરે છે તે ચન્દ્ર, પયોદધિ અને શેષ છે. તેનું ચિત્ત કટક દૂર કરવા ઉત્સુક છે તેથી કમળનલિની તેના ભયથી જલમાંથી (લઈ લેવાય તેથી) ઉંચાં થતાં નથી, પણ લક્ષ્મી જે તેની કળીઓમાં વસે છે તે તેમનાથી ઉપહાર તરીકે દેવાઈ છે. પવનમાં ઉડતા તેના પુંજરજથી અંધકારવાળા પૃથ્વીના ઉદર-ગર્ભમાં કેતકી આશ્રય લે છે. અને ફણસનાં વૃક્ષ અને વેત્રલતા તેના દ્વારમાં પોતાના બચાવ માટે સેવક માફક ઉભાં રહે છે અને તે અચિન્ત્ય કન્દર્પનું રૂપ અને સૌંદર્ય ધારી હરના લોચનની ભસ્મ કરવાની શક્તિને ધિક્કારતાં હસતો તે અચિત નિત્ય કન્દર્પ થયો. નિજ પ્રભુત્વ અને મંત્રશક્તિથી મહાન બનેલા ઉત્સાહથી શતમુખના સુખપર હાસ્ય કરતો તે ચાણક્યોમાં ચતુર્મુખ થયો. તેના વિખ્યાત અને અતિ પ્રસિદ્ધ પ્રતાપથી ભરેલી પૃથ્વીનું શ્રેય કરવાની ઉત્સુકતાવાળો તે પરાક્રમી વીરોમાં સાક્ષાત્ શ્રીનારાયણ થયો. (અને) તેના હસ્ત ટેવાએલા હતા તે શસ્ત્રથી શત્રુઓનાં વક્ષઃસ્થળ-ક્ષેત્ર ભેદી તે શ્રી ત્રિનેત્ર સાક્ષાત્ નૃપોમાં થયો.

(પં. ૩૯) પરમભટ્ટારક, મહારાજાધિરાજ, પરમેશ્વર, શ્રીમાન નિત્યવર્ષ દેવનો પાદાનુધ્યાત પરમભટ્ટારક, મહારાજાધિરાજ, પરમેશ્વર, અતિપૂજ્યપાત્ર શ્રીમાન્ સુવર્ણવર્ષદેવ પૃથ્વીવલ્લભ શ્રીમદ્ વલ્લભનરેન્દ્રદેવ કુશળ ક્ષેમ હોઈને રાષ્ટ્રપતિ, વિષયપતિ, ગ્રામકૂટ, મહત્તર, આયુક્તક, ઉપયુક્તક, અને આધિકારિકને તેમના સંબંધ અનુસાર જાહેર કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(પં. ૪૨) તમને જાહેર થાએા કેઃ—માન્યખેટ રાજનગરમાં સદા વસનાર, જે દેવોના ઉપભોગનાં અગ્રહાર દાન જોકે પૂર્વના નૃપોથી વિઘ્નવાળાં થતાં હતાં છતાં તેનું રક્ષણ કરનાર અને નિત્ય નમસ્ય ગ્રામોનાં અસંખ્ય શાસનપત્ર આપનાર મારાથી, મારાં માતપિતા અને મારા પુણ્ય યશની વૃદ્ધિ માટે શકનૃપના ઠાળ પછી આઠસેા પંચાવન સંવતમાં (સંખ્યામાં) ૮૫૫ સંવતમાં શ્રાવણ પૂર્ણિમા ને ગુરૂવારે પૂર્વા–ભાદ્રપદા નક્ષત્ર નીચે ચાલુ વિજય સંવત્સરમાં રામપુરી ૭૦૦ માં આવેલું લેાહાગ્રામ ગામ વૃક્ષેાની હાર સહિત, અન્ન અને સુવર્ણની આવક સહિત, અપરાધ અને દશ અપરાધના દણ્ડ અને શિક્ષા સહિત, અને ભૂતેાપાત પ્રત્યય સહિત, સૈનિકેાના પ્રવેશમુક્ત ... ... બ્રહ્મદાયના નિયમ અનુસાર નમસ્ય દાન તરીકેના ઉપભેાગ માટે, ચન્દ્ર અને સૂર્યના અસ્તિત્વ કાળસુધી પુણ્ડવર્ધન નગરથી આવેલા, દામેાદર ભટ્ટના પુત્ર, કૌશિક ગેાત્રના, વાજિકાણ્વ સબ્રહ્મચારી કેશવ દિક્ષિતને પાણીના અતિ અર્ઘથી અપાયું છે, તેની સીમાઃ—પૂર્વે ઘેાડેગ્રામ ગામઃ દક્ષિણે વાઝજુલી ગામઃ પૂર્વે વિઝ્ચ વિહરઝ (?) ગામઃ અને ઉત્તરે—સેાન્નેહી ગામ.

(પં. ૫૨) જ્યારે કેશવ દીક્ષિત આ ચાર સીમાવાળું લેાહગ્રામ ગામ ખેડતેા હેાય અથવા ખેતી કરાવતેા હેાય; ઉપભેાગ કરતેા હેાય અથવા અન્યથી ઉપભેાગ કરાવતેા હેાય, ત્યારે તેમાં તેને કેાઈએ કંઈ પ્રતિબંધ કરવેા નહીં. આ મારા દાનને અમારા વંશના કે અન્ય ભાવિ નૃપેાએ લક્ષ્મી પવનથી ધીમે ક્ષુબ્ધ થએલાં જલના તરંગેા સમાન ચંચળ છે અને જીવિત શરદ ઋતુના મેઘ સમાન અનિત્ય છે અને ભૂમિદાનનું ફળ (દેનાર અને ચાલુ રાખનારને) સામાન્ય છે, એમ માની અનુમતિ આપવી અને રક્ષણ કરવું.

(પં. ૫૫) અને રામભદ્રે કહ્યું છે કે :—"આ ધર્મી નૃપેાનેા સામાન્ય સેતુ સદા તારાથી રક્ષાવેા જોઈએ." આમ રામભદ્ર પુનઃ પુનઃ સર્વ ભાવિ નૃપેાને પ્રાર્થના કરે છે. ભૂમિદાન દેનાર સ્વર્ગમાં ૬૦ હજાર વર્ષ વસે છે, પણ તે જપ્ત કરનાર અથવા તેમાં અનુમતિ આપનાર તેટલાં જ વર્ષ નરકમાં વાસ કરે છે.

તેના પેાતાનાથી અથવા અન્યથી દેવાએલી ભૂમિ જે હરી લે છે તે શ્વાનની વિષ્ટામાં કીડા જન્મે છે અને તેના પૂર્વજો સહિત સંતાપમાં રંધાય છે. કંજુસાઈથી આપવાથી અને દીધેલું જપ્ત કર્યાથી જન્મથી આપેલું સર્વ અફલ થાય છે. ભૂમિદાન દેનાર બ્રહ્માના જગમાં સહસ્ર કરેાડ અને શત કરેાડ કલ્પ વસે છે. અખિલ જગની ઉન્નતિ થાએા. ૐ શિવને નમન !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्रीः

गुजरातना ऐतिहासिक लेख

चौलुक्य वंशना लेखो

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચૌલુક્ય વંશના લેખો

નં૦ ૧૩૭

મૂલરાજનું દાનપત્ર[1]

વિ. સ. ૧૦૪૩ માઘ વ. ૧૫

અણહિલવાડના ચૌલુક્યોનાં અગિયાર દાનપત્રો સંબંધી ઐતિહાસિક નોંધ

રેવાકાંઠાના કામચલાઉ પોલિટીકલ એજન્ટ મેજર જે. ડબલ્યુ વોટસને થોડા સમય પહેલાં મને ખબર આપી કે ગાયકવાડના ઉત્તર મહાલના મુખ્ય ગામ કડીની ગાયકવાડી કચેરીમાં કેટલાંક જૂનાં તામ્રપત્રો પડેલાં છે. ઓનરેબલ સર ઈ. સી. બેઈલીની વિનતિ ઉપરથી ગવર્નમેંટ ઑફ ઇંડીયાના ફોરીન સેક્રેટરી ડો થોર્નટને વડોદરાના એજન્ટ મારફત ગાયકવાડના દીવાન સર. ટી. માધવરાવ ઉપર વગ ચલાવી ૨૦ પતરાં એટલે કે નં૦૧ અને નં.૩ થી ૧૧ એમ લેખો પ્રસિદ્ધિ માટે મેળવી આપ્યા. નં. ૨ પાલનપુરના પો. એ. કર્નલ શોર્ટે રાધનપુરના દરબાર પાસેથી મેળવી આપેલ.

અત્યાર સુધી[2] અણહિલવાડના ચૌલુક્ય રાજાઓનાં ત્રણ દાનપત્રો પ્રસિદ્ધ થયાં છે: (૧) કુમારપાલનાં નાડોલનાં પતરાં[3] (૨) ભીમદેવ ૧ લાનાં કચ્છનાં પતરાં[4] (૩) ભીમદેવ બીજાનાં અમદાવાદનાં પતરાં.[5]

આટલાં સામટાં પતરાંની શોધ તેટલા માટે ગુજરાતના ઇતિહાસ માટે બહુ ઉપયોગી છે. બીજા વંશના કરતાં આ વંશની દંતકથાઓ વધુ પ્રમાણમાં જૈન પંચાયત મારફત સુરક્ષિત રહેલ છે.[6] તોપણ ઘણી ઐતિહાસિક હકીકત ઉપર હજુ વધુ અજવાળું પાડવાની જરૂર છે. આ વંશની ઉત્પત્તિ તથા મૂલરાજ કેવી રીતે ગાદીએ આવ્યો તે ચોક્કસ થયેલ નથી. રાજાઓની સંખ્યા પણ શંકાસ્પદ છે. ભીમદેવના લેખમાં ૪ થા રાજા વલ્લભને છોડી દીધો છે. મુસલમાન ગ્રંથકારોનું ગુજરાત ઉપર મહમુદ ગઝનવીની ચઢાઈનું વર્ણન જૈન ગ્રંથોની સાથે બંધ બેસતું નથી. ભીમદેવ ૨ જાના રાજ્યનો સમય અને વાઘેલા વંશની ઉત્પત્તિ સંબંધી પણ વિશેષ અજવાળું પાડવાની જરૂર છે. મી. કીનલોક ફોર્બસની રાસમાળામાં આ બાબત બહુ જ જુજ માહિતી છે. કારણકે તેને સોમેશ્વરની કીર્તિકૌમુદી, રાજશેખરનો પ્રબંધ કોશ અને હસ્તગણિનું વસ્તુ પાલચરિત ઉપલબ્ધ નહોતાં. આટલા માટે આહીં આ લેખોનાં અક્ષરાન્તર વિગેરે ઉપરાંત ઐતિહાસિક નોંધ મૂકવી જરૂરની છે.

ગુજરાતના ઘણાખરા જૈન કથાકાર લખે છે કે ગુજરાતનો પહેલો ચૌલુક્ય રાજા, કનોજની રાજધાની કલ્યાણમાં રાજકર્તા ભુવનાદિત્યના દીકરા રાજથી તથા અણહિલવાડ પાટણના છેલ્લા

---

૧ ઈ. એ. વો. ૬ પા. ૧૮૦ જી. બ્યુલર ૨ ઈ. સ. ૧૮૭૭ ૩ ટોડ રાજસ્થાન વો. ૧ પા. ૭૦૭ ૪ ફોર્બસ રાસમાળા વો. ૧ પા. ૬ ૫ કચ્છનો ઇતિહાસ આત્મારામ કે. ત્રિવેદીકૃત પા. ૧૭. ૬ અત્યાર સુધી નીચેના ગ્રંથો સુરક્ષિત છે—(૧) હેમચંદ્ર અને અભય તિલકનો દ્વયાશ્રય કોશ. લખ્યો ઈ. સ. ૧૧૬૦ સુધાર્યો ઈ. સ. ૧૨૫૫—૫૬ (૨) સોમેશ્વરની કીર્તિકૌમુદી ઈ.સ.૧૨૨૦-૩૫ (૩) કૃષ્ણ ભટ્ટની રત્નમાલા ઈ. સ. ૧૨૩૦. (૪) મેરૂતુંગની પ્રબંધ ચિંતામણિ ઈ. સ.૧૩૦૮. (૫) મેરૂતુંગની વિચારશ્રેણી ઈ. સ. ૧૩૧૦. (૬) રાજશેખરનો પ્રબંધકોશ ઈ. સ. ૧૩૪૦ (૭) હર્ષગણિનું વસ્તુપાલચરિત ઈ. સ. ૧૪૪૦-૪૧. (૮) જીનમંડનનું કુમારપાલચરિત ઈ. સ. ૧૪૩૫-૩૬ તથા તેમાંથી ગુજરાતી ઉતારો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચાપોત્કટ અથવા ચાવડા રાજાની બેહેન લીલાદેવીથી ઉત્પન્ન થયેા હતેા. મેરૂતુંગ લખે છે કે વિ. સં. ૯૯૮ માં પેાતાના બે ભાઈ સાથે રાજ સેામનાથ પાટણની યાત્રાએથી વળતાં અણહિલવાડ પાટણ રેાકાયેા હતેા અને ઘેાડેસ્વારની કવાયતની ટીકાથી તેમ જ પેાતાની ઘેાડેસ્વાર તરીકેની હુશીયારીથી રાજાનું ધ્યાન ખેચ્યું. તેનું કુળ જાણ્યા બાદ તેની સાથે લીલાદેવીને પરણાવી. તે પ્રસવસમયે ગુજરી ગઈ, પણ તેનુ પેટ ચીરી, મૂલરાજને જીવતેા કાઢયેા. મૂલરાજ(મૂળ નક્ષત્રમાં જન્મ્યેા તેથી)ને તેના મામાએ ભણાવ્યેાગણાવ્યેા અને મેાટેા કર્યેા. દારૂના નિશામાં તેને ઘણી વાર રાજગાદી આપવામાં આવતી, પણ નિશેા ઉતર્યા બાદ પાછી લઈ લેવામાં આવતી. આથી કંટાળી મૂળરાજે તેનું ખૂન કરાવી ગાદી પડાવી લીધી.

મી. ફેાર્બસે આ વૃત્તાન્તને થેાડી ઘણી અસંબદ્ધ હકીકત કાઢી નાંખીને સ્વીકાર્યો છે અને તેણે તથા મી. એલ્ફીન્સ્ટને માન્યું છે કે મૂલરાજનેા બાપ કનેાજમાંથી નહીં, પણ દક્ષિણના ચૌલુક્ય વંશની રાજધાની કલ્યાણમાંથી આવેલેા હતેા. મેરૂતુંગ લખે છે કે સામંતસિંહે વિ. સ. ૯૯૧–થી ૯૯૮ સુધી રાજ કર્યું. તેમ જ રાજ અણહિલવાડમાં પણ ૯૯૮ માં આવ્યેા એમ લખેલ છે. આ બે બનાવ વચ્ચે ઓછામાં ઓછું વીશ વર્ષનું અંતર હેાવું જોઇએ, તેથી આ વૃત્તાન્ત સર્વથા ત્યાજ્ય છે. ચાપેાત્કટ અને ચૌલુક્ય વંશને જોડવાના હેતુથી ભાટચારણેાએ આ બનાવ કલ્પી કાઢયેા હેાવેા જોઇએ. દ્વયાશ્રય કેાશમાં આ સંબંધી કાંઈ પણ ઉલ્લેખ નથી. તેથી તેમ જ તામ્રપત્ર નં. ૧ માંની થેાડી હકીકત છે તેથી ઉપરની અટકળને ટેકા મળે છે. ફેાર્બસે સુચવ્યું છે તે મુજબ દ્વયાશ્રય કેાશ હેમચંદ્રની જ કૃતિ નથી. વિ. સ. ૧૩૧૨ માં અભયતિલકે તેમાં સુધારેાવધારેા કરેલ છે અને કેટલીક અસંબદ્ધ હકીકત ઉપરથી અટકળ થાય છે કે બાકીનેા ભાગ પણ માત્ર ૧૨ મી સદીના લેખકનેા રચેલેા નથી. તેાપણ એકંદરે તે મેરૂતુંગના ગ્રંથ કરતાં વધુ પ્રમાણભૂત છે. તેમાં મૂલરાજને માત્ર ચૌલુક્ય લખ્યેા છે. અને તેની બહાદુરી અને શક્તિનાં વખાણ કરેલ છે. આપણા લેખમાં પણ દાન દેનારની ઉત્પત્તિ સંબંધી ટુંકું વર્ણન છે. તેને સેાલંકી વંશમાં જન્મેલેા અને મહારાજાધિરાજ રાજાનેા દીકરેા લખ્યેા છે. તેણે સારસ્વત મંડલ (સરસ્વતી નદીની આસપાસનેા મુલક) પેાતાના બાહુબળથી મેળવ્યું. મેરૂતુંગનું વર્ણન સાચું હેાય તેા રજપૂતના રખડતા નાના છેાકરાને મહારાજાધિરાજ લખાય નહી.

મૂલરાજના દાનપત્રની હકીકત ધ્યાનમાં લેતાં તેમ જ મૂલરાજને વંશનેા સ્થાપક વર્ણવ્યેા છે તે ઉપરથી અનુમાન થાય છે કે તેના પૂર્વજો ચૌલુક્યના અસલ દેશના રાજા હશે અને ત્યાંથી તેના દુશ્મનેાથી હાંકી કાઢવાથી અગર વધુ પ્રદેશ મેળવવાના લેાભથી ગુજરાતમાં તે આવ્યેા હશે. તે અસલ પ્રદેશ કયેા તે સવાલ વિચારવાનેા છે. ગુજરાતના ભાટેા લખે છે કે વિ. સ. ૭૫૨માં કનેાજમાં કલ્યાણકટકનેા રાજા ભૂરાજ, ભૂયડ અગર ભૂવડ (એટલે કે ભૂપતિ) ગુજરાતમાં રાજ કરતેા હતેા અને જયશેખરનેા નાશ કર્યો અને ત્યાર બાદ કર્ણાદિત્ય, ચંદ્રાદિત્ય, સેામાદિત્ય અને છેવટે ભુવનાદિત્ય જે રાજાનેા બાપ હતેા તે કલ્યાણની ગાદીએ આવ્યેા. મી. ફેાર્બસ મી. એલ્ફીનસ્ટન વિગેરેએ આ કલ્યાણને દક્ષિણ ચૌલુક્યેાની રાજધાની કલ્યાણ માનેલ છે અને હું પણ અમુક વખત એમ માનતેા. તેના આધારમાં નીચેની બીનાએા આપી શકાય તેમ છેઃ (૧) દક્ષિણનું કલ્યાણ આઠ સદી સુધી ચૌલુક્યની રાજધાની હતી અને કનેાજમાં આવું ગામ મળી આવતું નથી. (૨) દક્ષિણના ચૌલુક્યેાના લેખેામાં ગુજરાત જિત્યાનું લખે છે—(૩) ચૌલુક્ય રાજા વિજયરાજના શ. સ. ૩૯૪ ઇ. સ. ૪૭૨–૭૩ ના તામ્રપત્રમાં લખ્યું છે કે તે ભરૂચના પ્રદેશેાનેા માલિક હતેા. પરંતુ બીજા મતનાં પ્રમાણ વધુ સબળ છેઃ (૧) દક્ષિણના રાજાએા ચાલુક્ય, ચલુક્ય, ચલિક્ય અગર ચલ્કય લખે છે, જ્યારે ગુજરાતમાં ચૌલુક્ય લખે છે. પાટણ વંશનેા સ્થાપક દક્ષિણમાંથી આવ્યેા હેાત તેા પેાતાને ચૌલુક્ય લખત. (૨) દક્ષિણ ચૌલુક્યેાના કુલદેવતા વિષ્ણુ છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ્યારે ગુ. ચૌલુક્યો શૈવ છે (૩) દ. ચૌ. નું લાંછન વરાહ છે જ્યારે ગુ. ચૌ. નું નંદી છે. (૪) ભૂપતિથી રાજ સુધીના રાજાઓનાં નામ દક્ષિણ વંશના લેખોમાંની વંશાવલી સાથે મળતાં નથી. (૫) મૂલરાજને દ. ચૌ. સાથે મિત્રભાવ ન હોતો. તે ગાદીએ આવ્યા બાદ તેલિંગનના તૈલપ રાજાએ બારપને હુમલો કરવા મોકલ્યો હતો. (૬) મૂલરાજે તથા તેની પછીના રાજાઓ એ ગુજરાતમાં ઘણા બ્રાહ્મણોને વસાવ્યા જે ઔદિચ્ય (ઉત્તરતરફના) નામે મશહુર છે અને તે ઓને સિહોર (સિંહપુર), ખંભાત (સ્તંભતીર્થ) તેમ જ બનાસ અને સાબરમતી વચ્ચે અનેક ગામો દાનમાં આપ્યાનું પૂરવાર થાય છે. મૂલરાજ જો દક્ષિણમાંથી આવ્યો હોત તો ગુજરાત તેલિંગણ અને કર્ણાટકી બ્રાહ્મણોથી ભરપૂર હોત. આ છેલ્લી હકીકત બહુજ સબળ છે, જો કે બીજી હકીકતોનું કદાચ સમાધાન થઈ શકે; જેમ કે મૂલરાજે પોતાનું લાંછન તથા ધર્મ ગુજરાતમાં આવીને બદલ્યાં હોય. વળી કનોજમાં બીજું કલ્યાણ હોવું અસંભવિત નથી. કનોજના ઇતિહાસમાં આઠમી સદીના યશોવર્માથી માંડી દશમી સદી સુધી કાંઈ પણ પ્રકાશ પડેલ નથી. આ આંડો ભૂપતિ અને તેના અનુયાયીઓથી પૂરાઇ શકે તેમ છે. ભૂપતિ ઈ. સ. ૬૯૫–૬ માં રાજ કરતો હતો અને મૂલરાજ ૯૪૧–૪૨ માં ગાદીએ આવ્યો. વિશેષમાં દક્ષિણના ચૌલુક્યે માને છે કે તેના પૂર્વજો ઉત્તરમાંથી આવેલા અને અયોધ્યામાં રાજ્ય કરતા હતા. નોર્થવેસ્ટ પ્રોવીન્સીઝના ગેઝેટીયરમાં લખેલ છે કે ચૌલુક્ય રજપૂતો કનોજ પ્રદેશમાં અત્યારે પણ હયાત છે. કલ્યાણ નામે ઘણાં ગામો હતાં, જેવાં કે મુંબઈ પાસેનું કલ્યાણ અને દક્ષિણનું કલ્યાણ; તેથી કનોજમાં કલ્યાણ હોવાનું અસંભવિત નથી. આ બધી હકીકત ઉપરથી હું એમ નિશ્ચય ઉપર આવું છું કે મૂલરાજ કાન્યકુબ્જમાં રાજકર્તા રાજાનો વંશજ હોવો જોઇએ અને ગુજરાત જિત્યું હોવું જોઇએ, તેમજ તેની મા ચાવડા વંશની હોઈ શકે. ભાટોને રાજવંશાવલી બાબતમાં બહુ જ ચોક્કસ માનવા જોઈએ, કારણ તે સાચવી રાખવી તે તેનો ધંધો કહેવાય.

આ લેખથી બીજી બે બાબતોને પુષ્ટિ મળે છે. લેખ નં. ૧ પં. ૨ માં મૂલરાજને त्र्यंबक इव विहिताचलाश्रयः વર્ણવ્યો છે. અણહિલવાડ પાટણની આસપાસ પચાશ માઇલ સુધીમાં ટેકરી પણ નથી, તે હકીકત ધ્યાનમાં લેતાં ઉપરનું વર્ણન ઐતિહાસિક વૃત્તાન્તને ઉદ્દેશીને છે એમ સમજવું જોઇએ. મેરૂતુંગ લખે છે કે ગાદીએ બેઠા પછી તરત મૂલરાજ ઉપર બે લશ્કરો ચઢી આવ્યાં હતાં. એક તો શાકમ્ભરી(સામ્ભર)ના રાજા સપાદલક્ષીયનું અને બીજું કલ્યાણના તૈલપના સુબા બારપનું. જેને પરિણામે તે કચ્છના વાગડ પરગણુમાંના કંથકોટ(કંથાદુર્ગ)માં ભાગી ગયો હતો તેને શિવજીની કૈલાસની સ્થિતિ સાથે કવિએ સરખાવી લાગે છે. બીજી બાબત વળી વિશેષ સ્પષ્ટ છે. મેરૂતુંગ પ્રબન્ધચિંતામણિમાં લખે છે કે મૂલરાજ સોમનાથનો અનન્ય ભક્ત હતો અને દર સોમવારે સોમનાથ પાટણ (૨૫૦ માઇલની મુસાફરી કરીને) દર્શન માટે જતો. આ ભક્તિથી તુષ્ટ થઈ સોમનાથ પ્રથમ મણ્ડલી (વિરમગામ તાલુકાનું માંડલ) અને પછી અણહિલવાડ પધાર્યા. મણ્ડલીમાં મૂલરાજે મૂલેશ્વરનું મંદિર બંધાવ્યું. મૂલનાથ દેવને કમ્બોઇઠ ગામ દાનમાં આપવામાં આવ્યું તે આ મૂલેશ્વરનું મંદિર હોવું જોઇએ. લેખનો ઐતિહાસિક વિભાગ બહુજ ટુંકો છે અને તેમાં મૂલરાજની વામનસ્થલી(વંથળી)ના આભીર અગર યાદવો ઉપરની તેમજ લાટના રાજા ઉપરની ચઢાઈનું વર્ણન નથી. સંવત ૧૦૪૩ વિક્રમ આપ્યો છે તે મૂલરાજના રાજ્ય સમય વિ. સં. ૯૯૮–૧૦૫૩ સાથે બંધ બેસતો આવે છે.

મેરૂતુંગના વૃત્તાંત અનુસાર મૂલરાજ પછી તેનો દીકરો ચામુંડ ગાદીએ આવ્યો; જેણે તેર વર્ષ એટલે કે ૧૦૬૬ (ઇ. સ. ૧૦૦૯–૧૦) સુધી રાજ્ય કર્યું. તેના પછી તેના બે દીકરા વલ્લભરાજ અને દુર્લભરાજ ગાદીએ આવ્યા. જેમાંનો પહેલો ૬ માસ બાદ શીળીમાં મરણ પામ્યો જ્યારે બીજાએ સં. ૧૦૭૮ (ઇ. સ. ૧૦૨૧–૨૨) સુધી રાજ્ય કર્યું. તે વરસમાં તેણે પોતાની ગાદી છોડી અને પોતાના નાનાભાઈ નાગરાજના દીકરા ભીમદેવ ૧ લા ને ગાદી આપી. આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમય સંબંધી કાંઈ વધુ વિગત પ્રાપ્ત નથી. ચામુંડ અને દુર્લભરાજ બન્ને સ્વામી થએલા અને તેમાંથી એક કાશી ગયા ત્યારે તેમનું માળવાના રાજાએ અપમાન કર્યું તેથી માળવા સાથે વૈરભાવ ઉત્પન્ન થયો. ભીમદેવ ૨ જાના વિ. સં. ૧૨૬૬ ના તામ્રપત્રમાં વલ્લભરાજનું નામ નથી, પણ આ પતરાંમાંથી નં. ૪ થી ૧૦ બધામાં તેનું નામ છે તેથી અટકળ થાય છે કે તેના ટુંકા સમયને લીધે અમુકમાં નામ નહીં લખાયું હોય.

બીજી બાબત એટલે કે ગુજરાતની દંતકથાઓ અને આઈને અકબરી વિગેરે ગ્રંથો વચ્ચે સાલનો ગડબડાટ વધારે ગંભીર છે. જો ચામુંડને ૧૦૧૦ ને બદલે ઈ. સ. ૧૦૨૪ માં મુકીએ તે ગુજરાતી ગ્રંથકારોની સાલો બધી વીંખાઈ જાય છે. મી. ફોર્બસનું તે સંબંધી પ્રકરણ બહુ ગોટાળાભરેલું છે, કારણ કે મુસલમાની અસલ ગ્રંથોનો અને ભીમદેવના લેખોનો બારીકીથી અભ્યાસ થયો નહોતો. સર એચ. ઇલીઅટના હિંદુસ્તાનના ઇતિહાસના વો. ૨ પા. ૪૨૯ મે (પુરવણીમાં) મહમુદની હિંદ ઉપરની ચઢાઇનું પૂરું વર્ણન આપ્યું છે. સોમનાથની ચઢાઇનું સૌથી પ્રાચીન વર્ણન ઇબ્ન આસીર પા. ૪૬૯ મે આપેલ છે. તેમાં લખેલ છે કે અણહિલવાડનો રાજા ભીમ ભાગીને અમુક કિલ્લામાં ભરાણો. પછી સોમનાથ ઉપર દબલવારા દ્વારા ચઢાઇનું અને મંદિર સર કર્યાનું વર્ણન છે. પછી મહમુદને ખબર મળી કે ભીમ કન્દહતના કિલ્લામાં ભરાણો છે તેથી તે ત્યાં ગયો. ભરતી વખતે ખાડી ઓળંગી અને દુશ્મનને ત્યાંથી હાંકી કાઢયો. ત્યાંથી મનસુરા જવા પાછો વળ્યો. આ વર્ણનમાં ભીમનું નામ બે વાર આવે છે. તેથી ગુજરાતી ગ્રંથકારોનાં લખાણ અનુસાર ઈ. સ. ૧૦૨૪ માં ભીમ ગાદી ઉપર હતો. વળી તેમાં મુસલમાનોની ગુજરાતમાં લાંબા વખત સુધીની સ્થિતિ અગર દાબિશ્લીમના વંશજને અણહિલવાડની ગાદી ઉપર સ્થાપ્યા બાબત સ્હેજ પણ ઇસારો નથી. તે હકીકત તેમજ ગુજરાતની અખૂટ દોલત વિગેરેનો ઉલ્લેખ મીરખોન્દના ઇતિહાસમાં પ્રથમ જોવામાં આવે છે, તેથી અનુમાન થાય છે કે પાછળના મુસલમાની ગ્રંથકારોએ તે પાછળથી ઘુસાવી દીધેલ હશે. ભીમનું કન્દહત (કંથકોટ) ભાગી જવું પણ તદ્દન સંભવિત છે; કારણ મૂલરાજ પણ ત્યાં ભાગી ગયો હતો. કંથકોટ પાસે દરિયો હોવાનું વર્ણન કાં તો તે વખતની સ્થિતિફેરને લીધે અગરતો મુસલમાની ગ્રંથકારોના અજ્ઞાનને લીધે હશે.

ભીમદેવના લેખો પણ ઉપરના અનુમાનને અને ગુજરાતી ગ્રંથકારોના લખાણને સમર્થન કરે છે. તેમાં લખેલ છે કે ભીમદેવ વિ. સં. ૧૦૮૬ અને ૧૦૯૩ માં એટલે કે ઇ. સ. ૧૦૨૯ અને ૧૦૩૬ માં રાજ્ય કરતો હતો. તે ઉપરથી સમજાય છે કે મહમુદની ચઢાઈ પછી તુરત તે પાછો અણહિલવાડ આવ્યો હશે. પરિણામે ગુજરાતી ગ્રંથકારો અનુસાર ભીમદેવ વિ. સં ૧૦૫૮ ઇ. સ. ૧૦૨૨ માં ગાદીએ આવ્યો. મહમુદ આવ્યો ત્યારે તે રાજ્ય કરતો હતો અને ભાગીને કંથકોટ ગયો. મહમુદે તેને ત્યાંથી હાંકી કાઢયો અને મનસુરો તરફ ગયો. ભીમદેવ તરત અણહિલવાડ પાછો ફર્યો અને વધુ પચાસ વર્ષ સુધી રાજ કર્યું.

આપણા આ લેખોમાંથી ભીમદેવના છેવટના ભાગ સંબંધી તેમ જ તેના દીકરા કર્ણ ૧ લા વિ. સ. ૧૧૨૮–૫૦ (ઇ. સ. ૧૦૭૨ થી ૧૦૯૩–૯૪) સંબંધી કાંઈ પણ હકીકત મળતી નથી. માત્ર તેનું બિરૂદ ત્રૈલોક્યમલ્લ આપેલું છે. કર્ણના પુત્ર જયસિંહ સંબંધી નં. ૫ માંની વંશાવળી તેને અવન્તિનાથ અને વર્વરકજીષ્ણુ લખે છે. નં. ૩ માં તેમજ નં. ૬ થી ૧૦ સુધીનામાં આ બે બિરૂદ વચ્ચે ત્રિભુવનગંડ લખેલ છે. દ્વયાશ્રય કોશમાં બર્બરને રાક્ષસોનો નેતા લખ્યો છે અને શ્રી સ્થલ સિદ્ધપુરના બ્રાહ્મણોને તે ત્રાસ દેતો હતો. જયસિંહે તેને હરાવ્યો, પણ તેની સ્ત્રી પિંગલિકાની આજીજીથી તેને જીવતો રાખ્યો. બર્બરે જયસિંહને અનેક ભેટો આપી. મી. ફોબસે બર્બરને માલવાનો રાજા માન્યો છે તે ભૂલ અવન્તિનાથ અને વર્વરકજીષ્ણુ એ બેને ભેળાં વાંચવાથી થએલ હશે. કીર્તિકૌમુદીમાં બર્બરકને ભૂતનો ઉપરી લખ્યો છે અને તેને સ્મશાનમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વશ કરવાથી જયસિંહને સિદ્ધરાજ નામ પ્રાપ્ત થયું એમ પણ ઘટાવે છે. બધો ઊહાપોહ કર્યા પછી એમ સંભવે છે કે બર્બરક ઉત્તર ગુજરાતમાં રહેતી કોઇ અનાર્ય જાતિનો એટલે કે કોળી, ભીલ્લ અગર મેહેર જાતિનો હશે.

કુમારપાલના રાજ્યના અનેક ઉપયોગી બનાવોમાંથી શાકમ્ભરીના રાજાને જિત્યા બાબતનું જ વર્ણન લેખ નં. ૩ થી ૧૦માં છે. ત્યારપછીના રાજા અજયપાલ સંબંધી જૈન ગ્રંથકારો બહુ જ જુજ લખે છે. કારણ કે તેને તે ધિક્કારતો હતો. તેને પરમમાહેશ્વર અને મહા માહેશ્વર લખ્યો છે તેથી જૈનધર્મ તરફની વિમુખતા સ્પષ્ટ થાય છે. તેણે હેમચંદ્રના શિષ્ય રામચંદ્રને જીવતો બાળી મૂકયો અને જૈનનાં મંદિરો તેમ જ પુસ્તકોનો નાશ કર્યો. તેની પછીના મૂળરાજ બીજાના રાજ્ય સંબંધી એક જ બનાવ જૈનગ્રંથકારોએ વર્ણવ્યો છે. અને તે તેની મુસલમાન ઉપરની જિત છે. ગર્જનક તે ગઝનવીનું સંસ્કૃત રૂપ છે. મેરૂતુંગ તેઓને ગજ્જનક લખે છે. કીર્તિકૌમુદીમાં સં. ૨ શ્લો. ૫૭ માં આ મૂલરાજે તુરૂષ્કના પાદશાહને જીત્યો એમ લખેલ છે. મી. ફ્રોર્બ્સે પણ તે જિત બરોબરી અટકળી છે.

ત્યાર પછીના રાજા ભીમદેવ બીજાના અગર ભોળોભીમના રાજ્ય માટે લેખો બહુ ઉપયોગી છે. ગુજરાતી ગ્રંથકારો મી. ફ્રોર્બ્સના સમયમાં જણાએલા તેમજ અત્યારે જણાએલા પણ તેના રાજ્ય માટે બહુ જ થોડું લખે છે. મેરૂતુંગ અને સોમેશ્વરને આ ભીમ માટે મમતા નહોતી. તેઓનું ધ્યાન, ગુજરાતના ભાવિ રાજાના બાપ, ધવલગૃહ અગર ધોળકાના રાણા વીરધવલ તરફ અને તેના બે જૈન મંત્રીઓ તેજપાલ અને વસ્તુપાલ તરફ ખેંચાયું હતું. મી. ફ્રોર્બ્સે તેટલા માટે ચાંદના પૃથિરાજ રાસા ઉપર તેમ જ પાછળના મુસલમાન ગ્રંથકારો જે ભરોંસાપાત્ર નહોતા તેના ઉપર આધાર રાખેલ છે. ચાંદ ભીમને ઇ. સ. ૧૧૯૩ પહેલાં મરેલો વર્ણવે છે. મી. ફ્રોર્બ્સ તેને ઇ. સ. ૧૨૧૫ માં મુએલો વર્ણવે છે. ઇ. સ. ૧૨૩૧ ના આબુના લેખમાં ભીમને જીવતો લખ્યો છે અને તે લેખનો ઉલ્લેખ મી. ફ્રોર્બ્સ કરે છે. છતાં ઇ. સ. ૧૨૧૫ માં ભીમને મુએલો કેમ કહ્યો તે સમજાતું નથી. મેરૂતુંગ પણ પ્રબન્ધચિંતામણિમાં લખે છે કે ભીમદેવે વિ. સં. ૧૨૩૫ પછી ૬૩ વર્ષ સુધી, એટલે કે વિ. સ. ૧૨૯૮ અગર ઇ. સ. ૧૨૪૧-૪૨ સુધી રાજ્ય કર્યું. આપણા લેખોમાં પણ ભીમદેવનું છેલ્લું દાનપત્ર વિ. સં. ૧૨૯૬નું છે અને ત્યાર પછીના ત્રિભુવનપાલનું પહેલું વિ. સં. ૧૨૯૯ નું છે. ભીમદેવના રાજ્યના ઐતિહાસિક બનાવો સંબંધી મેરૂતુંગ પ્રબન્ધચિંતામણિમાં લખે છે કે માલવાના સોહડ એટલે કે સુભટવર્મને ગુજરાત ઉપર ચઢાઈનો પ્રયત્ન કર્યો હતો અને તેના દીકરા અર્જુનદેવે ગુજરાતનો નાશ કર્યો હતો. વ્યાઘ્રપલ્લી અગર વાઘેલનો લવણપ્રસાદ જે રાણા વીરધવલનો બાપ હતો તે ભીમનો રાજ્યચિન્તાકારી હતો. ત્યાર બાદ વાઘેલાના તેમ જ તેના જૈનમંત્રીઓના વર્ણનમાં ઉતરી જાય છે. તેની વિચાર-શ્રેણીમાં તેણે ભીમ ૧૨૩૫ માં ગાદીએ બેઠો એટલું જ લખ્યું છે અને પછી ગજ્જનક(મુસલ-માન)નું રાજ્ય થયું. સોમેશ્વરે કીર્તિકૌમુદી સ. ૨ શ્લો. ૫૯-૬૧ માં ભીમને તેથી પણ બરાબ વર્ણવ્યો છે, અને પછી મેરૂતુંગની માફક વાઘેલાનું વર્ણન શરૂ કરે છે.

ગ્રંથકારો આમ લખે છે છતાં ભીમદેવના લેખો તેને ક્ષુદ્ર રાજા તરીકે વર્ણવતા નથી. આપણાં તામ્રપત્રોમાં તેને અભિનવ સિદ્ધરાજ નારાયણવતાર અને સપ્તમ ચક્રવર્તિન લખેલ છે. તે બિરૂદો તેનાં પોતાનાં જ તામ્રપત્રોમાં નહીં, પણ જયન્તસિંહના (નં. ૪) તેમ જ ત્રિભુવનપાલ(નં. ૧૦)-ના લેખોમાં પણ છે. લેખો ઉપરથી એમ પણ પુરવાર થાય છે કે તેના તાબામાં સાબરમતીની ઉત્તરનો ગુજરાતનો ઘણોખરો ભાગ જે મૂલરાજ ૧ લાના તાબામાં હતો તે હતો અને દક્ષિણ રજપૂતાનાના ચંદ્રાવતી અને આબુના રાજાઓ તેની સત્તા કબુલ કરતા હતા. નં. ૬-૮-૯ માં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અપાએલાં જૂદાં જૂદાં ગામો તેમ જ વીલસનના લેખો[1] નં. ૧૬ ઇ. સ. ૧૨૦૮—૯ નામાં તેમ જ નં. ૪ ઇ. સ. ૧૨૩૦–૩૧ નામાં જે વર્ણન મળે છે તે ઉપરથી તે ગુજરાત તેમજ આણ પ્રદેશમાં લાંબા વખત સુધી સર્વોપરી સત્તા ભોગવતો હતો એમ પૂરવાર થાય છે. બીજી તરફથી લવણપ્રસાદ અને વીરધવલને મહારાજા અને મહારાજાધિરાજ લખ્યા છે. લવણપ્રસાદ સ્વતંત્ર થયાની તારીખ વસ્તુપાલના ગિરનારના લેખમાંથી મળે છે; કારણ કે તે વિ. સં. ૧૨૭૬ પછી પોતાની સીલ વાપરતો હતો. તેઓએ ધોળકા ધંધુકા ઉપરાંત ખંભાત, લાટ અને ગોધરા ચાલુક્યો પાસેથી બચાવી લીધાં, એમ સોમેશ્વર લખે છે. કાઠિયાવાડ ત્યાંના સ્થાનિક સુબાના હાથમાં ગયું અને પ્રબન્ધકોશમાં વઢવાણના રાજા વીરધવલ સાથે લડતો વર્ણવ્યો છે.

ગુજરાતના બધા ગ્રંથકારો ભીમદેવથી ચાલુક્યવંશ સમાપ્ત થયાનું માને છે. લેખ નં. ૧૦ માં ત્રિભુવનપાલને વિ. સં. ૧૨૯૯ માં રાજ્ય કરતો વર્ણવ્યો છે. પણ તેના ટુંકા સમયને લીધે તેને રાજા તરીકે ગણ્યો લાગતો નથી. મેરૂતુંગે પણ વિચારશ્રેણીમાં લખ્યું છે કે વીરધવલનો દીકરો વીસલદેવ વિ. સ. ૧૩૦૦માં ચાલુક્યની વાઘેલા શાખાનો પહેલો રાજા થયો.

વીસલદેવ વાઘેલાના ઇતિહાસ સંબંધી રાજશેખર અને હર્ષગણિ લખે છે કે વીરધવલ વિ. સ. ૧૨૯૫–૯૬ માં ગુજરી ગયો. તેને બે દીકરા હતા વીરમદેવ અને વીસલદેવ. મોટાએ એક વાણીયા ઉપર જુલમ કરીને પોતાના પિતાની તેમજ મંત્રી વસ્તુપાલની ઇતરાજી વ્હોરી હતી તેથી તેને વીરમગ્રામ(વીરમગામ)માં કાઢી મૂક્યો હતો. પોતાના બાપની ગંભીર માંદગીની ખબર પડવાથી તે ધોલકા રાજ્ય લેવા આવ્યો; પણ વસ્તુપાલ બહુ જોરદાર હોવાથી વીસલદેવને ગાદીએ બેસાયો અને વીરમને ગામમાંથી નાસી જવાની ફરજ પાડી. તેણે બંડ ઉઠાવ્યું અને હાર્યો તેથી પોતાના સસરા જાબાલિના રાજા ઉદયસિંહની મદદ માગી, પણ વસ્તુપાલે તેને દગલબાજીથી મરાવી નાંખ્યો. વીસલદેવે નાગડ નામના બ્રાહ્મણને મહામંત્રી નીમ્યો અને બન્ને ભાઈઓ(વસ્તુપાલ તેજપાલ)ને નીચેની પદવી આપી. તેઓને બહુ અપમાન સહન કરવું પડ્યું. સોમેશ્વરે તેને બચાવી લીધો હતો. થોડા સમય પછી રાજાના મામા સિંહે વસ્તુપાલના ગુરૂ યતિને માર્યો, તેથી વસ્તુપાલે તેના રજપૂત નોકર મારફત તેનો હાથ કપાવી નાંખ્યો. આથી જેઠવાઓએ મંત્રીને સહકુટુંબ મારી નાંખવાનો ઠરાવ કર્યો. સોમેશ્વરે ફરી સમાધાન કરાવ્યું. દેવગિરિના યાદવ રાજા સિંઘણે વીરધવલ ઉપર ચઢાઈ કરી હતી (કીર્તિકૌમુદી સ. ૪). માલવાનો પૂર્ણમલ્લ પણ ચડી આવ્યો હતો. મેદપાટ[2](મેવાડ)ના રાજાને પણ સોલંકીના દુશ્મન તરીકે વર્ણવ્યો છે. કર્ણાટના રાજા એટલે કે ઘણું કરીને દ્વારસમુદ્રના બલ્લાલ યાદવની દીકરીના સ્વયંવરમાં ફત્તેહમંદ થયો હતો, એમ પણ લેખમાં વર્ણન છે. મેરૂતુંગ અનુસાર વીસલદેવે વિ. સં. ૧૩૧૮ સુધી રાજ્ય કર્યું અને તેની પછી નીચેના રાજાઓએ રાજ્ય કર્યું.

અર્જુનદેવ	...વિ. સં. ૧૩૧૮–૧૩૩૧=	ઇ. સં.	૧૨૬૧–૬૨ થી ૧૨૭૪–૭૫
સારંગદેવ	... ,, ૧૩૩૧–૧૩૫૩=	,,	૧૨૭૪–૭૫ ,, ૧૨૯૬–૯૭
કર્ણ ઘેલો	... ,, ૧૩૫૩–૧૩૬૦=	,,	૧૨૯૬–૯૭ ,, ૧૩૦૩–૪

અર્જુનદેવનો સોમનાથ પાટણનો ઇ. સ. ૧૨૬૪–૬૫ નો અને કચ્છનો વિ. સ. ૧૩૨૮= ૧૨૭૧–૭૨ લેખ મળેલા છે અને સારંગદેવનો આણ ઉપરના વસ્તુપાલનો ઇ. સ. ૧૨૯૪ નો લેખ મળેલ છે તેથી મેરૂતુંગની તારીખોનું સમર્થન થાય છે. ઇ. સ. ૧૩૦૪ માં ગુજરાત મુસલમાનોના હાથમાં ગયું, એ નિર્વિવાદ છે.

---

૧ એસીઆટિક રીસર્ચીઝ વો. ૧૬ પા. ૨૯૬–૩૦૧ ૨ મેદ મેડ એટલે કે મેરનો મુલક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

अक्षरान्तर

पतरुं पहेलुं

પતરાંનું માપ ૭"×૧૦" લિપિ જૂની કાયસ્થ દેવનાગરી, સ્થિતિ સુરક્ષિત.

१ राजावलीपूर्व्वम् ॥ राजहंस इव विमलोभयपक्षः । कमलयोनिरि-
२ व वितत्तकमलाश्रयः । विष्णुरिव विक्रमाक्रांतभूतलः । त्र्यम्बक इव विहिताच-
३ लाश्रयः । शतमख इव विबुधानंदजनकः । कल्पवृक्ष इव वांछितार्थफलप्र-
४ दः । मेरुरिव सर्व्वदा मध्यस्थः । तोयधिरिव बहुसत्वाश्रयः । जलद इव
सर्व्वसत्वा-
५ नुकंपी । सुरेंद्रद्विप इव सदा दानतोयार्द्रीकृतकरः । चौलुकिकान्वयो महारा-
६ जाधिराजश्रीमूलराजः । महाराजाधिराजश्रीराजिसुतः । निजभुजोपार्जित सारस्व-
७ तमण्डलो श्री मोढेरकीयार्द्धाष्टमेषु कम्बोइकाग्रामे समस्तराजपुरुषान् ब्राह्म-
८ णोत्तरान् तन्निवासिजनपदांश्च बोधयत्यस्तु वः संविदितं । यथा । श्रीमदणहिलपाट-
९ कस्थानावस्थितैरस्माभिः सूर्यग्रहणपर्व्वणि श्रीस्थलके प्राचीसरस्वतीवारिणि *
१० [स्नात्वा] तृदशपतिं रुद्रमहालयदेवमभ्यर्च्य संसारस्यासारतां विचिंत्य नलिनीदल-
११ गतजललवतरल प्राणितव्यमाकलय्यं । अदृष्टफलमंगीकृत्य च । मातापित्रोरात्मन-

---

१ ઈ. એ. વો. ૬ પા. ૧૯૧ જી. ન્યુલ્હર. પં. ૩ પતરાં ઉપરના અક્ષરો જનનઃ જેવા દેખાય છે; પરંતુ હું ધારૂં છે કે માત્ર તેનું કારણ ક નો જમણો લોટો ભૂસાઈ ગયો છે તેથી છે. વાંચો વૃક્ષઃ પં. ૫ का ઉપરનું અનુસ્વાર ઉડાડી નાંખો પં. ૮ त्तरान् ના त નીચેનો લોટો च જેવો, લાગે છે; પરંતુ હું ધારૂં છે કે તે વિરામ ચિહ્ન માટેનો હશે. પં. ૧૦ વાંચો त्रिदशपति પં. ૧૧ વાંચો तरलं; त्य ઉપરનું અનુસ્વાર ઉડાડી નાંખો. વાંચો अदृष्ट.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

पतरुं बीजुं

१ श्च पुण्ययशोभिवृद्धये। उपरिलिखितग्रामोयं स्वसीमापर्यन्तः स्वकाष्ठतृणोदकोपे-
२ तः स्वगोचरसहितः सदण्डदशापराधो वर्द्धिविषये मण्डल्यां स्थापितश्रीमूलनाथदे-
३ वाय शासनेनोदकपूर्व्वमस्माभिः प्रदत्तः। इति मत्वा । तान्निवासिजनपदैर्यथादी
४ मानभागभोगकरहिरण्यादि सर्व्वमाज्ञाश्रवणविधेयैर्भूत्वा सर्वदाऽस्मै समुपने-
५ तव्यं। सामान्यं चैतत्पुण्यफलं बुध्वाऽस्मद्वंशजैरन्यैरपि भाविभोक्तृभिरस्मत्प्रदत्तध
६ र्म्मदायोयमनुमंतव्यः पालनीयश्च। उक्तं च भगवता व्यासेन। षष्टिं वर्षसहस्राणि स्व-
७ र्गे तिष्ठति भूमिदः। आच्छेत्ता चानुमंता च तान्येव नरके वसेत् ॥ बहुभिर्व्व-
सुधा भुक्त्वा राज-
८ भिः सगरादिभिः। यस्य यस्य यदा भूमिस्तस्य तस्य तदा फलं ॥ यानीह दत्तानि
पुरा नरें-
९ द्रैर्दानानि धर्म्मार्थयशस्कराणि। निर्म्माल्यवां[तप्रति]मानि तानि को नाम
साधुः पुनराद-
१० दीत ॥ लिखितमिदं शासनं कायस्थजेज्ज सुतकांचणनेति ॥ ० ॥ सम्वत् १०४३
११ माघ वदि १५ रवौ

श्रीमूलराजस्य ॥

પં. ૩ પૂ ઉપરનું અનુસ્વાર ભૂંસી નાંખ્યો. પં. ૬ વાંચો षष्टिं પં. ૭ વાંચો भुक्ता પં. ૧૦ વાંચો कांचणेन.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાષાન્તર

ॐ ! રાજાવલી પહેલાં (માફક)

રાજહંસ જેમ બન્ને વિમલ પક્ષવાળો, સુખનું સ્થાન હોવાથી કમલાશ્રયી બ્રહ્મા સરખો, નિજ પ્રભાવથી પૃથ્વી પ્રાપ્ત કરી એક પગલે પૃથ્વી માપનાર વિષ્ણુ જેવો, કૈલાસનિવાસી ત્ર્યંબકને ગિરિનિવાસી હોઈ મળતો, ઇન્દ્ર જેમ વિબુધ (પ્રજ્ઞ) જનોને અનુરંજતો, કલ્પતરૂ માફક આશ્રયી-ઓને વાંચ્છિત ફલ આપનાર, બ્રહ્માંડમાં મેરૂ પર્વત મધ્યસ્થ છે તેમ સર્વદા મધ્યસ્થ, સાગર જેમ સત્ત્વાશ્રયી, મેઘ માફક સર્વ પ્રાણી તરફ દયાળુ, ભીંજાયેલી સૂંઢવાળા ઐરાવત માફક દાન માટે પાણીના અર્ઘ્યથી ભીંજાયેલા હાથવાળો, ચૌલુકય કુળનો, નૃપેશ શ્રી રાજિનો પુત્ર, નૃપા-ધિરાજ શ્રી મૂલરાજ જેણે બાહુબલથી સરસ્વતી નદીથી સિંચન થએલો પ્રદેશ જિત્યો હતો, તે (મૂલરાજ)કંબોઈકૂ[1] ગામમાં મોઢેરના અધીષ્ટમમાં વસતા સર્વ રાજપુરૂષો અને બ્રાહ્મણોત્તર સર્વ પ્રજાને આ પ્રમાણે જાહેર કરે છેઃ—

તમને જાહેર થાઓ કે મારી રાજધાની પ્રસિદ્ધ અણહિલપાટકમાં રહી, સૂર્યગ્રહણને દિવસે શ્રીસ્થલકમાં સરસ્વતી નદીના પૂર્વ ભાગમાં સ્નાન કરી, દેવપતિ રૂદ્રમહાલયની[2] પૂજા કરી, સંસાર-ની અસારતાનું ચિંતન કરીને, જીવન કમલપત્ર પરના જલબિંદુ જેવું અસ્થિર માનીને અને પુણ્યકર્મનું ફૂલ પૂર્ણ સમજીને, મારા તથા મારા માતાપિતાનાં પુણ્ય અને યશની વૃદ્ધિ-માટે ઉપર જણાવેલું ગામ તેની સીમા પર્યંત, કાષ્ઠ, તૃણ અને જલ સહિત, ગોચર સહિત, અને દશ અપરાધના દંડનો હક્ક અને તેવાં કૃત્યોનો નિર્ણય કરવાની સત્તા સહિત, મેં વર્દ્ધિ[4]વિષય-(જીલ્લા)માં મણડલીમાં વસતા શ્રીમૂલનાથ દેવને,[3] દાનને શાસનથી અનુમતિ આપી, પાણીના અર્ઘ્ય સાથે આપ્યું છે.

આ જાણી ત્યાં વસતી સર્વ પ્રજા, અમારી આજ્ઞાને ધ્યાનપૂર્વક પાળીને, ઉત્પન્નનો ભાગ, વેરા, સુવર્ણ આદિ સર્વ તે દેવને અર્પણ કરશે. અમારા વંશજોએ અથવા અન્ય નૃપોએ દાનનું પુણ્ય-ફલ સર્વ નૃપોનું સામાન્ય છે તેમ માની, આ ધર્મદાનને અનુમતિ આપવી અને તેનું રક્ષણ કરવું. આને માટે ભગવત વ્યાસે કહ્યું છે કે ... ...

કાયસ્થ જેજ્જના પુત્ર કાંચનથી આ દાનપત્ર લખાયું છે. સંવત ૧૦૪૩, માઘ વદી ૧૫ રવિવાર, શ્રી મૂલરાજના સ્વહસ્ત.

---

૧ ગાયકવાડી ઉત્તર મહાલોમાં મોઢેરાથી વાયવ્ય ખૂણામાં આવેલું નવું કમ્બોઈ. ૨ સિદ્ધપૂરમાં મૂલરાજના ' રૂદ્રમાલા ' મંદિરના હાલના નામનું આ દેશીતી રીતે મૂળ નામ છે. તેનો અર્થ રૂદ્ર એટલે શિવનો મહેલ એમ થાય છે. ૩ મંડલની મારી છેલ્લી મુલાકાતમાં આ એક વખતના સુવિખ્યાત મંદિરની શોધમાં ફોકટ ફાંફાં માર્યાં. તેમ વારંવાર દાનપત્રોમાં જણાવેલા તેની સાથેના આશ્રમની નિશાની પણ મળી નહીં. આવું મંદિર હતું તે બાબત કોઈ પણ માણસે સાંભળ્યું હોય એમ જણાતું નથી. છેવટે એક બુદ્ધિશાળી ભાટે સૂચના કરી કે મંડલને પૂર્વે બે માઈલ ઉપર મોલુ કા–કુઆ—નામનો એક કૂવો છે તેની નજીક કદાચ તે મંદિર હશે અને મોલુ એ મૂલરાજનું અપભ્રંશ નામ હશે. હું કહીશ કે તેનો અર્થ ' બારાશવાળું ' એમ થાય છે. મારી માન્યતા પ્રમાણે જે તળાવ પાસે ઘણા શિલા લેખો હોવા જોઈએ તે તળાવ પાસે જ દક્ષિણમાંથી આ મંદરની હસ્તિ હતી. ૪ વર્દ્ધિ એ 'વધિયાર' 'વઢિયાર'નો પર્યાય છે કે જે પ્રાચીન અને હાલનું નામ ઝીંઝુવાડાથી રાધનપુર વચ્ચેના કચ્છના રણની પડોશના પ્રદેશનું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નં૦ ૧૩૮

મૂલરાજ ૧ લાનાં બાલેરાનાં પતરાં

(વિક્રમ) સંવત ૧૦૫૧ માઘ સુદિ ૧૫

મી. એચ. એચ. ધ્રુવ અને મુન્શી દેવીપ્રસાદે આ પતરાંની નોંધ લીધેલી છે. જોધપુર સ્ટેટના સાંચોર ડિસ્ટ્રિક્ટમાં બાલેરાના બ્રાહ્મણ દેવરામના કબજામાં આ પતરાં છે. મી. ડી. આર. ભાંડારકરે મને આપેલી છાપો ઉપરથી હું તે પ્રસિદ્ધ કરૂં છું.

૭½"×૫" નાં માપનાં બે પતરાં છે અને દરેક એક જ બાજુએ કોતરાએલું છે. તેમાં એકંદરે ૨૧ પંક્તિ લખેલી છે. તેમાંની ૧૦ પંક્તિઓ પહેલા, અને ૧૧ પંક્તિઓ બીજા પતરા ઉપર છે. તથા પતરાં સુરક્ષિત સ્થિતિમાં છે. તેને એક કડી વડે સાથે જોડેલાં છે. મી. ભાંડારકરને આ પતરાં મળ્યાં ત્યારે આ કડી ભાંગી ગયેલી હતી. તેના ઉપર મુદ્રા નહોતી.

ચૌલુક્યોની અણહિલવાડ શાખાના સ્થાપનાર મહારાજાધિરાજ મૂલરાજ ૧ લાનો આ લેખ છે. મૂલરાજના બીજા બે લેખો પણ જાણમાં છે. જૂનામાં જૂનો[૨] લેખ જેના ઉપર ઈ. સ. ૯૭૪ ના ઓગસ્ટની તા. ૨૪ ને વાર સોમને મળતી વિક્રમ-સંવત ૧૦૩૦ ના ભાદ્રપદ શુકલ પક્ષ ૫ ની તિથિ લખેલી છે. તેની નોંધ મી. ધ્રુવે લીધેલી છે. બીજો લેખ, ઇ. સ. ૯૮૭ ના જાન્યુઆરીની તા. ૨ વાર રવિને મળતી વિક્રમ સંવત ૧૦૪૩ ના માઘ વદિ ૧૫ ની તિથિનો કડીનો છે. આપણો લેખ મૂલરાજનો છેલ્લામાં છેલ્લો છે. અને તેના ઉપર, ઈ. સ. ૯૯૫ ના જાન્યુઆરીની તા. ૧૯ મી ને વાર શનિ, જે દિવસે હિન્દુસ્તાનમાં ચંદ્રગ્રહણ દેખાયું હતું તેને લગતી સંવત ૧૦૫૧ ના માઘ શુકલ પક્ષ ૧૫ મી તિથિના ચંદ્રગ્રહણની તારીખ છે. આમાંના કોઈ પણ લેખમાંથી આપણને મૂલરાજ વિષે બહુ જાણવા જેવી હકીકત મળતી નથી. કડીનાં પતરાં ઉપરથી જણાય છે કે, તે ચૌલુક્યોનો વંશજ, તથા મહારાજાધિરાજ રાજીનો પુત્ર હતો, અને તેણે પોતાના બાહુબળ વડે સારસ્વત—મંડલ જિત્યું હતું. ગુજરાતના વૃત્તાન્તમાં રાજી કનૌજમાં કલ્યાણકટકનો રાજા હોવાનું લખ્યું છે, તથા તેના વિષે કેટલીક વાતો પણ આપી છે. પરંતુ આ વાતોનું પ્રમાણ લેખોમાં મળતું નથી. મૂલરાજના વંશના બીજા લેખોમાંથી તેના વિષે મળી આવતી હકીકત પણ જૂજ છે. તેને " ચૌલુક્ય વંશનાં કમળ—સરોવરને પ્રફુલ્લિત કરતો સૂર્ય " કહ્યો છે. (જુઓ જયંતસિંહ, ભીમદેવ, અને ત્રિભુવનપાલનાં કડીનાં પતરાં[૩]). આ દાન-પત્રનો હેતુ, કાન્યકુબ્જમાંથી દેશાંતર કરી આવેલા, દુર્લભાચાર્યના પુત્ર દીર્ઘાચાર્યને એક ચંદ્ર-ગ્રહણને દિવસે આપેલું દાન નોંધવાનો છે. તેનો લેખક કાયસ્થ કાન્યન છે. તેણે કડીનાં સંવત ૧૦૪૩ નાં પતરાં પણ લખ્યાં છે.[૪] અને તેનો પુત્ર વટેશ્વર ભીમદેવનાં સંવત ૧૦૮૬ નાં કડીનાં પતરાંનો લેખક છે.[૫] દૂતક મહત્તમ શિવરાજ છે.

દાનમાં સત્યપુર—મંડલમાં વરણક નામનું ગામ આપ્યું હતું. તેની સીમાઃ-પૂર્વે ધણાર ગામ, દક્ષિણે ગુંડાઉક ગામ, પશ્ચિમે વોઢા અને ઉત્તરે મૈત્રવાલ. સત્યપુર એ જોધપુર સ્ટેટનું હાલનું સાંચોર છે. મુન્શી દેવીપ્રસાદ કહે છે કે, જ્યાંથી પતરાં મળ્યાં છે તે હાલનાં બાલેરા ગામનું (ઇંડીયન એટલાસ, શીટ ૨૬ એન. ડબ્લ્યુ; ૭૧° ૩૨' લો°, ૨૪° ૪૩° લે:) સ્થળ વરણક છે. તેના આ મતનો આધાર હું જાણતો નથી અને વરણક માટે પૂર્વ દિશામાં ઘણે દૂર, ૭૨°૩½" લો.અને ૨૪°૪૯" લે. માં જ્યાં ગોંડો ગામ છે, અને જે ગુંડાઉકને મળતું આવે છે, ત્યાં આપણે શોધ કરવી જોઇએ એમ વધારે સંભવિત લાગે છે. ગોંડોની ઉત્તરે મિરપુર ગામ છે. તે મૈત્રવાલનું પાછળથી થયેલું રૂપ હોય, જ્યારે વાયવ્ય કોણમાં આવેલું બોડાણ વોઢા હોય, અને ઈશાન કોણનું દંતવારા ધણાર હોય, એ સંભવિત છે.

આ દાન અણહિલપાટક એટલે અણહિલવાડમાંથી આપ્યું હતું.

---

૧ એ. ઈ. વો. ૧૦, પા. ૭૬ પ્રો. સ્ટેનકોનો ૨ વિએના જર્નલ વો. ૫ પા. ૩૦૦ ૩ ઈ. એ. વો. ૬ પા. ૧૯૬ વિગેરે ૪ ઈ. એ. વો. ૬ પા.૧૯૨ ૫ ઈ. એ. વો. ૬ પા. ૧૯૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

अक्षरान्तर

पहेलुं पत्तरूं

१ ॐ[1] संवत् १०९१ माघ शुदि १५ आद्येह श्रीमद्गहिलपाट-
२ के राजावली पूर्व्ववत् परमभट्टारकमहाराजाधिराज-
३ परमेश्वरश्रीमूलराजदेवः स्वभुज्यमानसत्यपुरमंड-
४ लांतःपातिवरणकग्रामे समस्तराजपुरुषान् ब्रा(ब्रा)ह्मणोत्तरां-
५ स्तन्निवासिजनपदांश्च बो(बो)धत्यस्तु वः संविदितं यथा अ-
६ द्य सोमग्रहणपर्व्वणि चराचरगुरुं भगवंतमंवि(बि)कापति-
७ मभ्यर्च्च्य मातापित्रोरात्मनश्च पुण्ययशोभिवृद्धये उपरि-
८ लिखितवरणकग्रामोयं स्वसीमापर्यंतः सवृक्षमाला-
९ कुलः सकाष्ठतृणोदकोपेतः सदंडदशापराधः श्री-
१० क(न्)यकुब्ज(ब्ज) विनिर्ग्गताशेषविद्यापारगतपोनिधि-

बीजुं पतरूं

११ श्रीदुर्लभाचार्यसुताय श्रीदीर्घाचार्याय शास-
१२ नेनोदकपूर्व्वमस्माभिः प्रदत्तेति मत्वाअस्मद्वंशजैर-
१३ परैरपि भाविभोक्तृभिरस्मत्प्रदत्तधर्म्मदायोयमनुमं-
१४ तव्यः पालनीयश्च । अस्य च ग्रामस्य पूर्व्वस्यां दिशि धणा-
१५ ग्रामो दक्षिणस्यां गुंदाउकग्रामः पश्चिमायां वोढग्राम
१६ उत्तरस्यां मेत्रवालग्राम इति चतुराघाटोपलक्षितो-
१७ यं धाघलीकूपत्रिभागोदकेन सह दत्तः ॥ उक्तं च भगव-
१८ ता व्यासेन ॥ षष्टिर्व्वर्षसहस्राणि स्वर्गे तिष्ठति भूमिदः । आच्छे-
१९ त्ता चानुमंता च तान्येव नरकं(के) वसेत् ॥ लिखितमिदं सा(शा)सनं
२० कायस्थकांचनेन ॥ दूतोत्र महत्तमश्रीशिवराजः ॥ —[3]
२१ श्रीमूलराजस्य ॥

१ चिह्नरूपे दर्शावेलो छे. २ 'आ' नी मात्रा भट्टारक मां मूळमां झूंसाई गयेलां लागे छे. ३ पुष्पनी आकृति चीतरेली छे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાષાન્તર

ॐ ! સંવત ૧૦૫૧ માઘ શુદિ ૧૫ આજે પ્રખ્યાત અણહિલપાટકમાંથી પહેલાં પ્રમાણે રાજ-વલી—પરમ ભટ્ટારક, મહારાજાધિરાજ, પરમેશ્વર શ્રી મૂલરાજદેવ, પોતાના રાજ્યના સત્યપુર મંડલનાવરણુક ગ્રામમાં વસતા સમસ્ત રાજપુરૂષો અને બ્રાહ્મણાદિ સર્વ પ્રજાને શાસન કરે છેઃ—

"તમને જાહેર થાઓ કે આજે ચંદ્રગ્રહણસમયે જગતના સ્વામિ, અમ્બિકાના પવિત્ર સ્વામિ શિવની પૂજા કરીને ઉપર જણાવેલું વરણુક ગામ તેની ચોગ્ય સીમા સુધી, વૃક્ષઘટા સહિત, કાષ્ઠ, તૃણ, જલ સહિત, દશાપરાધના દંડની સત્તા સહિત, અમારા માતાપિતા અને અમારા પુણ્ય યશની વૃદ્ધિ માટે, કાન્યકુબ્જથી આવેલા, દુર્લભાચાર્યના પુત્ર, સર્વ વિદ્યામાં નિપુણ, તપોનિધિ, શ્રીદીર્ઘાચાર્યને દાનપત્રથી પાણીના અર્ઘ્ય સાથે અમોએ આપ્યું છે. આ જાણીને અમારા વંશના કે અન્ય ભાવી નૃપોએ આ અમારાં દાનને અનુમતિ આપવી અને તેનું રક્ષણ કરવું. અને એ નીચે વર્ણવેલી ચાર સીમાઓ સહિત અપાયું છે—પૂર્વે ધણાર ગામ : દક્ષિણે—ગુન્દાઉક ગામઃ પશ્ચિમે વોઢ ગામઃ ઉત્તરે મૈત્રવાલ ગામઃ— આ ગામની સાથે ઘાઘલીકૂપના ત્રીજા ભાગનુ પાણી પણ અપાયું છે. અને ભગવાન વ્યાસે કહ્યું છેઃ—ભૂમિદેનાર ૬૦૦૦૦ વર્ષ સ્વર્ગમાં વસે છે. પણ દાન હરી લેનાર અથવા હરી લેવામાં અનુમતિ દેનાર તેટલો જ કાળ નરકમાં વસે છે. આ દાન કાયસ્થ કાઞ્ચનથી લખાયું હતું. દૂતક મહત્તમ શ્રી શિવરાજ હતો. શ્રી મૂલરાજના સ્વહસ્ત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નં૦ ૧૩૯

ભીમદેવનું દાનપત્ર*

વિક્રમ સંવત્ ૧૦૮૬ કાર્તિક સુદ ૧૫

अक्षरान्तर

पतरुं पहेलुं

१ ९ विक्रम सम्वत् १०८६ कार्तिक शुदि १५ अद्येह श्रीमदणहिल-
२ पाटके समस्तराजावलीविराजितमहाराजाधिराजश्रीभी-
३ मदेवः स्वभुज्यमानकच्छमंडलांतःपातिघडहडिकाद्वादश-
४ के मसूरग्रामे समस्तराजपुरुषान् ब्राह्मणोत्तरांस्तन्निवा-
५ सिजनपदांश्च बोधयत्यस्तु वः संविदितं यथा अद्य कार्त्ति-
६ कीपर्व्वणि भगवंतं भवानीपतिमभ्यर्च्च्य कच्छमंडलमध्यव-
७ र्त्तिनवणीसकस्थानविर्ग्गताय आचार्यमंगलशिवसुता-
८ य भट्टारक आजपालाय सहिरण्यभागः संदडदसापराध
९ सर्व्वादायसमेत उपरिलिखितमसूरग्रामः शासनेनोद-
१० कपूर्व्वमस्माभिः प्रदत्तो यस्य पूर्व्वस्यां दिशि घडहडिकाग्रा-
११ मो दक्षिणस्यां ऐकथिकाग्रामः पश्चिमायां धरवद्रिकाग्राम
१२ उत्तरस्यां प्रज्ञरिकाग्राम इति चतुराघाटोप-

पतरुं बीजुं

१ लक्षितं मसूरग्रामं मत्वा तन्निवासिभिर्यथादिय-
२ मानभागभोगादि सर्व्वं सर्व्वदा आज्ञाश्रवण-
३ विधेयैर्भूत्वाऽस्मै आजपालाय समुपनेतव्यं सामा-
४ न्यं चैतत्पुण्यफलं वुध्वाऽस्मद्वंशजैरन्यैरपि भाविभो-
५ क्तृभिरस्मप्रदत्तधर्म्मदायोयमनुमंतव्यः पाल-
६ नीयश्च उक्तं च भगवता व्यासेन षष्टिं वर्षसहस्राणि
७ स्वर्गे तिष्ठति भूमिदः आच्छेत्ता चानुमंता च तान्ये-
८ व नरकं वसेत् लिखितमिदं कायस्थकांचनसुते [न]
९ वटेश्वरेण दूतकोऽत्र महासांधिविग्रहिकश्रीचंड-
१० शर्म्मा इति मंगल महाश्रीः श्रीभीमदेवस्य
११ स्वरजी .... स्थापीत

* ઈ. એ. વો. ૬ પા. ૧૯૩ ડો. બ્યુહલર. પતરાંનું માપ ૯"×૬" છે. લિપિ અર્વાચીન દેવનાગરી હોઈ ઘણીજગ્યાએ ડ, ન, દ્ધ, ધ, સ્ય નાં પ્રાચીન રૂપનો ભેળસેળ છે. સ્થિતિ સુરક્ષિત છે. અક્ષરાંતર નારાયણ શાસ્ત્રીએ મારી દેખરેખ તળે તૈયાર કર્યું. પં. ૮ વાંચો दशापराधः. પં. ૧૦ ઉમેરો. आघाटाः પં. ૧૧ धरवद्रिका માં वद्रि સંશયવાળું છે. પં. ૪ વાંચો वुद्ध्वास्मद्वं પં. ૫ વાંચો स्मत्प्रद પં. ૬ વાંચો षष्टिं वर्षसहस्राणि પં. ૮ વાંચો नरके; પં. ૧૧ આ પંક્તિમાં અક્ષરો અર્વાચીન અને પછીથી ઉમેરેલા છે. મારી ધારણા પ્રમાણે, આ વાક્ય જેવાણી-આના કબ્જામાંથી આ પતરાંઓ મળ્યાં હતાં તેનેલાં આ પતરાંઓ ગીરો મુકાયા સંબંધી સૂચન કરે છે. અને તેનો અર્થ 'સ્વરજી' એટલે સુજીજી—આચાર્યે અથવા બ્રાહ્મણે (મારા ઘરમાં) સ્થાપેલાં છે—એમ થાય છે.

લે. ૫૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સારાંશ.

૧ પ્રસ્તાવના—વિક્રમ સંવત ૧૦૮૬, કાર્તિક શુદ્ધિ ૧૫ ને દિને અણહિલપાટકના મહારાજાધિરાજ ભીમદેવ કચ્છમંડલના ધડહુડિકાના દ્વાદશામાં આવેલા મસુરાગ્રામના સમસ્ત રાજપુરૂષો અને નિવાસીઓને નીચેનું દાન જાહેર કરે છેઃ—

૨ દાન લેનાર પુરૂષ—કચ્છમાં આવેલા નવાણીસકથી આવેલા આચાર્ય મંગલશિવનો પુત્ર ભટ્ટારક અજપાલ.[૧]

૩ દાન—મસૂરા ગામ,[૨] તેની સીમાઃ—

(અ) પૂર્વમાં ધડહુડિકા ગામ.
(બ) દક્ષિણમાં ઐકવિકા ગામ.
(ક) પશ્ચિમે ધરવડિકા ગામ.
(ડ) ઉત્તરે પ્રજ્ઝરિકા ગામ.

૪ રાજપુરૂષોઃ—દાન લખનાર કાયસ્થ કાંચનનો[૩] પુત્ર વટેશ્વર, દૂતક મહાસાંધિવિગ્રહિક શ્રીચંદ્રશર્મન.

૧ મી. ડી. ખખ્ખર મને જણાવે છે તે પ્રમાણે ભટ્ટારકના વંશજો હજુ પણ કચ્છમાં આજદિનપર્યંત હૈયાત છે.
૨ આ ગામ અથવા અન્ય હરીફલોમાંનું કોઈ પણ ગામ નકશાથી જાણી શકાતાં નથી. ૩ જુઓ દાનપત્ર ન. ૧ ટીપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નં૦ ૧૪૦

ભીમદેવનાં તામ્રપત્રો[1]

વિ. સં. ૧૦૮૬ વૈ. સુ. ૧૫

આહિમનો જિતનાર અને રાજા ભીમદેવ પોતાનાં આ અપ્રસિદ્ધ તામ્રપત્રો છે. પતરાં બે છે, અને બન્ને અંદરની બાજુએ કોતરેલાં છે. પહેલામાં છ અને બીજામાં પાંચ પંક્તિઓ છે. તેનું માપ ૪$\frac{5}{8}$"×૩$\frac{1}{2}$" છે. પહેલા પતરાના નીચેના ભાગમાં અને બીજા પતરાની ઉપરના ભાગમાં વચ્ચો વચ્ચ એકેક કાણું છે અને તેમાં $\frac{1}{2}$" વ્યાસની નાની કડી છે. પતરાં સુરક્ષિત છે અને કોતરકામ ઘણું સુંદર અને સ્પષ્ટ છે.

अक्षरान्तरं[2]

पतरुं पहेलुं

१ ओं विक्रमसम्वत् १०८६ वैशाख शुदि १५ अद्ये-
२ ह श्रीमदणहिलपाटके समस्तराजावलीवि-
३ राजितमहाराजाधिराजश्रीभीमदेवः स्वभु-
४ ज्यमानवर्द्धिविषयांतःपातिमुंडकग्रामे स-
५ मस्तजनपदान्बोधयत्यस्तू वः संविदितं यथा
६ अद्य वैशाखी पर्वणि उदीचब्राह्मणबलभद्र

पतरूं बीजुं

७ सुताय वासुदेवाय ग्रामस्योत्तरस्यां दि-
८ शि मुंडकग्रामेऽत्रैव भूमेहलवाहाएका १
९ शासनेनोदेकपूर्वमस्माभिः प्रदत्ता इउ [ति]
१० लिखितमिदं कायस्थकांचनसुतवटेश्वरेण
११ दूतकोऽत्र महासांधिविग्रहिकश्रीचंडशर्म्मा
इउ [ति] श्रीभीमदेवस्य ॥

ભાષાન્તર

વિ. સં. ૧૦૮૬ (ઇ. સ. ૧૦૩૦)ના વૈશાખ સુદિ ૧૫ ને દિવસે આંહી અણહિલપાટકમાં બધા રાજાઓને શોભા આપનાર મહારાજાધિરાજ શ્રીભીમદેવ પોતાના ભોગવટાના પ્રદેશમાં આવેલા મુંડક ગામમાં બધા રહેવાશીઓને જાહેર કરે છે કે—તમને માલુમ થાય કે આજે વૈશાખી પર્વણીને દિવસે ઉદીચ (ઔદિચ્ય) બ્રાહ્મણ બલભદ્રના દીકરા વાસુદેવને મુંડકગામમાં ગામની ઉત્તર દિશામાં હલવાહ[1] એક ભૂમિ શાસનના પાણી પૂર્વક અમે દાનમાં આપેલ છે. કાયસ્થ કાંચનના દીકરા વટેશ્વરે આ દાન લખ્યું; દૂતક તરીકે સંધિ વિગ્રહ ખાતાનો અધિકારી શ્રી ચંડશર્મા હતો.

શ્રી ભીમદેવની (સાતમી)

---

૧ જ. બો. બ્રે. રો. એ. સો. વધારાનો અંક— "મુંબઈની ઉત્પત્તિ" પા. ૪૯ જે. જી. ડાંકુન્હા ૨ અસલ પતરાં ઉપરથી એક હળથી ખેડાય તેટલી જમીન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નં૦ ૧૪૧-૧૪૨

ચાલુકય કર્ણદેવના સમયનાં નવસારીમાંથી મળેલાં બે દાનપત્રો (તામ્રપત્રો જોડી બે[1])

શ. સં. ૯૯૬ માર્ગ. સુ. ૧૧

આ. સ. વે. સ. ના ૧૯૧૮ આખરના રીપોર્ટમાં જણાવ્યા અનુસાર આ તામ્રપત્રો મુંબઈમાંની રા. એ. સો. ની શાખાના લાઇબ્રેરીયન મી. પી. બી. ગોથોસ્કરે સુપરીટેન્ડન્ટને મેળવી આપ્યાં હતાં. તે રીપોર્ટ ભાગ બીજામાં પા. ૩૫ મે આ પતરાં સંબંધી ટુંકી નોંધ છે. પતરાંના ફોટોગ્રાફ તથા રબિંગો પ્રસિદ્ધ કરવા ડો. વી. એસ. સુકથંકરને આપવામાં આવેલ, પણ તેઓ લાંબી રજા ઉપર ગયા ત્યારે મને સોંપવામાં આવ્યાં.૨ આ બે જોડીમાંથી પહેલી જોડી 'એ' ફોટોગ્રાફ તથા રબિંગ ઉપરથી અને બીજી જોડી 'બી' માત્ર ફોટોગ્રાફ ઉપરથી પ્રસિદ્ધ કરું છું. આ બધાં ઉપરાંત પતરાં સંબંધી એક ટાઇપ કરેલી નોટ કોઈ તે બાજુના લેખકે લખેલી મને સોંપવામાં આવેલ, જેમાં તેમાં લખેલાં સ્થળો ઓળખાવવાનો પ્રયત્ન કરેલો હતો.*

'એ' દાનનાં ત્રણ રબિંગો છે અને એમ અનુમાન થાય છે કે પહેલું પતરું બન્ને બાજુ અને બીજું એકજ બાજુ કોતરેલું હશે. 'બી' દાનનાં બે જ રબિંગ છે અને તેનાં બન્ને પતરાં એક જ બાજુ કોતરેલાં હશે. બધાં પતરાંનું માપ ૯½"×૬½" છે. બધાં પતરાંમાં કાણાં પાડેલાં છે, પણ કડી તેમ જ સીલ માટે કાંઈ કહી શકાતું નથી. રબિંગ ઉપરથી કહી શકાય કે 'એ' દાનનાં પતરાં સંભાળપૂર્વક ઊંડાં કોતરેલાં છે, જ્યારે 'બી' દાનનાં પતરાં બહુ જ બેદરકારીથી છીછરાં કોતરેલાં છે. બધાં પતરાં સુરક્ષિત લાગે છે. એ દાનની છેલ્લી બે પંક્તિઓ 'બી' દાનના કોતરનારે કોતરી લાગે છે. લિપિ બન્નેમાં નાગરી છે અને અક્ષરોનું સરાસરી માપ પહેલામાં ¼ ઇંચ અને બીજામાં ⅛ ઇંચ છે. ભાષા બન્નેમાં સંસ્કૃત છે. 'એ' દાનનો ઘણો ખરો ભાગ, પંક્તિ ૪ થી ૧૧, ૨૭ થી ૨૯ અને ૩૦ થી ૩૬ બાદ કરીને, પદ્યમાં છે. જ્યારે 'બી' દાનમાં છેલ્લા બે શાપના શ્લોકો સિવાય બધો ભાગ ગદ્યમાં છે.

'એ' દાનની શરૂવાત વાસુદેવને નમસ્કારથી તેમ જ વિષ્ણુના વરાહ અવતારની સ્તુતિથી થાય છે પં. (૧—૪). ત્યારપછી દાનની તિથિ નીચે મુજબ આપેલ છે—શક સંવત ૯૯૬ ના માર્ગશીર્ષ સુદિ ૧૧ વાર ભૌમ (પં. ૪—૫). પછી ચાલુક્યોની વંશાવળી છે જેમાં મૂળરાજથી શરૂ કરી, અનુક્રમે દુર્લભરાજ ભીમદેવ અને કર્ણદેવનાં નામ આપેલ છે (પં. ૬—૯). આ કર્ણદેવના રાજ્યમાં મહામણ્ડલેશ્વર શ્રી દુર્લભરાજે દાન આપેલું છે. તેનું મથક લાટ પ્રાંતમાં નાગસારિકામાં હતું. આ દુર્લભરાજ પણ ચાલુક્ય વંશનો જ છે અને તે ગાંગેયનો પૌત્ર અને ચંદ્રરાજનો દીકરો હતો. (પં. ૧૦—૨૪). તેણે પંડિત મહિધરને ધમણાચ્છ ગામ દાનમાં આપ્યાનું ત્યાર બાદ લખેલ છે (પં. ૨૫-૩૪). છેલ્લી બે પંક્તિ ૩૫ ને ૩૬ જેમાં તે ગામની ચતુઃસીમા આવે છે તે પાછળથી ઉમેરી હશે.

'બી' દાનની શરૂવાત એકદમ વંશાવલીથી જ થાય છે અને મૂલરાજથી કર્ણદેવ સુધીની હકીકત આપેલ છે (પં. ૧—૬). આમાં મૂલરાજ અને દુર્લભરાજ વચ્ચે ચામુંડરાજનું નામ વિશેષ જોવામાં આવે છે. પછી દાનનું વર્ણન એ દાનની માફક જ આવે છે. માત્ર તિથિમાં ફેર છે; કારણ આમાં વિ. સં. ૧૩૧૧ કાર્તિક સુ. ૧૧ આપેલ છે (પં. ૭—૨૧). અંતમાં શાપના શ્લોકો તેમ જ લેખક તથા દૂતકનાં નામ છે.

---

૧ જ. બો. બ્ર. રા. એ. સો. વો. ૨૬ પા. ૨૫૦ છ. વી. આચાર્ય. ૨ ડો. સુકથંકરે ટાંચેલી કેટલીક હકીકતો તેમણે મને આપી હતી તે માટે, તેમનો ઉપકાર માનું છું. ૩ મેં આ લેખ વાંચ્યો ત્યારે ડો. જીવણજી. જે. મોદી એ જાહેર કર્યું કે તે નોટ તેમણે લખી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આમાંનો કર્ણદેવ તે અણહિલવાડના ચાલુકય રાજા સિદ્ધરાજ જયસિંહનો બાપ છે અને તેણે ઈ. સ. ૧૦૬૪થી ૧૦૯૪ સુધી રાજ્ય કર્યું હતું. આ રાજાનો બીજો લેખ એ. ઈ. વો. ૧ પા. ૩૧૭ માં વિ. સં. ૧૧૪૮ નો પ્રસિદ્ધ થએલ છે.

'એ' દાનની તિથિ શબ્દ તેમ જ અંકમાં શક સંવત ૯૯૬ માર્ગશીર્ષ સુદિ ૧૧ વાર સૌમ અને બી દાનની તિથિ વિ. સ. ૧૧૩૧ કાર્તિક સુદિ ૧૧ આપેલ છે. મી. કે. એન દીક્ષિતે ઠરેલી ગણત્રી અનુસાર તે તિથિઓ મંગળવાર તા ૨ જી ડીસેંબર ૧૦૭૪ ઈસ્વી અને રવિવાર તા. ૨ જી નવેમ્બર ૧૦૭૪ ઈસ્વી સાથે મળતી આવે છે.

'એ' દાનમાં દાન આપનાર કર્ણદેવ પોતે છે, જ્યારે 'બી' દાનમાં તેનો બંડિયો રાજા નવસારિમાં રહેતો દુર્લભરાજ દાતા તરીકે છે. દાન લેનાર બન્નેમાં એક જ વ્યક્તિ છે અને તે બ્રાહ્મણ રુદ્રાદિત્યનો પુત્ર માંડવ્ય ગોત્રનો પંડિત મહીધર આપેલ છે. બી દાનનાં મહીધરના દાદા મધુસૂદનનું નામ પણ આપેલ છે, જ્યારે 'એ' દાનમાં પંડિતનાં પાંચ પ્રવરો વર્ણવ્યાં છે. મધ્યદેશ કે જ્યાં તે રહેતો હતો ત્યાંથી પંડિત લાટદેશમાં આવેલો હતો.

દાનમાં આપેલું ગામડું ધામણાચ્છા તલભદ્રિકા છત્રીસીમાં આવેલું હતું અને તેની પૂર્વમાં કાલાગ્રામ દક્ષિણમાં તોરણગ્રામ, પશ્ચિમમાં આવલસડિ અને ઉત્તરે કછાવલિ અથવા તો કચ્છાવલિ ગામ હતાં. આ. સ. વે. સ. ના સુપરીટેન્ડેન્ટે આમાંનાં બે ગામો ધામણાચ્છા અને તોરણ ગ્રામને હાલનાં ધમડાછા અને તરણુગામ અગર તોરણુગામ માનેલાં છે.[1] બાકીનાં સ્થળો પણ ટાઇપ કરેલી નોટના લેખકે બરોબર ઓળખાવ્યાં છે. કચ્છાવલિગ્રામ તે હાલનું કછોલી અને અવલસાઠિગ્રામ અથવા આમ્વલસાટિગ્રામ તે હાલનું બી. બી. એન્ડ સી. આઈ રેલ્વેનું અમલસાડ સ્ટેશન છે. કાલાગ્રામ માટે તે બહુ ચોક્કસ નથી, તો પણ સૂચવે છે કે તે કદાચ હાલનું કલ્વચ, અગર બેરગામ હોય. આ સિવાય બીજાં ત્રણ સ્થળો લેખમાં આવે છે જેમાંનું નાગસારિકા તે હાલનું નવસારી છે. લાટદેશ તે ઉત્તર તેમ જ દક્ષિણ ગુજરાતનું જૂનું નામ છે અને મધ્યદેશ તે ગંગા અને જમનાં વચ્ચેનો પ્રદેશ છે.

આ બે તામ્રપત્રો 'એ' અને 'બી' એક જ દાન આપવા માટે શા માટે લખાયાં હશે અને તેમાંનું કયું સાચું અને કયું ખોટું તે નિશ્ચય ઠરવો કઠણ છે. સુપરી. આ. સ. વે. સ. તેમ જ ટાઇપ કરેલી નોટના લેખક માને છે કે 'એ' દાનપત્ર જે વધારે સારી રીતે કોતરેલું છે તે ખરું છે અને બીજું પાછળથી તેની નકલ તરીકે તૈયાર થએલ હશે. ટાઇપ કરેલી નોટના લેખકે એવું સમાધાન કર્યું છે કે એનો લખનાર કાયદાથી બીનવાકેફ હશે તેથી તેણે સીમા વગેરે લખેલ નહીં. 'બી'ના લેખકે પ્રથમ તે ભૂલ મૂળ એ માં જ સુધારવાનો પ્રયત્ન કર્યો, પણ પાછળથી બધું નવેસરથી લખવાનું દુરસ્ત ધાર્યું. પરંતુ બન્ને દાનપત્રો બારીકીથી તપાસ્યા બાદ હું તેનું નીચે મુજબ સમાધાન કરવા ઈચ્છું છું. બન્ને દાનપત્રોમાં નીચે લખ્યા ફેરફાર સહજ જોવામાં આવે તેમ છે.

(૧) 'બી' દાનપત્ર બીજાં ઉત્તર ગુજરાતનાં તામ્રપત્રોની પદ્ધતિએ લેખાએલું છે, જ્યારે 'એ' દાનપત્ર દક્ષિણનાં તામ્રપત્રોની પદ્ધતિને અનુસરે છે.

(૨) 'બી'માં સાલ વિક્રમ સંવતમાં આપેલી છે, જ્યારે 'એ'માં દક્ષિણનાં તામ્રપત્રની માફક શક સંવતમાં આપેલ છે.

૧ આ. સ. વે. સ. રીપોર્ટ ઈ. સ. ૧૯૧૮ પા. ૩૬
બો. ૫૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩) ઈ. એ. વો. ૬ પા. ૧૯૪ અને ત્યાર પછીના પાનામાં પ્રસિદ્ધ થએલાં ચાલુક્ય તામ્રપત્રોની માફક 'બી' વંશાવલિ વિભાગથી શરૂ થાય છે, જ્યારે 'એ' માં મંગલાચરણના શ્લોકો તથા વરાહ અવતારની સ્તુતિ છે જે દક્ષિણનાં તામ્રપત્રોમાં જોવામાં આવે છે.

(૪) શાપ દર્શાવનારા શ્લોકો 'બી' માં છે, પણ 'એ' માં નથી.

(૫) 'બી' માં દાન લેનારાના દાદાનું નામ છે, જે 'એ' માં નથી.

(૬) 'બી' માં ચામુંડરાજનું નામ છે, જે 'એ' માં જોવામાં આવતું નથી.

(૭) સીમા વિગેરે દાનની વિગત 'બી' માં પુરેપુરી આપેલી છે, જ્યારે 'એ' માં તે ભૂલાઈ જવાઈ છે તે પાછળથી ઉમેરવાનો પ્રયત્ન કરેલો છે.

(૮) ખંડિયા રાજા દુર્લભરાજનું સ્તુતિ રૂપ વર્ણન 'એ' માં બહુ વિસ્તારથી છે, જ્યારે 'બી' માં નથી.

૯ 'બી' માં લેખક તેમ જ દૂતકનાં નામ આપેલ છે, જ્યારે 'એ' નામંજુર થયું હશે તેથી તે બધી વિગતો તેમાં પૂરી કરેલ નથી.

આ બધી વિગતો ઉપરથી એવું અનુમાન થઈ શકે છે કે 'બી' દાનપત્ર મૂલ ચાલુક્ય રાજાઓની રાજધાનીમાં લખાયું હશે અને નવસારી જીલ્લાના સુબા દુર્લભરાજને તે દાન લેનારને સોંપવા માટે મોકલ્યું હશે. પણ તેણે તે જ દાનપત્ર સોંપવાને બદલે તે દાન દક્ષિણ તામ્રપત્રોની પદ્ધતિસર નવું કોતરાવ્યું અને તે વખતે પોતાનું તેમ જ પોતાના પૂર્વજોનું પ્રશંસાત્મક વર્ણન તેમાં દાખલ કરાવ્યું. આ નવી નકલ મંજુરી માટે રજુ થઇ હશે ત્યારે તેમાંના દોષો સીમા વિગેરે ન લખવારૂપી માલુમ પડયા હશે અને તે પાછળથી છેલ્લી બે લીટીમાં ઉમેર્યો છતાં સંતોષકારક ન જણાયું તેથી અપૂર્ણ જ રહ્યું અને લેખક તેમ જ દૂતક વિગેરેનાં નામો તેમાં લખાયાં નહીં. બન્નેની તિથિ તપાસવાથી પણ ઉપરના અનુમાનને ટેકો મળે છે. 'બી' દાનમાં રવિવાર તા. ૨ જી નવંબર ૧૦૭૪ આપેલ છે, જ્યારે 'એ' માં મંગળવાર તા. ૨ જી ડીસેમ્બર ૧૦૭૪ આપેલ છે. એટલે કે 'બી' દાન બરોબર એક મહીના પહેલાં લખાયું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

अक्षरान्तर 'ए'

पतरूं पहेलुं पहेली बाजु

१ ॐ नमो भगवते वासुदेवाय ॥ पायात्कर्द्दमवांच्छया भगवतः व्राडाकृं
२ तेः क्रीडतो यस्याब्धिस्तृणबिंदुवत्परिगतो दंष्ट्राग्रभागैकतः ॥ अन्य
३ स्मिन्नपि रेणुवद्विलसति क्षोणी युगान्तागमे लज्जावेशविसस्थुलै—
४ स्य दधतः सूत्कारसारं वपुः ॥ स्वस्ति शकसम्वत्सरषडधिकनवत्य-
५ धिकनवसतं अंकतोपि ९२६ मार्गशिरशुदि ११ भौमे ॥ अ-
६ द्येह महाराजाधिराजपरमेश्वरश्रीमूलराजदेवपादानुध्यातपर-
७ मभट्टारकमहाराजाधिराजपरमेश्वरश्रीदुर्ल्लभराजदेवपादानु-
८ ध्यातपरमभट्टारकमहाराजाधिराजपरमेश्वरश्रीभीमदेवपादानैं-
९ ध्यातपरमभट्टारकमहाराजाधिराजपरमेश्वरश्रीकर्ण्णदेवकल्या-
१० णविजयराज्ये सत्येतस्मिनै काले लाटदेशान्तःपातिनागसारिका-
११ सौं तत्पादपद्मोपजीवी ॥ आसीद्वंदितपादपंकजपुराण्चौलुक्यरा-
१२ जान्वये सौर्यौदार्यगुणान्वितो द[हर]जो गांगेयना-
१३ मा पुरा यस्याद्यापि दिवौकसौं प्रतिगृहं गायंति सि-
१४ द्धांगनाः ॥ कीर्तिं तस्य न यांति सांप्रतमहो वक्तुं गु-
१५ णामादृशैः ॥

पतरूं पहेलुं बीजी बाजु

१६ संभोगभूमिर्भुवि लब्धकीर्तिः श्रीचंद्रराजोथ ब-
१७ भूव तस्मातै ॥ अद्यापि यस्य प्रभुतां प्रभूताः
१८ गायंति गति[२] खलु भूभुजोपि । जातः श्रीदुर्ल्ल-
१९ भेशः क्षिविपैतितिलकश्चंद्रराजात्प्रतापी । कीर्तिः सप्ताब्धिमध्ये वि-
२० लशति[१४] च बलाद्राजहंसीव नित्यं ॥ यस्योच्चैर्व्वाजिराजप्रसरखुर-
२१ पुटोत्खातानिर्भिन्नभूमेर्धूलीमेघावलीव प्रसरति गगने विश्वमा-
२२ च्छादयंती ॥ गतभुवनकुलानि व्याप्तदिग्मंडलानि श्रुतैतुंहि-
२३ नगिरीणि[क्रांत]तारापथानि । सरसकमलकंदच्छेदगौराणिकामं ।

१ वांचो क्रोडा २ वांचो दंष्ट्रा ३ वांचो संस्थुल ४ वांचो नवशत्यां ५ वांचो पादानु ६ वांचो तस्मिन् ७ वांचो यां ८ वांचो पुराचौलु ९ वांचो शौर्यौदा १० वांचो कसां ११ वांचो तस्मात् १२ वांचो गाने १३ वांचो क्षितिप १४ वांचो लसति १५ वांचो श्रित

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

२४ ममुरमरपते[र्नो]धाम्नि धामानि यस्य । स्नात्वा पुण्यमृदूदकेन विधिवौं
२५ संतर्प्य देवान् पितृम्ँ । धर्म्माशासनतत्परेण मनसा संपूज्य नारा-
२६ यणं । आहूयाखिलविप्रपंडितजनान् भ–मवाजा ददौ ॥ गो[प]त्यानि

पतरूं बीजुं

२७ समस्तशास्त्रविधिना दानानि चान्यानि च । निजराजावली विराजितमहा-
२८ मेडलेश्वरश्रीदुर्लभराजः स्वनियोगस्थार्तं । मंविपुराहितसेनापत्यात्कपं-
२९ टलिकप्रभृतीन् समाज्ञापयति ॥ चला विभूतिः जैणमंगि यौवनं कृतांतदं-
३० तांतरवर्ति जीवितं । त[थौघवजु]पटलजीवितमाकलय्य । मध्यदेशादा-
३१ गतसकलवेदशास्त्रा[र्थ]विदाय । मांडव्यगोत्रोत्पनार्यमांडव्यभार्ग-
३२ व्यअंगिराऊर्म्मिमजमदग्निपंचप्रवरसयुर्ताय । विप्ररुद्रा । दित्यसुत-
३३ पंडितमहीधराय । तलभद्रिकाषट्त्रिंशत्पथके । उदकेन । सवृक्षं-
३४ मालाकुलं ससीमापर्यंतं धामणाच्छाग्रामं ददौ । पूर्वस्यां दिशि का-
३५ लाग्रामः दक्षिणस्यां दिशि तोरणग्रामः पश्चिमस्यां दिशि आवल-
३६ साढिग्रामः उतरस्यां दिशि कळावलीग्रामः ॥

अक्षरान्तर 'बी'

पहेली बाजु

१ राजावली [पूर्व]वत् ॥ परमभट्टारकमहाराजाधिराजपरमेश्व-
२ रश्रीमूलराजदेवपादानुध्यातपरमभट्टारकमहाराजाधिराज-
३ श्रीचामुंडराजदेवपादानुध्यातपरमभट्टारकमहाराजाधिराज-
४ श्रीदुर्लभराजदेवपादानुध्यातपरमभट्टारकमहाजाधिराज-
५ श्रीभीमदेव पादानुध्यातपरमभट्टारकमहाराजाधिराजश्रीकर्णदे-
६ व[स्वभुज्य]माननागसारिकाविषयप्रतिबद्धतलहदष[ट्त्रिंश]ता-
७ न्तःपातिनःसमस्तराजपुरुषान् ब्राह्मणोत्तरान् तन्निवासिज-
८ नपदाश्चं बोधयत्यस्तु वः संविदितं यथा श्रीविक्रमादित्योत्पादि-
લેખમાં બે તિથિઓ આપેલી છે. પં. ૧૧ માં વિ. સ. ૧૨૩૧ ફા. સુ. ૧૧ સોમવાર આપેલ છે તે દિવસે દાન આપેલ હોવું જોઈએ. પંક્તિ ૩૧ માં ઘણું કરીને દાનપત્ર લખાયાની તારીખ વિ. સ. ૧૨૩૧ ફા. સુ. ૧૩ બુધવાર આપેલ છે. આ સંવત બરોબર ઇસ્વી સન ૧૧૭૪-૭૪ થાય છે. પ્રો. કે. એલ. છત્રેનાં પત્રક અનુસાર કાર્તિક સુ. ૧૧ ને ૧૩ ને દિવસે સોમવાર અને બુધવારે સં. ૧૨૩૧ કે ૧૨૩૨ માં આવતા નથી, પણ ૧૧૩૩ માં આવે છે તેથી સાલમાં ભૂલ થએલી લાગે છે અને ૧૧૩૨ ને બદલે ૧૧૩૧ ગત વર્ષ લખાયું લાગે છે. તામ્રપત્ર બનાવટી માનવાનું કાંઈ સબળ કારણ નથી તેથી ભૂલ થઈ હશે એમ જ માનવું જોઇએ. મી. એ. બી. દીક્ષિત તેમ જ પ્રોફેસર કીલ્હોર્ન પણ તે જ મતના છે.

* ઈ. એ. વો. ૧૮ પા. ૮૦ જે. એફ. ફ્લીટ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

अक्षरान्तर

१ ॐ[1] स्वस्ति ॥ जयोभ्युदयश्च ॥ जयति व्योमकेशोसौ यः सर्ग्गाय वि[वि]भर्त्ति तां । पेंदवीं शिरसा लेखां जगद्बीजांकुरा-

२ कृतिम् ॥ तन्वंतु वः स्मरारातेः कल्याणमनिशं जटाः । कल्पांतसमयोद्दामताडि-दवलयपिंगल[।*]: ॥ श्रीव्रा (व्रा)ह्मणापाटकात् [।*]श्री आ-

३ णहिलपाटकाधिष्ठित समस्तराजावलीविराजितमहाराजाधिराजपरमेस्व[श्व]र-परमभट्टारकवर्वरकजिष्णु श्रीजयसिंहदेव-

४ पादानुध्यात उमापतिवरलब्ध[ब्ध]प्रसाद प्रौढप्रतापनिजभुजविक्रमरणाङ्गणवि-निर्ज्जितशाकंभरीभूपाल परमभट्टा-

५ रकमहाराजाधिराजपरमेश्वर श्रीकुमारपालदेवपादानुध्यातपरमभट्टारक महाराजा-धिराजपरमेश्वरं श्री

६ मेंदजयपालदेवकल्याणविजयराज्ये [। *] तत्पादपद्मोपजीविनि महामात्यश्री-सोमेश्वरे श्री श्रीकरणादौ समस्तमुद्रा-

७ व्यापारान्परिपंथयति सतीत्येतस्मिन्काले प्रवर्त्तमाने [।*] समधिगतपंचमहाश-ब्दा[ब्दा]लंकारोपेतसमस्तप्रक्रियाविराजमान महा-

८ मंडलेश्वर श्रीवैजल्लदेवः श्रीमदजयपालदेवेन प्रसादीकृत्य नर्म्मदातटमण्डलमनुशा-सन् विजयोदयी ॥ पूर्ण्ण पथकप्र-

९ तिव [ब]द्धपाखुलगाम्बग्रामद्विचत्वारिंशत् ग्रामाणां मध्यात् आलविडगाम्ब ग्रामे समस्तदंडनायकदेशठक्[क्]उराधिष्ठानकर-

१० णपुरषशय्यापालभट्टपुत्रप्रभृतिनियुक्तराजपुरुषान् व्रा[ब्रा]ह्मणोत्तरान् प्रतिनिवा-सि विशधिकपट्टाकिलजनपदादींश्च

११ वो(बो)धयत्यस्तु वः संविदितं यथा ॥ अस्माभिः श्रीव्रा(ब्रा)ह्मणपाटक-स्थितै(:*) नृपविक्रमकालादर्व्वाकेकत्रिंशदधिकद्वादशश-

१२ तसंवत्सरांतर्वर्त्तिनि कार्त्तिके मासि शुक्लपक्षे एकादश्यां सोमदिने उपोष्य कार्त्ति-कोध्यापनपर्व्वणि चराचरगुरुं भगवं-

१३ तं भवानीपतिं पुरुषोत्तमं च लक्ष्मीपतिं समभ्यर्च्य संसारस्यासारतां परिज्ञाय नलिनीगतजललवतरलतरं जीवि-

---

१ અસલ પતરાં ઉપરથી ૨ ચિહ્નરૂપે દર્શાવેલ છે. ૩ છંદ શ્લોક અનુષ્ટુપ્ ૪ આ રાજકુટુંબનાં અન્ય દાનપત્રોમાં જણાવ્યા મુજબ, વાંચો महाराजाधिराज परमेश्वरपरममाहेश्वर. (દાખલા તરીકે જુઓ ઇ. એ. વો. ૬ પા. ૧૯૪ નં. ૩ પં. ૮) ૫ સ્વરથી શરૂ થતા નામ પહેલાં श्री ને બદલે श्रीमत् નો ઉપયોગ બરાબર કર્યો છે. પરંતુ વિક્રમ સંવત્ ૧૨૮૦(ઇ. એ. વો. ૬ પા. ૧૯૭ પં ૧૩)માં તેમજ આ દાનપત્રની પંક્તિ ૨ જીના અંતમાં શ્રી શબ્દ વાપરેલો છે પણ તેની પછી સંધિ કરવાને બદલે એક આડો લીટો મૂકેલો છે. ૬ વાંચો द्विचत्वारिंशद्ग्रामाणां

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

१४ समाकलय्य मदविवासी[शी]कृतकरिकर्णतालतरलां श्रीयमनुचि[ं*]त्यं च ॥ तथा हि [।*]वाताभ्रविभ्रममिदं वसुधाधिपत्यमातापं-

१५ मात्रमधुरो विषयोपभोगः [ ] प्राणास्त्रिणाग्रजल विन्दुसमा नराणां धर्म्मः सखा परमहो परलोकयाने ॥ अपि च [।*]अ-

१६ मत्संसारचक्राग्रधारारामिमां श्रियां प्राप्य ये न ददुस्तेषां पश्चात्[त्त ×]आमः परं फलं ॥ इति जगतो विनश्वरं स्वरूपमाक-

१७ लय्यदृष्टादृष्टफलमंगीकृत्य च मातापित्रोरात्मनश्च पुण्ययशोभिवृद्धये चाहुयाणान्व-ये[न*] महामंडले-

पंतरुं बीजुं

१८ श्वर श्रीवैजलदेवेन खंडोहके दक्षिणदिग्विभागे अपूर्व्वपंचाशत् ब्रा[ब्रा]ह्मणानां भोजन[।*]र्थं उपरिलिखित आल-

१९ विडगाम्बग्रामः सवृक्षमालाकुलश्चतुः कंकटविशुद्धः खन्याकरनिधिनिक्षेपस-हित[:*] तलभेद्याघाणकमलक-

२० वुंधकदंडदोषपरिहारादाय[:*]अभिनवमार्गण्णकप्रभृतिसर्व्वादायरुपेतः सर्व्वाभ्यन्त-रसिद्धा देव ब्रा[ब्रा]ह्मणभुक्तिवर्जं

२१ आचंद्रार्कंयावत्शासनीकृत्य खंडोहकेत्यशत्रागारायं उदकपूर्व्वकत्वेन प्रदत्ताः । [॥]तदस्मिन् ग्रामे समुत्पद्यमानभा-

२२ गभोगकरहिरण्यादिकमाज्ञाश्रवणविधेयैर्भूत्वा भवद्भिरस्मै समुपनेतव्यं । सामान्यं चैतत्पुण्यफलं वु[वु]द्ध्वा अस्मद्वंश-

२३ जैरन्यैरपि भाविभोक्तृभिरस्मत्प्रदत्तधर्म्मा[र्म्म]दायोयमनुमंतव्यः । पालनीयश्च । [॥]उक्तं च ॥ बहुभिर्व्वसुधा भुक्ताराजभिः स

२४ गरादिभिः । यस्य यस्य यदा भूमिस्तस्य तस्य तदा फलं । [॥] येनीह दत्ता-नि पुरा नरेन्द्रैर्दानानि धर्म्मार्थयशस्कराणि । निर्म्माल्यवां-

२५ ति[त]प्रतिमानि तानि को नाम साधु[:*] पुनराददीत । [॥]अस्य कुल-क्रममुदारमुदाहरद्भिरन्यैश्च दाम[न]मिदमप्यनुमोदनीयम् । लक्ष्म्या-

२६ स्तडिद्वलयबुद्बुदचंचलाया एवं फलं परयशः परिपालनं च ॥ सर्व्वानेतान् भाविनः पार्थिवेन्द्रान् भूयो भूयो

१ छंदः वसंततिलका २ वांचो अपाता ३ छंदः श्लोक अनुष्टुभ् ४ वांचो इमाम् ५ पंक्ति ११ भीमां अस्माभिः वाचयां ५छी आ तृतीया विभक्ति એક વચનની જગ્યા કાંઈ રહેતી નથી. ६ वांचो पंचाशद्—ब्रा (ब्रा)ह्मणानां ७ वांचो सत्रागाराय ८ छंद श्लोक अनुष्टुभ् ९ छंद ઇન્દ્રવજ્રા १० छंद वसंततिलका आंहि छंदाभंग छे, तथी आपणे अस्य ने बदले एषाम् नो शुधारो करवो जोइअे. ११ छंद शालिनी.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

२७ याचते रामभद्रः । सामान्योयं धर्म्मसेतुर्नृपाणां कालेकाले पालनीयो भवद्भिः । [॥]स्वदत्तां परदत्तां वा यो हरेत

२८ वसुंधरां षष्टिवर्षसहस्राणि विष्ठायां जायते कृमिः । [॥] इहैं हि जलदलीलाचंचले जीवलोके तृणलवल-

२९ घुसोर सर्व्वसंसारसौख्ये । अपहरतु दुराशः शासनं देवतानां नरकगहनगर्त्तावर्त्त पातोत्सुको यः । [॥]इति

३० कमलदलाम्बु[म्बु]बिन्दुलोलां श्रियमनुचि[*]न्त्य मनुष्यजीवितं च सकलमिदमुदाहृतं च बुद्धा न हि पुरुषैः पर-

३१ कीर्त्तयो विलोप्या इति ॥ संवत् १२३१ वर्षे कार्त्तिक शुदि १३ बु[बु]धे ॥ मंगलं महाश्रीः ॥ दूं प्रती

३२ हारशोभनदेवः ॥ स्वहस्तोयं महामंडलेश्वर श्री वैजलदेवस्य ॥ उपरों रिं वामदेवः ॥

१ छंद—श्लोक (अनुष्टुभ्) २ छंद मालिनी ३ छंद पुष्पिताग्रा ४ वाचेः बुद्ध्वा ५ એટલે दूतकः ६* અને २४ મા ટૂંકાં રૂપો ના કર્યા હોવા દર્શાવેલા છે તે માલુમ પડી શકતું નથી. કાચ બંન્ને શબ્દો એક જ છે ૭ उपरि ને બદલે ભૂલથી કરાયો હશે. અને જો તેમ હોય તો उपरिको ને માટે વપરાયા હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

भाषान्तर–साडा ३पे

शिवनी व्योमकेश (पंक्ति. १) अने स्मरारांति (१,२) नामथी स्तुतिना बे श्लोक पछी, लेख नीचेनी वंशावळी आपे छेः—महाराजाधिराज, परमेश्वर अने परमभट्टारक, श्रीमान् जयसिंहदेव (१,३) जे प्रसिद्ध अणहिल्लपाटकमां (१,२) अधिष्ठित हतो अने जेणे बर्बरकोने जित्या हता. तेना पादानुध्यात शाकंभरीना राजनो पराजय करनार म. प. प. श्रीमान् कुमारपालदेव (१,५) जेने उमापति शिवे वरदान आप्युं हतुं ते हतो. तेना पादानुध्यात शिवनो महान भक्त (१,५) म. प. प. श्रीमान् अजयपालदेव (१,६) हतो.

अजयपालदेव राजा हतो (१,६) अने तेनो पादापद्मोज्जिवि महामात्य श्रीसोमेश्वर (१,६) राजमुद्राने लगतां सर्व कार्यो तथा बीजां खातांनी देखरेख राखतो ते समये ब्राह्मणपाटक शहेरमांथी (१,२). पंचमहाशब्द प्राप्त करनार श्रीमान् अजदेपालदेवनी प्रसादीथी नर्मदा नदीना तट उपरना प्रदेश पर राज्य अमल करनार (१,८) महामण्डलेश्वर श्रीमान् वैजल्लदेव (१,७), पूर्णु पथक ताबानां (१,८) माण्डुल गाम्र ४२ मध्ये आलवीड गाम्वना (१,९) दण्डनायक, देशठक्कुर, अधिष्ठानक, करण पुरुष, शय्यापाल, भट्टपुत्र अने अन्य समस्त राजपुरुषो अने नजीक वसता विशयिको, पट्टकिला अने ब्राह्मणोत्तर प्रजाजनोने जाहेर करे छे केः—

तमने जाहेर थाओ के (१,११):— अमारो ब्राह्मणपाटकमां (१,११) मुकाम छे त्यारे विक्रमकाळ पछी संवत १२३१ ना कार्तिक शुदि ११ ने सोमवारे उपवास करी, धर्मवृद्धि तथा अमारां मातपितानां अने अमारा यशनी वृद्धि माटे (१,१७) जड अने चेतनना पिता शिव तथा पुरुषोत्तमनी (१,१३) पूजा करी (१,१३) अमे चाहुयाण वंशना (१,१७) महामण्डलेश्वर श्रीमान् वैजल्लदेव (१,१८), अपूर्व[1] ५० ब्राह्मणना भोजन माटे खण्डोहक (१,१८) गामना दक्षिण विभागमां उपर कहेलुं आलवीडगाम्व, देव अने ब्राह्मणोना भक्तिना हक्क वर्ज करी आ दानपत्रमां नक्की करी जणावेला हक्को साथे, खण्डोहकना (१,२१) धर्मादा सत्रागारने आ दानपत्रथी आपीये छीये.

"[२१ थी ३१ पंक्तिमां दान देनार भावि राजाओने आ दान चालु राखवा आज्ञा करे छे. अने चालु आशीर्वादात्मक अने शाप आपनारा ७ श्लोक टांके छे. ते वचन ३१ मी पंक्तिमां 'इति' शब्दथी समाप्त थाय छे]" ३१ मी पंक्तिमां "१२३१, कार्तिक, शुक्लपक्ष, १३, बुधवारे" छे ते दानपत्र लखायानो अथवा अपायानो दिवस जणावे छे.

'दूतक प्रतीहार शोभनदेवनुं' नाम अने तेनी पछी 'महामण्डलेश्वर श्रीमान वैजल्लदेवना स्वहस्त आ छे' एवा शब्दो, अने जेनो होद्दो अने दान साथेनो संबंध अस्पष्ट छे एवा रामदेव नामे राजपुरुषनुं नाम आपीने लेख समाप्त थाय छे.

---

१ अपूर्व शब्दनो यथार्थ उपयोग कही शकातो नथी. परंतु ते एम दर्शाववा माटे होय के पचास नवा ब्राह्मणो जेओने प्रथम कोई वार भोजन न कराव्युं होय अने जेओ ते ज वखते तुरतमां ज गाममां वसवाट करी रह्या होय अथवा सत्रागारमां बोलावेला होय.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નં૦ ૧૫૮

રાજા ભીમદેવ ૨ જીનું તામ્રપત્ર ઉપર લખેલું દાનપત્ર[1]

વિક્રમ સંવત ૧૨૫૬ ભાદ્રપદ વદિ અમાવાસ્યા મંગળવાર

પાટણના ડૉ. બાલાભાઈ એમ. નાણાવટી ની કૃપાથી આ પત્રો મને થોડા સમય માટે મળ્યાં હતાં તેના ઉપરથી આ સાથે આપેલા ફોટો લિથોગ્રાફની નકલો છપાવી હતી. આ પતરાં પાટણ કચેરીમાં જૂના કબાટોમાંથી કાઢયાં હતાં, પરંતુ ઘણી જ સુરક્ષિત સ્થિતિમાં હતાં.

अक्षरान्तर

पतरूं पहेलुं

१ स्वस्ति राजावली पूर्ववत् समस्तराजावलीविराजित परमभट्टारक महारा-
२ जाधिराज परमेश्वर श्रीमूलराजदेवपादानुध्यात परमभट्टारक महाराजा-
३ धिराज परमेश्वर श्रीचामुंडराजदेवपादानुध्यात परमभट्टारक महाराजा-
४ धिराज परमेश्वर श्रीदुर्लभराजदेवपादानुध्यात परमभट्टारक महाराजा-
५ धिराज परमेश्वर श्रीभीमदेवपादानुध्यात परमभट्टारक महाराजाधिराज
६ परमेश्वर त्रैलोक्यमल्ल श्रीकर्णदेवपादानुध्यात परमभट्टारकमहाराजा-
७ धिराज परमेश्वरावंतीनाथ त्रिभुवनगंड वर्वरकजिष्णु सिद्धचक्रवर्त्ति श्रीज-
८ यसिंहदेवपादानुध्यात परममट्टारक महाराजाधिराज परमेश्वर प्रो[प्रौ]ढ-
९ प्रताप उमापतिवरलब्धप्रसाद स्वभुजविक्रमरणांगणविनिर्जितशाकं-
१० भरीभूपाल श्रीकुमारपालदेवपादानुध्यात परमभट्टारक महाराजाधि-
११ राज परमेश्वर परममाहेश्वर प्रबलबाहुदंडदर्परूपकंदर्पकलिकाल-
१२ निष्कलंकावतारितरामराज्यकरदीकृतसपादलक्षक्ष्मापाल श्रीअजय-
१३ पालदेव पादानुध्यात परमभट्टारक महाराजाधिराज परमेश्वराहव-
१४ पराभूतदुर्जयगर्जनकाधिराज श्रीमूलराजदेवपादानुध्यात परमभट्टा-
१५ रक महाराजाधिराज परमेश्वराभिनवसिद्धराज श्रीमद्भीमदेवः स्वभुज्य-
१६ मानदंडाहीपथकान्तःपातिनः समस्तराजपुरुषान् ब्राह्मणोत्तरांस्तन्नियु-
१७ क्ताधिकारिणो जनपदांश्च बोधयत्यस्तु वः संविदितं यथा ॥ श्रीमद्विक्रमादि-
त्योत्पादित-
१८ संवत्सरशतेषु द्वादशसु षट्पंचाशदुत्तरेषु भाद्रपदमास-
१९ कृष्णपक्षामावास्यायां भो[भौ]मवारेऽत्रांकतोऽपि संवत् १२५६ लौ० भाद्रपद
२० वदि १३ भौमेऽस्यां संवत्सरमासपक्षवारपूर्विकायां तिथावद्येह श्रीम-
२१ दणहिलपाटकेऽमावास्यापर्वणि स्नात्वा चराचरगुरुं भगवन्तं भवानी-

---

[1] એ. ઇ. વો. ૧૧ પા. ૩૧ ઉપર એમ. મુજ

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

पतरुं बीजुं

२२ पतिमभ्यर्च्य संसारासारतां विचिन्त्य नलिनीदलगतजलवत्तरलतरं प्रा-
२३ णितव्यमाकलय्यैहिकमामुष्मिकं च फलमंगीकृत्य पित्रोरात्मनश्च पुण्य-
२४ यशोभिवृद्धये कडाग्रामे पूर्व्वदिग्भागे महिसाणाग्रामीयश्रीआनलेश्वरदे-
२५ वसक्तभूमीसलग्नपार्श्व[ः श्च]उलिग्राममार्गवामपक्षे भूमि वि ९ नवविशेपेकं[?]जी-
२६ तहल ४ चतुर्णां हलानां भूमी स्वसीमापर्य्यन्ता सवृक्षमालाकुला साहिरण्यभा-
२७ गभोगा काष्ठतृणोदकोपेता सर्वादायसमेता रायकवालज्ञार्तायब्राह्मण-
२८ ज्योतिसोढलसुतआसधराय शासनेनोदकपूर्व्वमस्माभिः प्रदत्ता ॥ अ-
२९ स्या भूमेराघाटा यथा ॥ पूर्वतो बारडवलयोः क्षेत्रेषु सीमा । दक्षिणतो रा-
३० ज्यमार्गः । पश्चिमतः श्रीआनलेश्वरदेवक्षेत्रेषु सीमा । उत्तरतो वाऊंयवि-
३१ शेपेक ब्रा० गांगासक्तडोहलिकाग्रामयोः सीमा । एवमर्मीभिराघाटैरु-
३२ पलक्षिता भूमिमेनामवगम्य एतद्ग्रामनिवासिजनपदैर्यथादीयमानभा-
३३ गभोगकरहिरण्यादिसर्व्वं सर्व्वदाज्ञाश्रवणविधेयैर्भूत्वाऽमुष्मै ब्राह्मणाय
३४ समुपेनतव्यं । सामान्यमेतत्पुण्यफलं मत्वाऽस्मद्वंशजैरन्यैरपि भाविभोक्तृ-
३५ भिरस्मत्प्रदत्तधर्मदायोऽयमनुमंतव्यः पालनीयश्च ॥ उक्तं भगवता व्या-
३६ सेन । षष्टिवर्षसहस्राणि स्वर्गे तिष्ठति भूमिदः । आच्छेत्ता चानुमंता च तान्येव
३७ नरके वसेत् । १ [॥*]यानीह दत्तानि पुरानरेन्द्रैर्दानानि धर्मार्थयशस्कराणि
निर्म्मा-
३८ ल्यतानि प्रतिमानि तानि को नाम साधुः पुनरादादीत ॥ २ [॥*]बहुभिर्वसुधा
भुक्ता रा-
३९ जभिः सगरादिभिः यस्य यस्य यदा भूमिस्तस्य तस्य तदा फलं । ३ [॥*]
दत्त्वा भूमिं भाविनः
४० पार्थिवेन्द्रान् भूयो भूयो याचते रामभद्रः । सामान्योऽयं दानधर्मो नृपाणां स्वे स्वे
४१ काले पालनीयो भवद्भिः । ४ [॥*]लिखितमिदं शासनं मोढान्वयप्रसूतमहाक्षपट-
४२ लिक ठ० वैजलसुत ठ० श्रीकुंयरेण ॥ दूतकोऽत्र महासांधिविग्रहिक ठ० श्री-
४३ भीमाक इ[ति*] ओ ॥ श्रीभीमदेवस्य ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાષાન્તર—સાર રૂપે

૧–પ્રસ્તાવના—(અ) "પ્રૌઢ પ્રતાપ" એમ પંક્તિ ૮–૯ માં ઉમાપતિ–વર–લબ્ધ–પ્રસાદ પહેલાં અહીં છે તે વિક્રમ સંવત ૧૨૬૩ ના નં. ૩ માં તેની પાછળ છે તે અપવાદ સિવાય, વંશાવલી ડૉ. બુહ્લરના અણહિલવાડના ચૌલુક્ય દાનપત્રો નં. ૩ સાથે શબ્દે શબ્દ મળતી આવે છે. અન્તના ભગવાન વ્યાસના શ્લોકો પણ તે જ છે. ફક્ત નં. ૩ નો શ્લોક ૩. પડતો મૂકયો છે.

(બ) અણહિલપાટકમાં રાજા ભીમદેવ. ૨. દ્રહાહિપથકના રાજપુરૂષો અને પ્રજાને વિક્રમ સંવત ૧૨૫૬ (ઈ. સ. ૧૨૦૦) ભાદ્રપદ, અમાસ ને મંગળવારે નીચેનું દાન જાહેર કરે છેઃ—

૨–દાનનું પાત્ર—રાયકવાલ બ્રાહ્મણ જ્ઞાતિના જ્યોતિ સોઢલનો પુત્ર આસધર.

૩–દાનની વસ્તુ–કડાગ્રામમાં પૂર્વ ભાગે, મહીસાણા ગામના આનલેશ્વરદેવની ભૂમિની પડોશની અને ડાણી તરફ ઉલિગ્રામ જતા માર્ગ વાળી ચાર (૪) હલવાહ ભૂમિ જેની સીમાઃ—

પૂર્વે–આરડ અને બલનાં ક્ષેત્રો.
દક્ષિણે– રાજમાર્ગ
પશ્ચિમે–આનલેશ્વરદેવનાં ક્ષેત્રો.
ઉત્તરે–ગાંગાસકત નેવાંગેય આદિ નજીક રાહુલિકાગામની સીમા.

૪–રાજપુરૂષો—લેખક, વૈજલનો પુત્ર મહાક્ષપટલિક કુંયર

દૂતક, મહાસાંધિવિગ્રહિક ઠકર ભીમાક.

આ રાજાનો આજદિન સુધી સર્વથી પહેલાં પ્રકટ થએલો લેખ તેનું રાજ્ય વિક્રમ સંવત ૧૨૬૩ માં આણે છે, અને છેલ્લામાં છેલ્લો પ્રસિદ્ધ થએલો લેખ તેના રાજ્યનો અંત વિક્રમ સંવત ૧૨૬૮ માં નક્કી કરે છે. આમ હોવાથી, આ લેખ ઘણો જ અગત્યનો છે, કારણ કે તેનાથી આપણે આ રાજાનું રાજ્ય વિ. સં. ૧૨૫૬ (ઈ. સ. ૧૨૦૦) સુધી પાછળ લઈ જઈ શકીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નં૦ ૧૫૯

ચૌલુક્ય રાજા ભીમદેવ ૨ જાનું

તામ્રપત્ર ઉપરનું દાનપત્ર[1]

સિંહ સંવત ૯૩

પહેલાં પ્રસિદ્ધ નહિં થએલો આ લેખ બૉ. બ્રે. રૉ. એ. સૉ. ની લાયબ્રેરીમાંથી ઇ. સ. ૧૮૭૮ માં મને તપાસવા મળેલાં અસલ પતરાં ઉપરથી હું પ્રસિદ્ધ કરૂં છું. કયાંથી આ પતરાં મળી આવ્યાં હતાં એ વિષે મને ખબર નથી. આ લેખનો લિથોગ્રાફ હવે પછી ઇન્ડિયન ઇન્સ્ક્રિપશન્સ, નં. ૧૭ માં પ્રસિદ્ધ થશે.

પતરાં બે છે. તે દરેકનું માપ ૯½"×૬½" નું છે, અને તે બન્ને એક જ બાજુએ કોતરેલાં છે. લખાણના રક્ષણ માટે કાંઠા સંહેજ વાળેલા છે, અને જોકે પતરાંની સપાટી કાટને લીધે બહુ બરાબ થઈ ગઈ છે તોપણ આખો લેખ કોઈ પણ સ્થળે શંકા થયા સિવાય વાંચી શકાય તેવો છે. પહેલા પતરાની નીચેના અને બીજાના ઉપરના ભાગમાં બે કડીઓ માટે કાણાં છે. કડીઓ સાદી ત્રાંણાની છે. અને તે દરેક ½" જાડી તથા ૨½" વ્યાસની છે. મને પતરાં મળ્યાં ત્યારે તે બન્ને કાપેલાં હતાં. એક પણ ઉપર મુદ્રા હોવાનું અથવા કાઢી લીધેલી હોવાનું નિશાન નથી. અને આ દાનપત્રની જો મુદ્રા હોય તો તે ઉપલબ્ધ નથી. લેખમાં જણાવેલા સમય અને સ્થળને યોગ્ય ઢબની નાગરી લિપિ છે; કોતરકામ બહાર પડતું અને સારૂં છે. ભાષા સંસ્કૃત છે. અને એક આશીર્વાદ તથા શાપના પં. ૧૩-૧૪ માં આપેલા શ્લોકો સિવાય આખો લેખ ગદ્યમાં છે.

આ લેખ અણહિલવાડના ચૌલુક્ય રાજા ભીમદેવ ૨ જાના લેખો પૈકીનો એક છે. તે સાંપ્રદાયિક નથી; તેનો હેતુ અમુક ભૂમિનું દાન એક બ્રાહ્મણને આપ્યુ હતું તેની નોંધ લેવાનો છે.

લેખમાં નીચેનાં સ્થળોની નોંધ છે : **અણહિલપાટક** શહેર, જ્યાં આ દાન જાહેર કરતી વેળા **ભીમદેવ ૨ જો** હતો; **સહસચાણા**–આ ગામમાં દાનમાં આપેલી જમીન હતી; **વેકરિયા** દાનની જમીનની સીમામાં બતાવેલું ગામ; અને **પ્રસન્નપુર** દાન લેનારનું કુટુંબ જ્યાથી આવ્યું હતું તે શહેર. પ્રસ્તાવનામાં કહ્યું છે તે પ્રમાણે, **સહસચાણા** અને **વેકરિયા** માટે કચ્છ મણ્ડલ અથવા કચ્છપ્રાંત જે કંઈક અંશે હાલના કચ્છ સ્ટેટને મળતા હોવા જોઈએ, તેમાં જોવું જોઈએ. અને જે પ્રાંતનો લેખમાં જણાવ્યા મુજબ ભીમદેવ પોતે જ પોતાની ખાનગી મિલ્કત હોય તેવી રીતે રાજ્યની સામાન્ય ઉપજમાંથી તેની ઉપજ જૂદી રાખી ઉપભોગ કરતો હતો.

લેખની તારીખ વિષે, ૧ લી પંક્તિમાં દશાંશ સંખ્યામાં આપેલું વર્ષ ૯૩, (સંવત્ આપ્યો નથી) માસ ચૈત્ર, શુકલ પક્ષ, ૧૧ મી તિથિ અને રવિવાર—એ પ્રમાણે આપ્યું છે. અને ૫ મી પંક્તિમાંથી જણાય છે કે, આ દાન, સંક્રાન્તિના પર્વને દિવસે, એટલે કે મેષ સંક્રાન્તિ અથવા જે દિવસે, સૂર્ય મેશ રાશિમાં દાખલ થાય છે, તે દિવસે અપાયું હતું, સંવત સિંહનો છે. જે અણહિલવાડના અર્જુનદેવના વલભી સંવત ૯૪૫ ના વેરાવળના લેખમાં તથા ભીમદેવ ૨ જાના વિક્રમ સંવત ૧૨૬૬ અને સિંહ સંવત ૯૬ ના લેખમાં પણ આપ્યો છે. આ સંવતનો ચોક્કસ સમય,

[1] ઈ. એ. વો. ૧૮ પા. ૧૦૮—૧૦૯ જે. એફ. ફ્લીટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેની વર્ષ ગણવાની રીત, તથા તેની ઐતિહાસિક શરૂવાત વિગેરે બાબતો હજી બરાબર વિચારાયેલી નથી. આ બાબતો માટે બીજે કોઈ સમયે વિચાર થશે. ત્યાં સુધી એટલું જ કહેવું બસ થશે કે, સિંહ સંવત ૯૩ ના ચૈત્ર માસને વિક્રમ-સંવત્ ૧૨૬૨ અથવા ૧૨૬૩ સાથે જોડવો જોઈએ અને આપેલી તારીખની અંગ્રેજી તારીખ ઈ. સ. ૧૨૦૪, ૧૨૦૫, ૧૨૦૬ અથવા ૧૨૦૭ માં વિક્રમ સંવત, ઉત્તરનું અથવા દક્ષિણનું, ચાલુ અથવા ગત જે પ્રમાણે લઈએ તે ઉપર આધાર રાખી, આવે છે.

આ દિવસ, રવિવાર, ૨૫ મી માર્ચ, ઈ. સ. ૧૨૦૭ નો જ થારેલો છે એમાં શંકા નથી. પરંતુ આ દિવસે આશરે ૫૫ ઘડી, અને ૫૮ પળે પૂરી થતી તિથિ, આ સ્થાન અને સમયને યોગ્ય અમાન્ત ગણત્રી પ્રમાણે ચૈત્ર કૃષ્ણ પક્ષ ૧૧ મી તિથિ હતી. અને પરિણામોનો વિરોધ દૂર કરવા માટે, નોંધ તૈયાર કરવામાં જ સાચી ભૂલ હતી એવું આપણે માની લેવું જોઈએ, અને જોકે 'શુ' 'શુકલ પક્ષ' એ ચોકકસો પાડ છે તોપણ, તેને 'ક' "કૃષ્ણપક્ષ" માં ફેરવી નાંખવો જોઈએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

अक्षरान्तर[1]

पतरूं पहेलुं

१ ॐ[2] राजावली पूर्ववत् ॥ संवत् १२ चैत्र शुदि ११ रवौ अद्येह श्रीमद्-

२ णहिलपाटके समस्तराजावलीविराजितमहाराजाधिराजश्री-

३ भीमदेवः श्व(स्व) मुज्यमानकुरुण्डलांतःपाति समस्तराजपुरुषा-

४ न् ब्रा(ब्रा)ह्मणोत्तरान् सं(न्)निवासिं(सि)जनपदा(*)श्च वो(बो)धयत्यस्तु

वः संविदित

५ यथा ॥ अत्र संक्रांतिपर्व्वणि चराचरगुरुं भगवन्तं भवानीपतिमभ्य-

६ र्च्य संसारस्यासारतां विचिंत्य धर्मेन्नपुरस्थान विनिर्गतायाँ वच्छ(त्स)स-

७ गोत्राय दामोदरसुतगोविंदाय सहसचाणाग्रामे वापीपुटके भूमिहलवाह[।*] १

८ एका शुल्केन सहा(ह)शासने प्रदत्ता[॥*]अस्याश्च पूर्वतो ब्रा(ब्रा)ह्मणदामो-

९ दरसत्कवापी दक्षिणतो वेकरिया क्षेत्र(*)पश्चिमे महं केशे-

१० वसत्कवापी उत्तरतो मार्गः इति चतुराघाटोपलक्षितां ॥ भू-

११ मि* मेनामवगम्य अस्मदु[द्]वंशजैरन्यैरपि भाविभोक्तृभिः अ-

१२ स्मत्प्रदत्तीः व(ध)र्मदायो (य*)मनुमंतव्यः पालनीयश्च ॥ उक्तं च भगव-

१३ ता व्यासेन [।*] शष्टिवर्षसहस्रा[स्रा]णि श्व स्व[र्गे] तिष्ठ[ष्ठ]तिभूमिदः

आच्छेत्ता

१४ चानुमंता च तान्येवं[3] नच[र]के वसेत् ॥ लिखितमिदं

१५ कांचनसुत वटेश्वरेण ॥ दूतकोत्र न[म]हासांधिविग्रहिक श्री-

१६ चंडशर्म्मः [र्म्मा] ॥ श्रीभीमदेवस्य ॥

१ અસલ પતરાં ઉપરથી. २ ચિહ્નરૂપે દર્શાવેલ છે. ३ વાંચો પ્રમત્ત ४ વાંચો विनिर्गताय ५ આ શબ્દ 'सहसचाणाग्रामे' આ જગ્યાએ ભૂલાઈ ગયો હતો અને તેથી તે પં. ૯ મીની નીચે કોતરેલો છે. પરંતુ ખાલિ તથા તે બીજી જગ્યાએ તેનું યોગ્ય સ્થાન બતાવવા માટે ચિહ્નો કરેલાં છે. ६ એટલે– મહત્તર અથવા મહત્તમ અનુસ્વારને બદલે મહ૰ એટલો જ શબ્દ લખ્યો હોત તો વધારે ખાત્રીથી કહું. ७ વાંચો આઘાટા ઉપલક્ષિતાઃ ८ વાંચો પ્રદત્તો ९ છંદ શ્લોક (અનુષ્ટુભ્) १० ષષ્ટિવર્ષ ११ વાંચો તાન્ય १२ સ્વસ્તીયં એ શબ્દો અધ્યાહાર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાવાન્તર—સાર રૂપે.

" પૂર્વ પ્રમાણે રાજાવલી " એમ પૂર્ણ વંશાવલી ભીમદેવ ૨ જાના વિક્રમ સંવત ૧૨૬૬ ના દાનપત્રમાં આપી છે તેનો ઉલ્લેખ કરીને લેખ આગળ જણાવે છે કેઃ—

—૬૭ મા વર્ષના (પંક્તિ ૧) ચૈત્ર, શુકલપક્ષ ૧૧ ને રવિવારે આજે અહીં પ્રસિદ્ધ અણહિલ્લ પાટક શહેરમાં મહારાજાધિરાજ, શ્રીમાન્ ભીમદેવ બીજો (૧,૩) કચ્છ મણ્ડલ, જેનો તે ઉપભોગ કરે છે ત્યાંના સમસ્ત રાજપુરૂષો અને બ્રાહ્મણોત્તર સમસ્ત પ્રજાને જાહેર કરે છે કેઃ—

" તમને જાહેર થાઓ કે આજે સંક્રાન્તિના ઉત્સવમાં (૧,૫) ભગવાન્ ભવાનીપતિ શિવની, જડ અને ચેતનના એ પિતાની પૂજા કરીને સહસત્થાણા (૧,૭) ગામમાં વાપીપુટકમાં પોલાણવાળી ભૂમિમાંથી એક હલવાહા ભૂમિ આ દાનપત્રથી પ્રસન્નપુર સ્થાનથી આવેલા વત્સગોત્રના દામોદરના પુત્ર ગોવિંદને આપી છે.

" આ ભૂમિની સીમા (૧,૮):— પૂર્વમાં બ્રાહ્મણ દામોદરના ઠણજાનો વાપી પુટક; દક્ષિણે વેકરિયા ગામનાં ખેતરો; પશ્ચિમે મહત્તર કે મહત્તમ કેશવની માલિકીનો વાપી અને ઉત્તરે એક માર્ગ છે.

" [૧૧ થી ૧૪ પંક્તિમાં દેનાર ભાવિરાજાઓને દાન ચાલુ રાખવા આજ્ઞા કરે છે. અને ભગવાન્ વ્યાસની કૃતિના ચાલુ આશીર્વાદાત્મક અને શાપ આપનારા શ્લોકમાંથી એક શ્લોક ટાંકે છે; જેની સમાપ્તિ ૧૪ પંક્તિમાં ' ઈતિ ' શબ્દથી થાય છે.] "

૧૪થી૧૬ પંક્તિઓ આપે છે કે દાનપત્ર કાંચનના પુત્ર કાયસ્થ વટેશ્વરથી લખાયું હતું. અને દૂતક મહાસાંધિવિગ્રહિક ચણ્ડશર્મા હતો.

લેખ " શ્રીમાન ભીમ દેવના " એવા તે રાજાના સ્વહસ્તને લગતા શબ્દોથી સમાપ્ત થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નં૦ ૧૬૦

ભીમદેવનું દાનપત્ર[1]

અણહિલવાડ ચૌલુક્યોનાં અગીયાર દાનપત્રો પૈકી નં. ૩

વિક્રમ સંવત ૧૨૬૩ શ્રાવણ સુદિ ૨ રવિવાર

અક્ષરાન્તર

પતરું પહેલું

૧ स्वस्ति राजावलीपूर्व्ववत्समस्तराजावली[विरा]जितपरमभट्टारकमहाराजाधिराज-
परमेश्वरश्री-

૨ मूलराजदेवपादानुध्यातपरमभट्टारकमहाराजाधिराजपरमेश्वरश्रीचामुंडराजदेवपादानु-
ध्यातपर-

૩ मभट्टारकमहाराजाधिराजपरमेश्वरश्रीदुर्लभराजदेवपादानुध्यातपरमभट्टारकमहाराजा-
धिराज-

૪ परमेश्वरश्रीभीमदेवपादानुध्यातपरमभट्टारकमहाराजाधिराजपरमेश्वरत्रैलोक्यमल्लश्री-
कर्ण्ण-

૫ देवपादानुध्यातपरमभट्टारकमहाराजाधिराजपरमेश्वरावन्तीनाथत्रिभुवनगंडवर्व्वरक-
जिष्णुसिद्धच-

૬ क्रवर्तिश्रीजयसिंहदेवपादानुध्यातपरमभट्टारकमहाराजाधिराजपरमेश्वरउमापतिवरलब्धप्र

૭ साद्प्रौढप्रतापस्वभुजविक्रमरणांगणविनिर्ज्जितशाकंभरीभूपालश्रीकुमारपालदेवपादा-

૮ नुध्यातपरमभट्टारकमहाराजाधिराजपरमेश्वरपरममाहेश्वरप्रबलबाहुदंडदर्प्परुपकंदर्प्प

૯ कलिकालनिष्कलंकावतारितरामराज्यकरदीकृतसपादलक्षक्ष्मापालश्रीअजयपालदेव-

૧૦ पादानुध्यातपरमभट्टारकमहाराजाधिराजपरमेश्वराहवपराभूतदुर्ज्जयगर्ज्जनकाधिरा-

૧૧ जश्रीमूलराजदेवपादानुध्यातपरमभट्टारकमहाराजाधिराजपरमेश्वरार्भिनवसिद्धराज-

૧૨ श्रीमद्भीमदेवः स्वभुज्यमानगंभूतापथकान्तः पतिनः समस्तराजपुरुषान् ब्राह्मणोत्त-
रास्तन्नि-

---

૧ ઇ. એ. વો. ૬ પા. ૧૯૪ ઈ. બ્યુલ્હર.

પતરાંનું માપ ૧૧"×૧૨½" લિપિ જૈન—દેવનાગરી, સ્થિતિ સુરક્ષિત. મારા કબજામાં આવ્યા પહેલાં પતરાં માટે દૂર કરવા માટે તપાવવામાં આવ્યાં હતાં આ પતરાં તથા તેની પછીનાં દાનપત્રોનું અક્ષરાન્તર મારી તથા વામનાચાર્ય ઝાલ્કિકરની દેખદેખ તળે નારાયણ શાસ્ત્રીએ તૈયાર કર્યું છે. આ દાનપત્રમાં અને બીજાં દાનપત્રોમાં આવતી સંધિની ભૂલો પ્રમાણમાં અસંખ્ય હોવાથી નોટમાં સુધારેલી નથી. પં. ૮ વાંચો लब्धक પં. ૧૨ ગ્રહાય નાગ સૂચ્વા અથવા સૂવા; અક્ષરો અર્ધા નાશ પામ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

१३ युक्ताधिकारिणो जनपदांश्च बोधयत्यस्तु वः संविदित यथा श्रीमद्विक्रमादित्यो-
त्पादितसंव-

१४ त्सरशतेषु द्वादशसु त्रिषष्टि उत्तरेषु लौ० श्रावणमासशुक्लपक्षद्वितीयायां रविवारे
ऽत्रांकतो-

१५ पि संवत् [१२] ६३ श्रावणशुदि २ रवावस्यां संवत्सरमासपक्षवारपूर्विकायां
तिथावद्येह श्रीमद- *

१६ [णहिलपाट] केऽद्यैव व्यतीपातपार्व्वणि स्नात्वा चराचरगुरुं भगवंतं भवार्ना-
तिमभ्यच्चर्य्यसंसा-

१७ रासारतां विचिंत्य नलिनीदलगतजललवतरलतरं प्राणितव्यमाकलय्यैहिकमामुष्मिकं

१८ च फलमंगीकृत्य पित्रोरात्मनश्च पुण्ययशोऽभिवृद्धये इंदिलाग्रामः स्वसीमापर्यन्तः स-

१९ वृक्षमालाकुलः सहिरण्यभागभोगः सदंडदशापराधः काष्टतृणोदकोपेतः सर्व्वादा-

पतरूं बीजुं

१ यसमेतः पूर्व्वप्रदत्तदेवदायब्रह्मदायवर्ज्जं चाहु० राण० समरसीहसुताराज्ञीश्रीलीला-

२ देव्या करीराग्राममालकतरिग्रामयोरंतराले निष्पादितलीलापुरे कारितश्रीभीमेश्वर-

३ देवश्रीलीलेश्वरदेवप्रपासत्रागारेभ्यः शासनेनोदक पूर्व्वमस्माभिः प्रदत्तः ॥ ग्रामस्या-

४ स्याघाटा यथा ॥ पूर्व्वस्यां दिशि देउलवाडा ग्रामसीमा । दक्षिणस्यां दिशि कान्हरीग्रामसीमा । प-

५ श्चिमायां दिशि शेषदेवांतेग्रामसीमा । उत्तरस्यां दिशि घारीयावलिग्रामसीमा ॥ एवममी-

६ भिराघाटैरुपलक्षितं ग्राममेनमवगम्य तान्निवासिजनपदैर्यथादीयमानभागभो-

७ गकरहिरण्यादि सर्व्वं सर्वदाज्ञाश्रवणविधेयैर्भूत्वा एभ्यः श्रीभीमेश्वरदेवश्रीलीले-

८ श्वरदेवप्रपासत्रागारेभ्यः समुपनेतव्यं । सामान्यं चैतत्पुण्यफलं मत्वाऽस्मद्वंशजैर-

९ न्यैरपि भाविभोक्तृभिरस्मत्प्रदत्तधर्म्मदायोऽयमनुमंतव्यः पालनीयश्च ॥ उक्तं च भग-

१० वता व्यासेन ॥ षष्टिं वर्षसहस्राणि स्वर्गे तिष्ठति भूमिदः ॥ आच्छेत्ता चानुमंता च तान्येव न-

---

५. १४ मांथी त्रिषष्टि ५. १५ तिथिना प्रथम ने स्थानने '१२' साथे मान्यो छे ५. १६ मांथी पर्वणि
५. १७ मांथी कामुष्मिकं. ५. १८ मांथी काष्ट ५. १० मांथी सहस्राणि

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

११ रके वसेत् १ यानीह दत्तानि पुरा नरेंद्रैर्दानानि धर्म्मार्थयशस्कराणि । निर्माल्यवा-

१२ निप्रतिमानि तानि को नाम साधुः पुनराददीत । २ [स्वदत्तां प]रदत्तां वा यो हरेत वसुधरां ।

१३ स विष्टायां कृमिर्भूत्वा [पितृभिः सह मज्जति] । ३ बहुभिर्दसुधा भुक्ता राजभिः सगरादि-

१४ भिः । यस्य यस्य यदा भूमी तस्य तस्य तदा फलं ॥ ४ दत्वा भूमिं भाविनः पार्थिवेंद्रान् भूयो-

१५ भूयो याचते रामभद्रः । सामान्योऽयं दानधर्म्मो नृपाणां स्वे स्वे काले पालनीयो भवद्भिः ।

१६ लिखितमिदं शासनं कायस्थान्वयप्रसूतमहाक्षपटलिक ठ० श्रीकुमरसुत ठ० वोसरिणा

१७ दूतकोऽत्र महासांधिविग्रहिक ठ० श्रीसू .... इति श्रीभीमदेवस्य ॥

પં. ૧૧ વાંચો નિર્માલ્યવા પં. ૧૨ વાંચો તપ્રતમાનિ; વસુંધરાં. પં. ૧૭ આ અને ભીમના અન્ય લેખો ની અન્તે [illegible] પક્ષોનો પ્રાચીન [illegible] મનાયે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નં૦ ૩—નો સારાંશ.

૧. પ્રસ્તાવના—(અ) વંશાવલી.‡

૧. મૂલરાજ ૧ (પહેલો).

૨. ચામુણ્ડરાજ

૩. દુર્લભરાજ

૪. ભીમદેવ. ૧

૫. કર્ણદેવ, ત્રૈલોક્યમલ્લ.

૬. જયસિંહદેવ–અવન્તિપતિ, ત્રિભુવનગણ્ડ અને વર્વરકપર વિજય મેળવનાર અને સિદ્ધ ચક્રવર્ત્તિ. (સિદ્ધોનો ચક્રવર્ત્તિ)

૭. કુમારપાલદેવ–શાકંભરીના રાજાને યુદ્ધમાં જિતનાર.

૮. અજયપાલદેવ–શિવનો પરમ ભક્ત અને સપાદલક્ષના રાજાને નમાવનાર.

૯. મૂલરાજ. ૨ (બીજો) ગર્જ્જનકના રાજાનો યુદ્ધમાં પરાજય કરનાર

૧૦. ભીમદેવ–અભિનવ (બીજો) સિદ્ધરાજ

(બ) અણહિલપાટકમાં રાજ્ય કરતો ભીમદેવ, અગંભૂતા અથવા ગંભૂતાના રાજપુરૂષો અને નિવાસીઓને વિક્રમ સંવત ૧૨૬૩, શ્રાવણ સુદી ૨ ને રવિવારે નીચેનું દાન જાહેર કરે છે.

૨ દાન ઈંદિલા ગામ. તેની સીમા—

(અ) પૂર્વમાં દેઉલવાડા ગામ.

(બ) દક્ષિણે કાલ્હરી ગામ.†

(ક) પશ્ચિમે શેષદેવતિ ગામ.

(ડ) ઉત્તરે ધારીયાવલિ ગામ.

૩ દાનનાં પાત્ર—રાણા સમરસિંહ ચહુમાનની પુત્રી રાણી લીલાદેવીએ કરીરા અને માલઠતરી ગામો વચ્ચે લીલાપુરમાં બંધાવેલાં ભીમેશ્વર અને લીલેશ્વરનાં મંદિરો અને તે જ સ્થળનાં પ્રપા અને સત્રાગાર.

૪ રાજપુરૂષો—દાનનો લેખક કાયસ્થ, ઠાકુર કુમારનો પુત્ર (એટલે ચીફ રજીસ્ટ્રાર) મહાક્ષપટલિક ઠાકુર વોસરિન‖ (૨) દૂતક મહાસાંધિવિગ્રહિક ઠાકુર સૂધ(?)

‡ અહિં દર્શાવેલા બધા રાજાઓ આ દાનપત્રમાં અને પછીનાંમાં મહારાજાધિરાજ પરમેશ્વર અને પરમભટ્ટારકના ઈલકાબો ધારણ કરે છે, જેથી તેઓ ઉચ્ચ ગુણવાન્ અને શિવના ઉપાસકો હતા, એમ જણાઈ આવે છે. † વિરમગામથી પાટણના રસ્તામાં આવેલું કાલરી ગામ કદાચ હોય. ‖ 'કેસરીન' ને બદલે ભૂલ હશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નં૦ ૧૬૧

ભીમદેવ ૨ જાના રાજ્યસમયનો આબુનો લેખ[1]

વિ. સં. ૧૨૬૫ વૈશાખ સુ. ૧૫ મંગળવાર

પ્રોફેસર એચ. એચ. વિલ્સને નીચે આપેલા લેખનું એક અધુરૂં ભાષાંતર એ. રી. વે. ૧૬ પા. ૨૯૯–૩૦૧ માં આપ્યું છે. હવે પ્રસિદ્ધ થયેલો પ્રતિલેખ, પ્રો. જી. બુલ્હરની મદદથી ડૉ. અર્જેસે લીધેલી પ્રતિકૃતિ પ્રમાણે તૈયાર કર્યો છે.

લેખ સંભાળપૂર્વક રાખેલો છે. પહેલી અને બીજી પંક્તિને અંતે થોડો ઘસારો લાગેલો છે, અને લેખના છેલ્લા અક્ષરો નાશ પામ્યા છે. લિપિ ૧૨ અને ૧૩ મી સદીની સાધારણ જૈન–દેવનાગરી છે.

આ લેખ ઉજ્જૈનના શિવમઠના મહંત કેદારરાશિએ કોતરાવ્યો હતો. તે ચપલ અથવા ચપલીય જાતિનો હતો. લેખનો હેતુ, તેણે અચલગઢમાં કનખલના તીર્થમાં કરેલાં બાંધકામોનું સ્મારક રાખવાનો છે. પવિત્ર આબુ પર્વતના ઇશ્વર શિવની સ્તુતિથી તે શરૂ થાય છે, અને ઉજ્જૈનનાં વખાણ પછી, જેમ રાજાઓ પોતાનાં દાનોમાં વંશાવલિ આપે છે તેમ, કેદારરાશિના આધ્યાત્મિક પૂર્વજોનાં નામો આપ્યાં છે. પહેલો સાધુ તાપસ છે. તે નૂતન–મઠમાંથી આવ્યો હતો અને ચણ્ડિકાશ્રમનો મહંત હતો. તેના પછી વાકલરાશિ, જ્યેષ્ઠજરાશિ, યોગેશ્વરરાશિ, મૌનિરાશિ અને યોગેશ્વરી–એક સાધ્વી, દુર્વાસરાશિ, અને છેવટે કેદારરાશિ આવે છે.

કનખલના દેવો માટે કેદારરાશિએ ઘણાં બાંધકામ કરાવ્યાં હશે એમ લેખ ઉપરથી જણાય છે. પહેલું, તેણે કનખલમાં કોટેશ્વરના મંદિરનો પુનરૂદ્ધાર કરાવ્યો, બીજું, તીર્થની અંદરનો બધો ભાગ પત્થરની મોટી લાદીઓથી જડાવ્યો, અને આસપાસ ઉંચી ભીંત ચણાવી હતી; ત્રીજું, અતુલ નાથનાં મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો હતો; ચોથું, શૂલપાણિનાં બે નવાં મંદિરો બંધાવ્યાં, અને કનખલ શંભુના મણ્ડલમાં કાળા પત્થરના સ્થંભોની હાર ઉભી કરીને તે મંદિરની શોભા વધારી હતી. તેની બેન મોક્ષેશ્વરીએ પણ એક શિવમંદિર બંધાવ્યું હતું.

આ બાબતો પ્રાચીન વસ્તુઓના અભ્યાસીને રસપડે એવી છે, પરંતુ ઐતિહાસિક દૃષ્ટિએ આ લેખનું મહત્ત્વ તેની તાળાફલમમાં છે. તેમાં કહ્યું છે કે, અણહિલવાડનો ભીમદેવ ૨ જો આબુનો મહારાજાધિરાજ હતો, અને ચંદ્રાવતીના મણ્ડલિક ધારાવર્ષે તેનું સર્વોપરિપણું સ્વીકાર્યું હતું, સંવત્ એટલે વિક્રમ સંવત્ ૧૨૫૫, અથવા ઈ. સ. ૧૨૦૮–૯.

---

૧ ઈ. એ. વે. ૧૧ પા. ૨૨૦ ડબલ્યુ હાર્ટેલીની વિએના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

अक्षरान्तर

१ ओं स्वास्ति ॥ यः पुंसां द्वैतभावं विघटयितुमिव ज्ञानहीनेक्षणाना—मर्द्धं स्वीयं विहायार्द्धमपि मुररिपोरेकभावात्मरूपः । — — —

२ रोदजन्मा प्रलयजलधरश्यामलः कंठनाले भाले यस्यार्द्धलेखा स्फुरति शशभृतः पातु वः स त्रिनेत्रः ॥ १[1] अवंती भूलोकं निज[भु]-

३ जभृतां सौर्यपटलैः पुनंती विप्राणां श्रुतिविहितमार्गानुगमिनां । सदाचारैस्तारैः स्मरसरसयूनां परिमलैरवंती हर्षंती जय-

४ ति धनिनां क्षेत्रधरणी ॥ २[2] एतस्यां पुरि नूतनाभिधमठात् संपन्नविद्यातपा वी-रात्मा चपलीयगोत्रविभवो निर्वाणमार्गानुगः । एका-

५ ग्रेण तु चेतसा प्रतिदिनं चंडीशपूजारतः संजातः स च चंडिकाश्रमगुरुस्तेजोमय-स्तापसः ॥ ३ शिष्यो मुनेरस्य महातपस्वी

६ विवेकविद्याविनयाकरो यः । गुरूरुभक्तिव्यसनानिरिक्तो वभौ मुनिर्वाकलरासिनाम ॥ ४[3] जज्ञे ततो ज्येष्टजराशिरस्मा-

७ देकांतरी शांतमनास्तपस्वी । त्रिलोचनाराधनतत्परात्मा वभूव यागेश्वरराशिनाम ॥ ५ तस्मादाविरभूदहस्कर इव प्रव्य-

८ क्तलोकद्वयः कोधध्वांतविनाशनैकनिपुणः श्रीमौनिराशिर्मुनिः । शान्तिक्षान्तिद-यादिभिः परिकरैः शुक्लेश्वरीसन्निभा

९ शिष्या तस्य तपस्विनी विजयिनी योगेश्वरी प्रामवत् ॥ ६[4] दुर्वासराशिरेतस्याः शिष्यो दुर्वाससा समः । मुनीनां स वभूवो-

१० ग्रस्तपसा महसापि च ॥ ७ ॥[5] व्रतनियमकलाभिर्यामिनीनाथमूर्त्तिर्निजचरितवि-तानैर्दिक्षु विख्यातकीर्त्तिः । अमलचप-

११ लगोत्रप्रौद्यतानां मुनीनामजनि तिलकरूपस्तस्य केदारराशिः ॥ ८[6] जीर्णोद्धारं विशालं त्रिदिवपतिगुरोरत्र को-

१२ टेश्वरस्य व्यूढं चोत्तानपट्टं सकलकनखले श्रद्धया० यश्चकार । अत्युच्चैर्भित्तिभागै-र्दिवि दिवसपतिस्यंदनं वा वि-

---

१ छंद स्रग्धरा २ पं. ३ वांचो शौर्यपटलैः ३ वांचो मार्गानुगामिनां ४ छंद शिखरिणी ५ छंद शार्दूलविक्रीडित ६ छंद उपजाति पं. ६ वांचो भक्तिव्यसनानिरिक्तो वभौ; राशिनामा. पं. ७ वांचो बभूव; राशि-नामा. पं. ८ वांचो क्रोध. पं. ९ वांचो बभूवो. ७ छंद उपजाति ८ छंद शार्दूलविक्रीडित ९ छंद अनुष्टुभ १० छंद मालिनी.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

१३ गृह्णन् येनेहाकारि कोटः कालिविहगचलचित्तवित्रासपाशः ॥ ९ [1]अभिनवनिजकी-
र्त्तेर्मूर्त्तिरुच्चैरिवादः स-

१४ दनमतुलनाथस्योद्धृतं येन जीर्णं । इह कनखलनाथस्याग्रतो येन चक्रे नवनिवि-
डविशाले सद्मनी

१५ शूलपाणेः ॥ १० [2]यदीया भगिनी शांता ब्रह्मचर्यपरायणा शिवस्यायतनं रम्यं
चक्रे मोक्षेश्वरी भुवि ॥ ११ ॥ [3]प्रथम-

१६ विहितकीर्त्तिप्रौढयज्ञक्रियासु प्रतिकृतिमिव नव्यां मंडपे यूपरूपां । इह कनखलशंभोः
सद्मनि स्तंभ-

१७ मालाममलकषणपाषाणस्य स व्याततान ॥ १२ [4]यावदर्बुदनागोयं हेलया नंदि-
वर्द्धनं [5]वहति पृष्ठतो लो-

१८ के तावन्नंदतु कीर्त्तनं ॥ १३ [6]यावत् क्षीरं वहति सुरभी शस्यजातं धारित्री या-
वत् क्षोणी कपटकमठो यावदा-

१९ दित्यचंद्रौ । यावद्वाणी प्रथमसुकवेर्व्यासभाषा च यावत् श्रीमल्लक्ष्मीधरविरचिता
तावदस्तु प्रशस्ति ॥ १४ [7]

२० संवत् १२६६ वर्षे वैशाख शु १३ भौमे चौलुक्योद्धरणपरमभट्टारकमहाराजा-
धिराजश्रीमद्भीमदेवप्रवर्द्ध-

२१ मानविजयराज्ये श्रीकरणे महामुद्रामत्त्यमहं० ठाभूप्रभृति समस्तपंचकुले परिपंथय-
ति । चंद्रावतीनाथमांड-

२२ लिकासुरशंभुश्रीधारावर्षदेवे एकातपत्रवाहकत्वेन भुवं पालयति । षट्दर्शनअवलं-
बनस्तंभसकलकलाकोविद-

२३ कुमारगुरुश्रीप्रल्हादनदेवे [8]यौवराज्ये सति इत्येवं काले केदारराशिना निष्पादित
मिदं कीर्त्तनं । सूत्र पाल्हण ह

२४ केन [उत्कीर्ण]

---

१ पं. १३ वांचो गृह्णन्; पाशः; मूर्त्ति. पं. १५ वांचो ब्रह्म, २ छंद स्रग्धरा. ३ छंद मालिनी ४ छंद अनुष्टुभ् ५ छंद मालिनी ६ पं. १७ वांचो दर्बुद. पं. १९ वांचो प्रशास्तिः ७ छंद अनुष्टुभ् ८ छंद मंदाक्रान्ता ९ पं. २२ वांचो दर्शनावलंबन अ नी ઉપર બે લીટા છે જે બતાવે છે કે અ ને ભૂસી નાંખ્યો. पं. २३ वांचो प्रह्लादन.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાષાન્તર

ૐ ! સ્વસ્તિ !

(૧) જ્ઞાનહીન જનોનો દ્વૈતભાવ નાશ કરવા, જેણે પોતાનું અર્ધું અંગ ત્યાગ કર્યું છે અને બીજું અર્ધું વિષ્ણુના રૂપ જેવું જ કર્યું છે, જે ... ... નો જન્મ, જેનો કંઠ પ્રલય કાળના શ્યામ વાદળ સરખો છે અને જેના ભાલપર ચંદ્રની અર્ધલેખા રહેલી છે તે--ત્રણ લોચનવાળા દેવ (શિવ) તમારું રક્ષણ કરો.

(૨) અવન્તી નગરીનો જય હો !--જે નગરી ધનિકોનું સ્થાન છે, જે તેના રાજાઓના શૌર્યથી જગતનું રક્ષણ કરે છે અને શ્રુતિવિહિત માર્ગનું અનુગમન કરતા દ્વિજોનાં પવિત્ર અને ઉજ્જવળ જીવિતથી જે જગતને શુદ્ધ કરે છે અને જે સ્મરના આવેશથી શોભતા યુવાનોની ક્રીડાના પરિમલથી જગતને આલ્હાદ આપે છે.

(૩) આ શહેરમાં નૂતન મઠમાંથી તાપસ પ્રકટયો જે વિદ્યા અને તપ સંપન્ન, ધીરાત્મા ચપલીય ગોત્રનું ભૂષણ, નિર્વાણ માર્ગને અનુસરતો, અને જે પ્રતિદિન ચંડીશ(શિવ)ની પૂજા ખરા મનથી કરતો તે ચંડિકાશ્રમનો શ્રી ગુરૂપતિ થયો.

(૪) આ મુનિના શિષ્ય મહાતપસ્વી, વિદ્યા, વિવેક, અને વિનયના ભંડારરૂપ, અને ગુરૂઓની ભક્તિ કરનાર, વ્યસન રહિત વાકલરાશિ નામે ઋષિ હતા.

(૫) તેના પછી જ્યેષ્ઠજ રાશિ આવ્યો. અને તેના પછી ત્રિલોચન (શિવ)ની પૂજામાં એકચિત્ત અને શાંત મનનો તપસ્વી યોગેશ્વરરાશિ નામે હતો.

તેના પછી બન્ને લોકને પ્રકાશતા સૂર્ય સમાન, ક્રોધનું તિમિર હણવામાં અતુલ શ્રીમૌનિરાશિ, પ્રકટયો. આ સાધુની શિષ્યા તપસ્વીની અને વિજયશાલી યોગેશ્વરી ઉત્પન્ન થઈ, જે સાધ્વી, શાન્તિ, ક્ષાન્તિ અને દયા વગેરે ગુણોથી શૂલેશ્વરી સમાન હતી.

(૭) તેનો શિષ્ય દુર્વાસરાશિ. દુર્વાસા સમાન હતો; તે ઉગ્ર તપથી તથા પ્રતાપથી મુનિઓમાં અગ્રણી ગણાયો.

(૮) મલ રહિત ચપલ ગોત્રના મુનિઓનો અલંકાર સમાન તેનો શિષ્ય કેદારરાશિ ઉત્પન્ન થયો જે કલાથી વૃદ્ધિ પામનાર ઇન્દુ સમાન તેનાં વ્રત અને નિયમ પાલનથી હતો અને જેના સદાચારવાળા જીવિતનો યશ અખિલ જગમાં વિખ્યાત હતો.

(૯) જે કેદારરાશિએ ઇન્દ્રના ગુરૂ કોટેશ્વરના (શિવના) મંદિરનો વિશાલ જીર્ણોદ્ધાર કરાવ્યો અને આખા કનખલમાં ક્રૂરસબંધી ભવ્ય કામ શ્રદ્ધાથી કરાવ્યું. જેણે આ સ્થાનમાં કોટ બંધાવ્યો હતો, જે કોટ તેની ઉંચી દિવાલોથી નભમાં સૂર્યનો રથ કદાચ અટકાવશે એવો લાગતો હતા અને જે કલિના પક્ષિસમાન ચલાયમાન ચિત્તને ભયભીત કરનારી જાળ જેવો લાગતો હતો.

(૧૦) જેણે અતુલનાથનું જૂનું નિવાસસ્થાનનું સમારકામ કરાવ્યું હતું, અને પોતાના યશની એક ઉચ્ચ પ્રતિમા સમાન કનખલનાથના અગ્ર સ્થાનમાં બે નવાં શૂલપાણિનાં ભવ્ય મંદિરો બંધાવ્યાં હતાં.

(૧૧) જેની ભગિની મોક્ષેશ્વરીએ જે પૃથ્વીપર શાન્ત અને બ્રહ્મચર્યપરાયણ હતી, તેણે શિવનું રમ્ય મંદિર બાંધ્યું.

(૧૨) કેદારરાશિએ કનખલશંભુના મંડપમાં, પ્રાચીન બૃહત્કીર્તિવાળા યજ્ઞોની ક્રિયામાં કરેલા યજ્ઞસ્થમ્ભના અનુકરણ જેવા શુદ્ધ શ્યામ પત્થરના સ્થંભની હાર બંધાવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(१३) જ્યાંસુધી અર્બુદ નાગ શ્રમ વિના નન્દિવર્ધનને પોતાની પીઠ પર ધારે ત્યાંસુધી આ કીર્તન જગમાં રહેશે.

(१४) વિખ્યાત લક્ષ્મીધરથી આ રચાએલી પ્રશસ્તિ, જ્યાંસુધી ઈશમાંથી પ્રકટ થતી ગંગાનાં સર્વોત્તમ જળનું વહન ભૂમિ કરે, જ્યાંસુધી વિષ્ણુ કૂર્મના રૂપમાં પૃથ્વીનું ધારણ કરે, જ્યાંસુધી ચંદ્રસૂરજનું અસ્તિત્વ રહે અને જ્યાંસુધી* આદિ કવિવરની વાણી અને વ્યાસની વાણી રહે ત્યાંસુધી ટકી રહો.

સંવત ૧૨૬૫, વૈશાખ સુદિ ૧૫ ને મંગળવારે; ચૌલુક્ય વંશના ઉદ્ધારક પરમભટ્ટારક, મહારાજાધિરાજ શ્રીભીમદેવના વિજયીરાજ્યમાં: જ્યારે મહું ઠાબૂ (?) શ્રીશ્રીકરણાદિ સમસ્તમુદ્રા અને પંચકુલનું કાર્ય કરે છે, જ્યારે ચન્દ્રાવતીનો નાથ માંડલિકોનો સ્વામી શ્રી ધારાવર્ષદેવ પૃથ્વીની રક્ષા કરે છે; જ્યારે શ્રીડુપ્રહ્લાદનદેવ-સર્વકલા અને શાસ્ત્રોમાં નિપુણ ને અતિ પૂજનીય કુમાર-યુવરાજ હતો તે સમયે કેદારરાશિએ આ કીર્તનની રચના કરી. (કોતરાયું) સૂત્ર પાલ્હણ કડીઆથી.

* વાલ્મીકિની રામાયણ ઠુ ધારાવર્ષનો નાનો ભ્રાતા પ્રહ્લાદનદેવ કવિ હતો અને તેણે ઘણાં સંસ્કૃત નાટકો લખ્યાં હતા. જુવો પી. ઓન સર્ચ ફોર સંસ્કૃત મેન્યુ. મુંબઈ. ૧૮૮૨-૮૩ પા. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રસ્તાવનામાં કહ્યું છે તે મુજબ આ સ્થળો, હાલના કાઠિઆવાડમાં સુરાષ્ટ્ર મણ્ડલ(હાલનો સોરઠ પ્રાન્ત)ની તથા વામનસ્થલી જે કાઠિઆવાડમાં જુનાગઢ સ્ટેટમાં હાલનું વંથળી છે, તેની નજીકમાં છે. પરંતુ ધર્મવર્દ્ધિકા એ કદાચ અણહિલવાડનું જ બીજું નામ હશે. વંશાવળીમાં આપેલાં સ્થળોમાં અવન્તી એ માળવામાં ઉજ્જયિનીનું બીજું નામ છે. શાકંભરી એ રાજપૂતાનામાં જયપુર સ્ટેટનું સંભર અથવા સાંભર માનવામાં આવે છે. (ઇ. એ. વો. ૮ પા. ૫૯, નોટ ૬; અને વો. ૧૦ પા. ૧૬૧). સપાદલક્ષ પ્રદેશ એ ડૉ. ભગવાનલાલ ઇંદ્રજીએ પંજાબમાં સિવાલિક પર્વતોની હારનો પ્રદેશ કહ્યો છે. ઈ. એ. વો. ૧૦, પા. ૩૪૫; અને કાવી એ ભરૂચ ડિસ્ટ્રિકટનું હાલનું કાવી જણાય છે.

આ લેખની તારીખ ૧ થી ૪ પંક્તિમાં શબ્દ અને દશાંશ સંખ્યાઓમાં આપી છે, તેની વિગતઃ—વિક્રમ-સંવત ૧૨૬૬,-ચાલુ અથવા પૂરું થયેલું તે ચોકકસ બતાવ્યું નથી,—અને સિંહ-સંવત ૯૬; માસ માર્ગ એટલે માર્ગશીર્ષ શુકલ પક્ષ; તિથિ ૧૪ તથા ગુરુવાર. તેની બરોબર અંગ્રેજી તારીખ ઈ. સ. ૧૨૦૮ અથવા ૧૨૦૯ માં, આપેલું વિક્રમ સંવત ઉત્તરનું અથવા દક્ષિણનું લઈ ચાલુ અથવા ગત જે પ્રમાણે લઈએ તે ઉપર આધાર રાખી, આવે છે. પ્રોફેસર કે. એલ. છત્રેનાં ટેબલ ઉપરથી નીચે પ્રમાણે આવે છે.

દક્ષિણ(અને ઉત્તર)નાં વિક્રમ સંવત ૧૨૬૬, ચાલુમાં માર્ગશીર્ષ શુદ ૧૪, ૨૩ મી નવેંબર ઈ. સ. ૧૨૦૮ રવિવારે અણહિલવાડ માટે સૂર્યોદય પછી ૫ ઘડી અને ૫૮ પળે પૂરી થઈ. અને દક્ષિણનાં (અને ઉત્તરનાં) ચાલુ વિક્રમ સંવત ૧૨૬૭(૧૨૬૬ ગત)માં માર્ગશીર્ષ શુદ ૧૪—જે તિથિ જોઈએ છે તે મુજબ, ઈ. સ. ૧૨૦૯ ના નવેંબર તા. ૧૨ તે ગુરૂવારે આશરે ૨૨ ઘડી અને ૩૧ પળે પૂરી થઇ એટલે લેખમાં આપેલી તારીખની બરોબર આ યોગ્ય અંગ્રેજી તારીખ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

अक्षरान्तर[1]

पतरूं पहेलुं.

१ ॐ स्वस्ति श्रीमद्विक्रमनृपकालातीत संवत्सरैं शतेषु द्वादशसु षटषष्ट्यधिके
२ षु लौकिकैं मार्गमासस्य शुक्लपक्षचतुर्दश्यां गुरुदिने अत्रांकतोः पि[2] श्री-
३ विक्रमसंवत् १२६६ वर्षे सैंसिंहसंवत् ९६ वर्षे लौकि० मार्ग शुदि १४
गुराव-
४ स्यां संवत्सरमासपक्ष द्विनवारपूर्वायां तिथावद्येह श्रीमदणहिल्लपाटके सम-
५ स्त राजावली विराजित परमभट्टारक महाराजाधिराज परमेश्वरश्रीमूलराज-
६ देवपादानुध्यात परमभट्टारक महाराजाधिराज परमेश्वर श्रीचामु(*)डराजदेव-
७ पादानुध्यात परमभट्टारक महाराजाधिराज परमेश्वर श्रीदुर्लभराजदेव पादा-
८ नुध्यात परमभट्टारक महाराजाधिराज परमेश्वर श्रीभीमदेवपादानुध्यात प-
९ रमभट्टारक महाराजाधिराजपरमेश्वर त्रैलोक्यमल्ल श्रीकर्ण्णदेवपादानु-
१० ध्यात परमभट्टारक महाराजाधिराज परमेश्वरावंतीनाथ वर्वरकजिष्णु सिद्धव-
११ क्रवर्त्ति श्रीमज्(ज्ञ *)यसिंहदेव पादानुध्यात परमभट्टारक महाराजाधिराज
परमे-
१२ श्वर प्रौढप्रतापचतुर्भुजाविक्रमरणांगणविजित णकंररीभूपाल श्री-
१३ कुम्(।×)रपालदेव पादानुध्यात परमभट्टारक महाराजाधिराज परमेश्व-
१४ र कलिकालनिक्ब(प्क)लंकावतारित रान्व(म)राज्यप्राप्ता(प्त)करदी
कृत सपा-

पतरूं बीजुं—प्रथम बाजु

१५ दलक्ष लक्ष्मापाल श्रीमदजयपालदेव पादानुध्यात परम भ-
१६ ट्टारक महाराजाधिराज परमेश्वर परमट्टारकैं आहवैं परा-
१७ भूत दुर्जय नागार्जुन काविरौंज श्रीमूलराजदेव पादानुध्या-
१८ त परमभट्टारक महाराजाधिराज परमेश्वराभिनव सिद्धराज-

---

१ असल पतरां उपरथी २ चिह्नरूपे दर्शावेल छे. ते ज प्रमाणे लेखने छेडे; परंतु चिह्न आंहिना जेवुं नथी. ३ आ र शब्द प्रथम भूलाई गयो हतो अने पाछळथी उमेरवामां आव्यो छे. ४ वांचो षट्षष्टय० ५ अहीं लघुरूपनी निशानी कहाय अेम भतावती होय के आ शब्दने बदले लौकिक गणनया अेवो कोई शब्द हशे. ६ आंकतोपि ७ वांचो श्री ८ आंहि वापरेल द् नुं रूप सामान्य रीते ध् ने माटे वपराय छे. ९ वांचो शाकंभरी १० आ टाईटल आगळ आवी गयो छे अने नकामो फरी वापरेलो छे. ११ वांचो भट्टारकावह १२ विक्रम संवत् १२१३ नां दानपत्रमां (ध. अे. वो. ६ पा. १९८ पं. १०-११) अने अन्य स्थळे डो. ब्युल्हरे गर्जनकाधिराज पाठ तथा तरजुमो 'गझनीना राजा' प्रसिद्ध करेल छे. परंतु आ दानपत्रमां मे आपेलुं वाचन तद्दन स्पष्ट छे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

१९ देव वोलै नारायणावतार श्रभिीमदेवकल्याणविजयराज्ये[।*]
२० तत्पादपद्मोपजीविनि महामात्य श्रीरत्नपाले श्री श्रीकरणा-
२१ दौ समस्तमुद्राव्यापारानुपरिपंथयतीत्येवं काले प्रवर्त्तमाने
२२ अस्य प्रभोः प्रसादावाप्तपत्तलयौ भुज्यमान श्रीसुराष्ट्रमंडले
२३ महौ० प्रति० श्रीसोमराजदेवे कृ(त)न्नियुक्त वामनस्थली श्रीक-
२४ र्णे महं० श्री सो(शो)भनदेव प्रभृतिपंचकुलप्रतिपत्तौ शासनम-
२५ भिलिख्यते यथा । प्राग्वात् ज्ञातीय महं० वालहरासुत महं०-

पतरूं बीजुं—बीजी बाजु.

२६ महिपालेन घंटेलाणा ग्रामे दक्षिण दिशु(शा)भागे कारापित् (।॰) वापी तथा
२७ प्रपायां च संजातभरितायां तिथौ नागरज्ञातीय दु०पारास(श)रसुत दु०-
२८ माधवाय घंटेलाणा ग्रामे वापी प्रतिव(ब)द्ध क्षेत्रं भूमिपाँश वृसंख्या-
२९ यां पाश ९० पंचाशत(त्) पाशा(ः॰) । अस्याघाटा [यथा ÷] । पूर्वतो
ज्यो०ं सुमचंड क्षेत्र(÷ ×) ।
३० तथा सोपडीनाम नदी सीमा[।÷] दक्षिणतोपि सोषडीनाम नदी सीमा । पश्चिम-
३१ तो रौ०ं वेदगर्मसक्त(त्क) क्षेत्र(÷॰) सीमा । उत्तरतो राजमार्ग्ग(ः+)
सीमा । (॥)तथा प्रपाक्षे-
३२ त्रं द्वितीयं तथा ग्रामे उत(त्÷)रादिशायां वा(य॰)व्य कोणश्रितभूमिपाशवृसंख्या-
३३ यां पाश १०० शतमेकं । अस्य च आघाटा यथा। पूर्वतो राजकीय भूँमीसीमा* ।
३४ दक्षिणतो मेह० सोलूयौ क्षेत्र भूमी सीमा । पश्चिमतो भूह डाग्रामसीमा
३५ यां सीमा । उत(त्त् ÷)रतो वहणि सीमायां सीमा । (॥) तथा आकवर्लाया
ग्रामे ग्रामात्
३६ उत(त्)र दिशि(शा)भागे भूमिखंड १ संख्यायां वृ० पाश १०० शतमेकं । अस्य च
३७ आवाटा [यथा+] । पूर्वतो साकलीग्रामसीमायां सीमा । दक्षिणतो वरडा
सीमा । प-
३८ श्चिमतो घंटेलाणाग्रामस्योपरि गच्छमान मार्ग्ग[ः÷]सीमा । उत(त्त्)रतो व-
हणीसीमा [।॰]

---

१ बाल ने બદલે વાપરેલું वाल એમ સુધારો કરવો જોઇએ. वा નો वो કોતરનારના ભૂલથી થયો જણાય છે. २ કદાચ આપણે આ પાઠનો સુધારો पत्तलायां એમ કરવો ઘટે છે. પરંતુ એમ પણ સંભવ છે કે તે शब्द કોઇ બીજા અર્થમાં વપરાયો હોય તેને અંગે तृतीया विभक्ति साची होय. ३ એક જ હોદ્દો જોવો કે महाप्रतिहार બતાવવાનું ટૂકું રૂપ આ છે કે બે જૂદા જૂદા હોદ્દા જોવા કે 'महामात्य—प्रतिहार' બતાવે છે તે કહી શકાતું નથી. ४ એટલે महत्तर અથવા महत्तम ५ વાંચો प्राग्वाड् ज्ञातीय ६ આ ટૂકું રૂપ શા માટે છે તે કહેવા હું અસમર્થ છું. ७ એટલે वृत्तिः અથવા वृत्तम् ८ કદાચ જ્યોતિષ ९ रौत १० વાંચો भूमी सीमा ११ મેહરનો સંભવ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

३९ तथा भूहरडा ग्रामो[मे]पि भूमिख[÷ ×]ड १ संख्यायां वृ० पाश १०० शतमेकं । अस्य

पतरूं त्रीजुं

४० च आघाटा[यथा] पूर्वतो घांटेलाणाग्रामसीमायां सीमा । दक्षिणतो समडीया ग्राम सी-

४१ माय् [आ]म् [सीमा ÷] । पश्चिमतो तथा ग्रामीयवहणिसीमायां सीमा । उत[त्]रतो सीवलीया-

४२ वहणिसीमाया [÷]सीमा । एवं चतुराघाटविशुद्धा भूमि स्वसीमापर्यंत [÷]य-

४३ थाप्रसिद्धपरिभोज्या गृहाणा [÷ +]पल्लडीकासमेता खलकक [च् +]छक भूमो

४४ सहिताः अकरा निर्मला गोपथगोप्रचारसमेता उदकपूर्वधर्म्मेण पद-

४५ त्ता । [॥]एषा वापी तथा प्रपाच दु० माधवेन सदैव भरणीया । वापी[÷+] तथा प्रपा[÷+] च-

४६ दु० माधवेन भरमाणेन सता एपा भूमी ष[खं]डचतुष्टयसंख्याका आचं-

४७ द्रार्ककालं यावत[त्] संतानपरंपरया भोक्तव्या भोक्तारणीयार्थं ॥ जानीहिदत्तानि

४८ पुरा नरैंद्रै दानानि धर्म्मार्थयस[श]स्कराणि । निमाल्यवंते प्रतिमानि तानि को नाम

४९ साधु[:×]पुनारा दैदीत ॥ अत्रार्थे साक्षि ॥ वामँ श्रीसोमनाथदेवीयस्थानो० दुर्वासु ॥ श्री-

५० विसढेश्वरदेवमछि[ढे]त्यस्थाना[न]पति विम्वलज श्री केदारमठेत्यस्थाना० व्र(ब्र)ह्मजा । दे-

५१ वी श्री कपालेश्वरीस्ता[स्था]नीया स्थाना० क्षदजा स्थाना०यो० लाशासुतयो० वेदा ई[?]क्षा आ-

५२ लासुत ई[?]क्षा सावदेव । व्र(ब्र)ह्मपुरीय ई[?]क्षा । दिसिकेसिसुत०-ई[?]क्षी० छे डा । तथा व्रा[ब्रा]ह्मण-

५३ मद[धु]सूदनसुतपंडित० सोमरवि महाजनमोढ श्रेष्टि०[११] नानसुत० श्रेष्टि० सूपा । कल्य० श्रे-

५४ ष्टि०खेता । प्राग्वा०[१२] श्रेष्टिधरणिग श्रेष्टि०कुदासुत० गांदेव । गूर्ज०[१३] महाजन श्र् [ै +]ष्टि-

५५ यजके ॥ कूपं खलकं कस्थ[च्छ]कं गोपथं गोप्रचारं भोक्तव्यं च ॥ दूतकैः स्वयं ॥ धर्मवर्हि-

५६ कायां संचरितं चाज्ञातं ॥ छ ॥ श्रीः ॥ ॐ ॥

१ वांचो सहिता २ आंहि शो पाठ छे ते जणातुं नथी. ३ छंद धन्द्रवज्रा हमेशनुं वांचन पानीह छे. ४ वांचो नरेन्द्रैर्दानानि ५ वांचो निर्माल्यवान्त० ६ पहेलां न कोतर्यो हतो अने पछी तेमांथी त नो सुधारो करेलो छे ७ वामानस्थली ने बदले लघु ३५ वाम वपरायुं छे. ८ एटले स्थानाधिकारि अथवा स्थानापति (स्थानपति ने बदले) तेनी पछीनी पंक्तिमां छे तेम. ९ एटले कदाच योगिन् १० लघु रूपनो निशान ॥ अक्षरथी लघ्याई जणाय छे. ११ आंहि अने नीचे ज्यां आवे छे त्यां वांचो श्रेष्टि १२ एटले श्रीमाळ. १३ एटले गूर्जर अथवा वधारे संभवित गुर्जर १४ आ विसर्ग अधुरो कोतरेलो छे; मात्र तेनो नीचेनो भाग बराबर कोतरेलो छे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

२३ त्कीर्त्तिनारायणः ॥ [२३] ततं[1] प्रतिनिवृत्य तैत्प्रकृतभृत्यकर्म्मेत्ययः[4] प्रतापमिव नर्म्मदातटमनुप्रयात ≍ पुनः [।] सकोशलकलिंगवेंगिडहलौड्रक [।][5]-

२४ न्मालवां[6] विलम्ब्य निजसेवकैः[8] स्वयमबूभुजद्विक्रमः ॥ [२४] प्रत्यावृत्तः प्राप्ति-राज्यं विधेयं कृत्वा रेवामुत्तरं[11] विन्ध्यपादे [।] कुर्व्वन्धर्म्मान्कीर्त्तनैः पुण्य[वृ]-न्दैरध्यष्टात्तान्सो[12]

२५ चितां राजधानी[13] ॥ [२५] मण्डलेशमहाराजसर्व्वस्वं[14] यदभूद्भुवः । महाराज-सर्व्वस्वामी भावी तस्य सुतोजनि ॥ [२६] यज्जन्मकाले दैवज्ञैरादिष्ट(ष्टं) विषहो भुवं [।] भोक्तेति हि-

२६ मवत्सतुपर्यान्ताम्बुधिमेखलां[16] [॥ २७] योद्धारोमोघवर्षेण वद्धा ये व युधि द्विषः [।] मुक्ता ये विकृतास्तेषां भस्मतश्शृंखलोद्धृतिः ॥ [२८]तत ≍प्रभूतवर्ष-स्सन्स्वसंपूर्णम-

२७ नोरथः[।]जगतुंगस्स[17] मेरुर्व्वा भूभृतामुपरि स्थितः ॥[।] उद[ति]ष्ठदवष्टम्भं-भंक्तुं द्रविलभूभृतां[।]सजागरणचिन्तास्थमन्त्रणभ्रान्तचेतसां ॥[1] [३०] प्रस्था-नेन हि के-

२८ वलं प्रचलति स्वच्छादिताच्छादिता धात्री विक्रमसाधनैस्सकलुषं विद्वेषिणां द्वेषिणां [।]लक्ष्मीरप्युरसो लतेव पवनप्रायासिता यासिता धूलिर्न्नैव दिशो-

२९ गमद्विपुयशस्सन्तानकं तोनकं [॥ ३१] त्रस्यत्केरलपाण्ड्यचौलिकनृपस्संपल्लवं पल्लवं प्रम्लानिं गमयन्कलिंगमगधप्रायासको यासकः[।]गर्ज्जद्गुर्ज्जरमौशौ-[21]

३० शौर्यविलयो लंकारयन्नुद्योगस्तदनिन्द्यशासनमतस्सद्विक्रमो विक्रमः ॥ [३२] निकृतिविकृतगंगाशृंखलोवद्धनिष्ठां मृतिमयुरनुकूला मण्डलेशा स्वभृ-

३१ त्या[।] विरजसमहितेनुर्यस्य वाह्यालिभूमिं परिवृतिविष्टया वेंगिनाथोदयोपि ॥ [३२]राजामात्यवराविव स्वहितकार्यालस्यनष्टौ हठाद्दण्डेनैव नि-

३२ यम्य मूकवधिरावानीय हेलापुरे[।]लंकातच्छिल तत्प्रभुप्रतिकृती का(ष्ची)[ञ्ची] मुपेतौ[30] ततः कीर्त्तिस्तम्भनिभौ[33] शिवायतनके येनेह संस्थापितौ ॥[33][३४] या-

---

१ छंद भत्तेभविक्रीडित २ वांचो तत ३ वांचो प्रकृति ४ वांचो त्ययं ५ वांचो वंग (वेगि अथवा वेंगिनुं आंध्रराज्य अंहीं कदाच हशे.) ६ वांचो न्मालवान् ७ वांचो सेवकैः ८ वांचो मबूभुजद्वि ९ छंद पृथ्वी १० वांचो मुत्तरां ११ वांचो रध्यष्टात्तां स्वो १२ वांचो राजधानीं १३ छंद शालिनी १४ वांचो मण्डलेशोमहाराजः शर्व्वः स्वो १५ वांचो महाराजशर्व्वः १६ आ श्लोक तथा पछीना चार श्लोकनो छंद अनुष्टुप् १७ वांचो त्सेतुपर्यन्ताम्बुधि १८ वांचो बद्धा ये च १९ वांचो जगतुंग २० आंहीथी अनुक्रमे बे श्लोकनो छंद शार्दूल-विक्रीडित २१ वांचो मौलि २२ वांचो लंकारयन्कारयन्नुद्योगै २३ वांचो शृंखलाबद्ध २४ वांचो मण्डलेशाः स्वभृत्या. २५ वांचो मभितेर्ड २६ परिवृतिमनु २७ छंदमालिनी २८ वांचो वधिरा २९ वांचो लंकातः किल ३० वांचो मुपेते ३१ वांचो निभे ३२ वांचो संस्थापिते ३३ छंद शार्दूलविक्रीडित.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેમ જ વળી ભૂહરડા ગામમાં (પં. ૩૬) એક ખંડ નિપજવાળી ૧૦૦ પાશ ભૂમિ આપી છે. તેની સીમાઃ—પૂર્વે ધણેલાણા ગામની હદ; દક્ષિણે સમડીયા ગામની હદ; પશ્ચિમે ગામ વહણની હદ; અને ઉત્તરે સીવલીયા ગામની વહણની હદ છે (પં. ૪૧)

" આ વાપી અને પ્રપા (પં. ૪૫) ને લગતું અર્ચ્ય માધવને શિર છે અને તેમ થાય ત્યાં સુધી માધવ અને તેનાં સંતાનોની પરંપરા આ ચાર ખંડ નીપજવાળી જમીન ભોગવી શકશે.

" [પછી ૪૭ પંક્તિમાં આશીર્વાદાત્મક અને શાપ આપનાર એક શ્લોક છે. તે પછી દાન-પત્રના સાક્ષીઓનાં નામની યાદી આપેલી છે, જેમાં સોમનાથદેવનો સ્થાનાધિકારી અથવા સ્થાનપતિ દુર્વાસુ, વિસઠેશ્વર દેવના મઠનો સ્થાનપતિ વિશ્વલજ (પં. ૫૦) કેદાર દેવના મઠના સ્થાનાધિકારી બ્રહ્મજ, કપાલેશ્વરી દેવના મંદિરનો સ્થાનપતિ ક્ષદ્રજ (પં. ૫૧) બ્રહ્મપુરી ગામના ઈક્ષા (?) (પં. ૫૨) પ્રાગ્વાટ શ્રેષ્ઠિ ધરણીગ (પં. ૫૪); અને ગુર્જર મહાજન અને શ્રેષ્ઠિ યજકનાં નામોનો સમાવેશ થાય છે] "

" વાપી ખલક, કસ્થક અથવા કચ્છક, ગોપથ અને ગોપ્રચારક્ષેત્ર (ચરો) ભોગવટાનાં છે (પં. ૫૫) દૂતક ઠક્કાચ સોમરાજદેવ પોતે જ છે અને ધર્મવર્હિકામાં દૂતકથી આજ્ઞા અમલમાં મૂકાઈ છે અને ત્રાંબાના પતરા પર આજ્ઞાપત્ર લખાયેલ છે (પં. ૫૫)"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નં૦ ૧૬૩

શ્રીધરની દેવપાટણ પ્રશસ્તિ[1]

વિક્રમ સંવત ૧૨૬૩ વૈશાખ સુદિ ૪ શુક્રવાર (ઈ. સ. ૧૨૧૬ એપ્રીલ ૨૨ શુક્રવાર)

"નીચેનો લેખ, કર્નલ ટોડે પોતાના તેની "ટ્રાવેલ્સ ઈન વેસ્ટર્ન ઈન્ડીઆ" ગ્રંથના પૃષ્ટ. ૫૧૩ અને પછીનામાં અને મી. પોસ્ટન્સે જર્નલ. બૉ. બ્રા. રૉ. એ. સો. વૉ. ૨. પૃષ્ટ. ૧૬ અને પછીમાં જેનું અવલોકન કર્યું છે તે જ છે. આ બન્ને લેખકોના કથનાનુસાર તે વેરાવલ નજીક દેવપટ્ટન કે સોમનાથ પાટણમાં કાજીના ઘર નજીકના સ્તંભ ઉપર જડયો હતો. હાલ, જે શિલા ઉપર તે કોતરાયો છે તે તે શહેરના મોટા દરવાજાની જમણી તરફ કિલ્લાની દિવાલમાં બાંધેલી છે. કર્નલ ટોડ અને મી. પોસ્ટન્સ બન્ને મી. વાઘને એક વિદ્વાન જૈન ધર્મગુરુની સહાયથી અને રામદત્ત કૃષ્ણદત્ત પુરાણીએ સમક્ષ બનાવેલી નકલ પ્રમાણે તૈયાર કરેલા લેખનો તરજુમો જે કહેવાય છે તે આપે છે. મી. વાઘનનો તરજુમો અણહિલવાડના ચૌલુકય નૃપોના સંબંધમાં પરમ આશ્ચર્યકારક ટીકાઓથી પૂર્ણ છે, જેને સુભાગ્યે થોડું જ ધ્યાન અપાયું છે. આ હાલની આવૃત્તિ સ્વર્ગસ્થ પંડિત ગિરજાશંકર સામળજીએ તૈયાર કરેલાં રબ્બિંગ પ્રમાણે રજુ થઈ છે—જે મી. વી. જી. ઓઝાએ પ્રથમ કહેલા પ્રસિદ્ધ કર્તાને અક્ષરાન્તર, ગુજરાતી તરજુમો અને તેજ ભાષામાં કેટલીક સમજુતીની નોંધ સાથે પ્રગટ કરવા મોકલેલી.

રબ્બિંગ મુજબ શિલાનું માપ ૩૦ ઇંચ પોહળાઈમાં અને ૨૭ ઇંચ લંબાઈમાં છે; પાંચ ઇંચની જગ્યા નીચેના છેડાપર ખાલી મુકી છે. ઉપરના ડાબી તરફના ખૂણામાં એક ટૂકડો ભાંગી ગયો છે. લેખના અન્તમાં કોતરેલા ભાગો વધારે મોટા થતા હોવાથી જમણી બાજુમાંની ઘણી પંક્તિઓનો મોટો ભાગ અધોં અથવા પૂર્ણ ભૂસાઈ ગયો છે. કારીગરી (કૃતિ) સારી છે. પહેલી પંક્તિમાં અનુસ્વારોને, ત્રણ અર્ધ ચક્રોથી આવૃત કરી અતિ અલંકારિત કર્યા છે. તેના સૌથી ઉપરના અર્ધ ચક્રને માત્રાને મળતો એક લીટો જોડેલો છે એવા અન્તે બે સ્વસ્તિચિહ્ન છે જેમાનું બીજું સ્વસ્તિક છે. પહેલાનું નામ મને જાણીતું નથી. મથાળે બે નાનાં ચક્રવાળો અને મધ્યમાં એક ચક્રવાળો અને નીચે લગાડેલા ત્રિકોણવાળો લંબચોરસ છે. લિપિ ૧૩ મી સદીની સામાન્ય દેવનાગરી છે. ર્‌ એ ર્‌ અને ર્‌ નું કાર્ય કરે છે. અને જ્ય્‌ , ત્ત્વ, દ્ય ની જોડણી અચૂક જ્ય , ત્વ, અને દ્ય થઈ છે તે જાણવું જોઈએ. ૪૫ મા શ્લોકમાં હાલના ગુજરાતને મળતો ગૂર્જરાત્રા એ નવાઈ પમાડે તેવો શબ્દ છે. તે સુલ્તાનમાંથી સુરત્રાણ અને ઘજનવમાંથી ગર્જનકની પેઠે ગુજરાત શબ્દમાંથી બનાવી કહાડ્યો છે. ગુજરાત એ કદાચ ગુર્જર અથવા ગુર્જર જાતિનાં નામને એરેબીક સમૂહવાચક પ્રત્યય આત્ ઉમેરી થએલી મિશ્રણ ક્રિયા છે.

પહેલા અને છેલ્લા શબ્દો સિવાય લેખનું—જે આખો છંદોબદ્ધ છે—તેનું લખાણ નીચે પ્રમાણે છે:—

(૧) મંગલ, શ્લો. ૧-૩ પહેલો શિવનું પરબ્રહ્મ સાથે અભિજ્ઞાન કરાવી તેને ઉદ્દેશે છે.

(૨) ક્ષયના અસહ્ય વ્યાધિમાંથી મુક્તિ અર્થે ઇન્દુએ કરેલી મંદિરની અને સોમનાથનગરની પ્રશસ્તિ, શ્લો. ૪-૫

(૩) અણહિલવાડના ચૌલુકય નૃપોની અને વરત્રાકુલ વંશના અમુક પુરૂષોની પ્રશસ્તિ શ્લો. ૬-૨૫

---

૧ એ. ઈ. વો. ૨ પા. ૪૩૭ ડો. જી બ્યુહલર અને વજેશંકર જી. ઓઝા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૪) દેવપટ્ટનમાં ઘણાં મંદિર બાંધનાર વિ. સં. ૧૨૭૩ માં વરત્રાકુલ વંશના પ્રતિનિધિ શ્રીધરની પ્રશસ્તિ. શ્લો. ૨૬-૫૧

(૫) વિમલ શિવ (?) મુનિ, જે શૈવોનો ધર્મ ગુરૂ અથવા મંદિરનો ગુરુ હતો એમ જણાય છે તેની પ્રશસ્તિ શ્લો. ૫૨-૫૭.

(૬) કવિતાનો (કાવ્યનો) કર્તા,—જેનું નામ ખોવાઈ ગયું છે તેની જાણ નવાં મંદિરોના અસ્તિત્વકાળ માટે પ્રાર્થના અને તેમના શિલ્પિ(નામ ખોવાયું છે)ની જાણ શ્લો. ૫૮-૬૦; અને તિથિ.

